ૐ ભૂર્ભુવઃ સ્વઃ । ૐ તત્સવિતુર્વરેણ્યં ॥ ભર્ગો દેવસ્ય ધીમહિ । ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ।

લેખક અને સંપાદક : પૂ. શ્રી. શાસ્ત્રીજી



# ગાયત્રી જ્ઞાન સુધા

પ્રકાશક — સાહિત્ય મુદ્રણાલય, સીટી મીલ કંપાઉન્ડ, અમદાવાદ-૨૨.

Scanned by CamScanner

# ગાયત્રી જ્ઞાન-સુધા

મા ગાયત્રીની કૃપાનું આલેખન

પૂ. શ્રી. શાસ્ત્રીજી

પ્રકાશક :

સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦૦૨૨

Scanned by CamScanner

પ્રકાશક :
સાહિત્ય મુદ્રણાલય, સીટી મીલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ,
અમદાવાદ–૩૮૦૦૨૨

સંવત ૨૦૩૪, શ્રાવણ

(સર્વ હક્ક લેખકને સ્વાધીન)

મૂલ્ય : ૭-૦૦

મુદ્રક :
વિષ્ણુપ્રસાદ સોમનાથ પંડયા,
સાહિત્ય મુદ્રણાલય, સીટી મીલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ–૩૮૦૦૨૨
ફોન : ૫૩૩૫૫ – ૫૨૪૯૫

Scanned by CamScanner




ૐ ભૂર્ભુવઃ સ્વ । ૐ તત્સવિતુર્વરેણ્યં ॥
ભર્ગો દેવસ્ય ધીમહિ । ધિયો યો નઃ
પ્રચોદયાત્ ૐ ।

Scanned by CamScanner

'યશ કલગીના સમભાગી'

સંદેશ દૈનિકના શુક્રવારના કોલમ

'અગોચર મનની અજાયબી'

દ્વારા મા ગાયત્રીના મહિમાની આધ્યાત્મિક સરિતા વાચકવર્ગમાં વહેવડાવવાનો યશ

તંત્રી

શ્રી ચીમનભાઈ પટેલ

અને

આ કોલમનું આયોજન કરનાર

'ડૉ. શ્રી કાંતી રામી'ને ફાળે જાય છે.

Scanned by CamScanner

# પ્રસ્તાવના

ગાયત્રી જ્ઞાન-સુધા પૂજ્ય શાસ્ત્રીજીનું આ તૃત્તીય પુસ્તક મા ગાયત્રીના બાળકોની જ્ઞાન પિપાસને સંતોષી, જિજ્ઞાસાને વિકસાવી સંપૂર્ણ શરણાગતિથી મંત્રજાપ કરવાના રાહ પર લાવી મૂકે છે.

'આશિષનું અમૃત' અને 'ગાયત્રી જ્ઞાન અને મહિમા' પુસ્તકોનું આગવું વક્તવ્ય છે. પ્રત્યેક પુસ્તક સ્વતંત્ર માર્ગદર્શક અને પ્રેરક છે.

સંગમયુગમાં જ્યારે કળીયુગના અંતની ઘડીઓ ગણાઈ રહી છે અને સતયુગના આગમનની ઉષા પ્રગટી રહી છે તેવા આ સંગમયુગમાં મહામંત્ર ગાયત્રીનું શરણું સ્વીકારવાનું પૂજ્ય શાસ્ત્રીજીનું સંસારના સઘળા બાળકોને અનુમોદન છે.

"જ્ઞાતિ જાતિ અને ધર્મના વાડા મિટાવી સંપૂર્ણ શરણાગતિથી ગાયત્રી મંત્રજાપનું સ્મરણ કરો." આ જ સંદેશ પૂજ્ય શાસ્ત્રીજી આપે છે આપણે સૌ તેને સંપૂર્ણપણે અપનાવીએ અને 'સ્વ' અને સંસારની ઉન્નતિના સહભાગી બનીએ.

કે. એન. પરીખ

Scanned by CamScanner

# પૂજ્ય પિતાશ્રીને અર્પણ



પૂ. શ્રી બાપુલાલ દામોદર દવે
જેના તેજથી પ્રગટી સંસ્કાર-શિક્ષણ મેં લીધા
તે તાતને ચરણે ધરું "ગાયત્રી જ્ઞાન-સુધા"

Scanned by CamScanner

# પૂજ્ય શાસ્ત્રીજીનો આદેશ

ગાયત્રી માતાનાં વ્હાલાં બાળકો,

ત્રિપદા ગાયત્રી મહામંત્રનું રટણ, સંપૂર્ણ શરણાગતિની ભાવનાથી મા બાળકનો સંબંધ કેળવી ગાયત્રીમંત્રજાપની ૩ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

આધિ, વ્યાધિ ઉપાધિમાંથી માનસિક શાતા મેળવવાની આ એક અમૂલ્ય ચાવી છે. સંસારમાં મનુષ્ય દેહ ધારણ કરી અવતર્યા છીએ એટલે કર્મના ચક્રમાં ફરવું પડે છે અને સારાં માઠાં સંચિત અને પ્રારબ્ધ કર્મનો અનુભવ સુખદુ:ખના પરિણામરૂપે કરવો પડે છે. સુખ અને દુ:ખની માત્રા મનુષ્યના માનસિક પરિબળ ઉપર આધાર રાખે છે, મનુષ્યની સહનશક્તિ ઉપર આધાર રાખે છે.

પરમાત્માની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારનારને સુખદુ:ખની વધતી ઓછી માત્રા બહેકાવી શકતી નથી. ગાયત્રી મહામંત્રનું અહર્નિશ રટણ આપના જીવનપથનું માર્ગદર્શક બની સાચો રાહ બતાવશે. આપની જીવન સંજીવની બની રહેશે.

વ્હાલા બાળકો, મારું સ્પષ્ટ મંતવ્ય છે કે ગાયત્રી મહામંત્રનો જાપ કરવાનો સર્વને અધિકાર છે. આ મહામંત્ર જ્ઞાતિ, જાતિ અને ધર્મના બંધનોથી પર છે. વિધિ વિધાનની બાહ્ય જટિલ પળોજણમાં પડયા વગર સંપૂર્ણ શરણાગતિથી મંત્રજાપ કરો.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ।**
**ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ॥**

Scanned by CamScanner

# પૂજ્ય શાસ્ત્રીજીનું ઉપાસકોને
# માર્ગદર્શન

૬ સપ્ટેમ્બર ૧૯૭૬થી પૂ. શાસ્ત્રીજીએ મા ગાયત્રીના આદેશથી લોકસેવાના કાર્યયજ્ઞનો આરંભ કર્યો. વિના મૂલ્યે લોકસેવાનો ભેખ ધરી આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત કંઈ કેટલીયે વ્યક્તિઓના દુ:ખદર્દ મીટાવી કાર્યયજ્ઞમાં આહૂતિ આપી છે.

તેઓશ્રીના કાર્યયજ્ઞમાં કંઈ લાખો માણસોએ ભાગ લીધો હશે. વ્યક્તિગત રીતે આપેલ માર્ગદર્શન જે સામૂહિક રીતે ઉપયોગી નીવડે તેનું તારણ અત્રે પ્રશ્નોત્તરના રૂપે રજૂ કરેલ છે.

સ– પૂ. શાસ્ત્રીજી, ગાયત્રી એટલે શું ?

જ– ગકારો ગતિદ: પ્રોક્ત અકારો વિષ્ણુ સ્વયમ્ ।
ત્રસ્ત્રાતા ચ તથા વિદ્ધિ ઈકાર ઈશ્વર: સ્વયમ્ ॥

ગ– ગતિ આપનાર.

અ– વિષ્ણુનું પરમપદ

ત્ર– રક્ષણ કરનાર

ઈ– સાક્ષાત ઈશ્વર. પરબ્રહ્મમાં ગતિ કરાવે છે. ગતિ કરી રક્ષણ કરે છે તે ગાયત્રી કહેવાય.

૨ ગા– સર્વ ગામિની શક્તિ

યત્રી– નિયમન કરનાર

અર્થ–પરબ્રહ્મની સર્વવ્યાપી શક્તિ જે સર્વત્ર ગમન કરે છે અને ક્રિયા માત્ર છે તેને જે નિયમનમાં રાખે છે તે ગાયત્રી.

સ– ત્રિપદા ગાયત્રી એટલે શું ? ગાયત્રી સર્વથી શ્રેષ્ઠ શા માટે ?

જ– ત્રિપદા નામ ગાયત્રી બ્રહ્મવિદ્યા પુરાતની ।
સસ્તનાપિ ગુણાતીતા પ્રણવ ત્રય સંયુતા ॥



Scanned by CamScanner

ત્રણ પ્રણવ સાથે ત્રણ પદવાળી ગાયત્રી એ પુરાતની બ્રહ્મ વિદ્યા છે એ સગુણ હોવા છતાં પણ ત્રણ ગુણોથી પર નિર્ગુણ છે.

યથાં ચ મધુ પુષ્પેભ્યો ધૃતં દુગ્ધર સાત્પય : ।
એવં સર્વ વેદાનાં ગાયત્રી સાર મુચ્યતે ॥

જેવી રીતે ફૂલોમાંથી મધ, દૂધમાંથી ઘી તેવી રીતે સર્વ વેદોનો સાર ગાયત્રી છે.

ગાયત્રી વેદ જનની ગાયત્રી પાપનાશિની ।
ગાયત્ર્યાસ્તુ પરં નાસ્તિ દિવિયેહ ચ પાવનમ્ ॥

ગાયત્રી વેદમાતા છે, પાપનો નાશ કરનાર છે ત્રિલોકમાં ગાયત્રીથી મહાન બીજું કોઈ નથી.

"ગાયત્રી છંદ સામહમ્ ।"

શ્રીકૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે "વેદોમાં હું ગાયત્રી છું. ગાયત્રી મારું સ્વરૂપ છે."

ગાયત્ર્યાં વર્ણ મેકૈકં સાક્ષાત્ દેવ સ્વરૂપમ્ ।
તસ્મા દુચ્ચારણાન્તસ્ય ત્રાણમેવ ભવિષ્યતિ ॥

ગાયત્રી મંત્રનો એક એક અક્ષર દેવસ્વરૂપ છે, તેનો ઉચ્ચાર કરતાં જ ઉપાસકનો ઉદ્ધાર થાય છે.

ગાયત્રીના ૨૪ અક્ષરો ૨૪ બીજ શક્તિઓ છે ૨૪ માતૃકાઓની મહાશક્તિઓના પ્રતીક છે. એ બધાંની ગૂંથણી એવા વૈજ્ઞાનિક ક્રમમાં થઈ છે કે આ મહામંત્રનો ફક્ત ઉચ્ચાર કરવાથી શરીરના જુદા જુદા ભાગોમાં રહેલી ૨૪ મહાન શક્તિઓ જાગૃત થાય છે.

સ– ગાયત્રી મહામંત્રના ત્રણે ચરણનું ઉચ્ચારણ કરવું જરૂરી છે? આખો મંત્ર ન બોલીએ, અને "ૐ ભૂભુર્વ: સ્વ:" કે ગાયત્રી મા, ગાયત્રી મા, કરીએ તો ચાલે?



Scanned by CamScanner

જ– ગાયત્રી મહામંત્રના ૨૪ અક્ષરોનું ઉચ્ચારણ કરવાથી શરીરની ૨૪ શકિતઓમાં એક પ્રકારનો સંગીતમય ગુંજારવ ઉત્પન્ન થાય છે જે સાધકને યોગ–શક્તિ, દિવ્ય શક્તિ સંપન્ન બનાવે છે. સાધકની હૃદયની મલિનતાનો પરદો હટાવે છે.

ગાયત્રીમંત્રના ૨૪ અક્ષરનો ક્રમ અને ઉચ્ચારણ વાતાવરણમાં પવિત્ર અને શાંતિદાયક પ્રભાવ પ્રગટાવે છે. ઉપાસકના સૂક્ષ્મ મસ્તિષ્ક પર એનો અપ્રતિમ પ્રભાવ પડે છે.

સ– ગાયત્રી માતાને પાંચ મુખો શા માટે ?

જ– ગાયત્રીના પાંચમુખોમાં અસંખ્ય રહસ્યો અને તત્વો છૂપાયેલા છે.

અ. ગાયત્રી મંત્રના પાંચ ભાગ–

૧. ૐ
૨. ભૂર્ભુવઃ સ્વઃ
૩. તત્સવિતુર્વરેણ્યમ્
૪. ભર્ગો દેવસ્ય ધીમહિ
૫. ધિયો યોનઃ પ્રચોદયાત્ ।

બ. પાંચ દેવતાઓ ગાયત્રીના શકિત કેન્દ્રો કહેવાય છે.

ૐ એટલે ગણેશ
વ્યાહૃતિઓ એટલે ભવાની
પ્રથમ ચરણ એટલે બ્રહ્મા
બીજું ચરણ એટલે વિષ્ણુ
ત્રીજું ચરણ એટલે મહેશ

ગણેશ, ભવાની, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ પાંચ પ્રસિદ્ધ દેવતાઓ ગાયત્રીના શક્તિ કેન્દ્રો કહેવાય છે.

ક. ચાર વેદ અને પાંચમો યજ્ઞ એમ ગાયત્રીના પાંચ મુખ જેમાં સઘળું જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ, કર્મ બીજરૂપે કેન્દ્રિત થયેલું છે.

ડ. આત્માના પાંચ કોષો છે. જેમાં જીવ બંદિવાન થઈ ગયો છે.

અન્નમય કોષ



Scanned by CamScanner

પ્રાણમય કોષ
મનોમય કોષ
વિજ્ઞાનમય કોષ
આનંદમય કોષ.

કોષ એટલે ખજાનો. આત્માના આ પાંચ કોષોમાં અમૂલ્ય અદ્ભુત ખજાનો છૂપાયેલો છે.

આ પાંચ કોષો સિદ્ધ કરવાથી અગણિત સુખસંપત્તિ મેળવી શકાય છે અને સ્વર્ગીય સુખની પ્રાપ્તિ થાય છે. યોગીલોકો, ઉપાસકો આ અનંત આનંદની પ્રાપ્તિ માટે જ તપ કરતા હોય છે. દેવતાઓ આ આનંદને માટે જ મનુષ્યદેહ ઝંખતા હોય છે.

પાંચ તત્વ
પાંચ કોષ
પાંચ જ્ઞાનેન્દ્રિયો
પાંચ કર્મેન્દ્રિયો
પાંચ પ્રાણ, ઉપપ્રાણ
પાંચ તન્માત્રા
પાંચ યજ્ઞ
પાંચ દેવ
પાંચ યોગ
પાંચ અગ્નિ

પાંચ અંગ, વર્ણ, સ્થિતિ, અવસ્થા, કલેશ વિ. અનેક પંચચક્રો ગાયત્રીના પાંચ મુખો સાથે સબંધ ધરાવે છે. એને સિદ્ધ કરનાર પુરુષાર્થી, વ્યક્તિ, ઋષિ, રાજર્ષિ, બ્રહ્મર્ષિ, મહર્ષિ અને દેવર્ષિ કહેવાય છે. આત્માની ઉન્નતિની આ પાંચ કક્ષાઓ છે ને પાંચ ભૂમિકાઓ છે. જે વ્યક્તિ જે ભૂમિકાને સિદ્ધ કરે તે તે કક્ષાનો ઋષિ બને છે.



Scanned by CamScanner

પુરાણમાં ભારત ભૂમિ ઋષિઓની ભૂમિ કહેવાતી જ્યાં ઋષિથી ઉતરતી કક્ષાનો કોઈ માણસ નહતો. કલિયુગમાં આ પંચતત્ત્વના અનાદરથી આત્મા ઋષિની કક્ષાએથી ગર્તામાં ધકેલાઈ ગયો છે.

સ. જપ અને ધ્યાન વચ્ચે શું ભેદ છે?

જ. જપ એ મંત્ર કે ઈશ્વરના નામનું પઠન છે.
ધ્યાન એ સગુણ ઈશ્વરના સ્વરૂપનું ચિંતન છે.
જપસહિત અને જપરહિત ધ્યાન હોઈ શકે છે.

સ. મંત્રજાપ કરતાં વખતે મનના વિચારો વધારે વેગ પકડે છે અને મનની એકાગ્રતા કેળવાતી નથી તો શું કરવું?

જ. દરરોજની ટેવથી જ ધ્યાન કેન્દ્રિત કરી શકાય. શરૂ શરૂમાં મનના વિચારોને કાબૂમાં રાખવા કોઈપણ સાધકને મુશ્કેલ બને છે. કોઈપણ કાર્ય માટે પ્રેમ, લગની, જવાબદારી હોય તો જ એકાગ્રતા કેળવી શકાય. આપણા બધાંનો લૌકિક અનુભવ હશે જ કે ઓફિસમાં કે ધંધામાં, અમુક વખતે એટલા બધા ગરકાવ થઇ ગયા હોઈએ છીએ કે આગળ–પાછળની પરિસ્થિતિનો આપણને ખ્યાલ રહેતો નથી. સમય અને સ્થળ પણ ઘણી વખતે તો ભૂલાઈ જવાય છે.

મંત્રજાપ કરતી વખતે ધ્યાન કેન્દ્રિત કરવા માટે નીચેનાં સૂચનો ખ્યાલમાં રાખશો :–

(૧) અલગ શાંત ઓરડો કે જગ્યા જ્યાં માણસોની અવર–જવર ન હોય.

(૨) ધૂપ–દીપ કરવો જેથી વાતાવરણ આહ્લાદક રહે.

(૩) બ્રાહ્મમૂહુર્તમાં મંત્રજાપ શરૂ કરો. સવારના ૪ થી ૭નો સમય ઉત્તમ કહેવાય છે.

(૪) માતાજીની–આરાધ્યદેવની મૂર્તિ કે ફોટો નજર સમક્ષ રાખો.



Scanned by CamScanner

(૫) આપને અનુકૂળ હોય તે આસનમાં સ્વસ્થ, ટટ્ટાર, મસ્તક ડોક તથા ધડ ટટ્ટાર રહે તેમ બેસો, ટેકો લઈને કે અઢેલીને બેસવું નહિ.

(૬) આંખો બંધ રાખો, સુગમતાપૂર્વક બે ભ્રુકુટિઓ વચ્ચેનો ભાગ ત્રિકુટિ પર ધ્યાન કેન્દ્રિત કરો. મૂર્તિ કે છબીની માનસિક કલ્પના કરવી.

(૭) એકલા રહીને જ બ્રહ્મ સાથે સંપર્ક સાધો.

(૮) મન સાથે ખેંચતાણ કરવી નહિ, શરીરને ઢીલું રાખવું.

(૯) અર્થપૂર્વક મંત્રજાપનું ઉચ્ચારણ કરવું.

(૧૦) હોઠ હલાવ્યા વગર માનસિક જપ કરવા પ્રયત્ન કરવો.

(૧૧) મનને શાંત કરો, વિચારોને રોકો.

(૧૨) મનને દબાવવા માટે ઉગ્ર પ્રયત્ન કરવો નહિ. મન વિચારોના વમળ સાથે એકદમ દોડાદોડ કરે તો થોડા સમય તેને તેમ કરવા દો, કે જેથી મનનો પ્રયત્ન પૂરો થઈ જાય ધીરે ધીરે વિચારો શાંત થઈ જશે અને મન તમારી આજ્ઞાની રાહ જોશે. મનને વશ કરવામાં સમય લાગશે. જેમ જેમ પ્રયત્ન કરતા જશો તેમતેમ તે તમને વશ થતું જશે.

(૧૩) ભગવાનના દિવ્ય ગુણો જેવા કે નિર્વિકાર, સર્વજ્ઞ, સર્વ–શક્તિમાન, શુદ્ધ, સર્વવ્યાપી પૂર્ણ વિ. ગુણોનું ચિંતન કરવું.

(૧૪) ઉત્તમ વિચારોને મનમાં આવવા દો. ભગવાનની છબીનું તથા મંત્રનું વારંવાર એકચિત્તે ધ્યાન કરો.

(૧૫) શરીરને વારંવાર હલાવવું કે ખંજવાળવું નહિ. સ્થિર બેસી ધીરે ધીરે શ્વાસ લેવો, ઢીલાં કપડાં પહેરવા.

(૧૬) પૂર્વાભિમુખ, દર્ભના આસન પર બેસી મંત્રજાપ કરવા.

(૧૭) ધ્યાન કર્યા સિવાય એક પણ દિવસ જવો જોઈએ નહિ. સાત્ત્વિક ખોરાક ખાવો, સાત્ત્વિક જીવન જીવવું.



Scanned by CamScanner

(૧૮) મન થાકી જાય ત્યારે થોડો આરામ કરવો, ખુલ્લી હવામાં જવું, વાતાવરણ બદલવું.

તમારા મનને માત્ર મા ગાયત્રી–ઈષ્ટદેવના વિચારોમાં જ નિમગ્ન રાખશો તો તમે જલદીથી નિર્વિકલ્પ અવસ્થા પર પહોંચી શકશો.

સ. સગુણ અને નિર્ગુણ ધ્યાન એટલે શું ?

જ. ભગવાનની મૂર્તિ કે છબીનું ધ્યાન કરવું તેને સગુણ ધ્યાન કહેવાય. શરૂઆતમાં ઉપાસકને સગુણ ધ્યાન જ માફક આવે છે. નિર્ગુણ ધ્યાનમાં પરમાત્માની અનન્તતા, નિત્યત્વ, શુદ્ધતા, બુદ્ધતા, સત્ય, આનંદ વિગેરે આદર્શ ભાવનાઓનું ધ્યાન કરવું. આ ભાવનાઓને તમારી પોતાની સાથે જ સંયોજીત કરો.

---



Scanned by CamScanner

# કર્મનો સિદ્ધાંત

"કર્મણ્યે વાધિ કારસ્તે મા ફલેષુ કદાચન"

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને કહ્યું કે તું કર્મ કર્યે જા. તું કર્મનો અધિકારી છે, ફળ આપવાનો અધિકાર મારો છે.

કર્મની ગતિ અતિ ગહન છે, અટપટી છે. સુખ અને દુઃખ એ કર્મનું ફળ છે.

દુન્યવિ દષ્ટિએ અતિ પાપી માણસ અતિ સુખ ભોગવે અને અતિ પુણ્યશાળી માણસ અતિ દુઃખી હોય, અરે અન્ન અને દાંતને વેર હોય–ખાવાનાં સાંસાં પડતા હોય ત્યારે સહજ રીતે જ ઈશ્વરમાંથી આપણી શ્રદ્ધા ડગી જાય છે. આપણને લાગે કે ભગવાન જાગે છે કે ઊંઘે છે. સૃષ્ટિના સંચાલનને કોઈ કાયદો કાનૂન લાગુ પડે કે નહિ. બસ બધું અંધેર જ ચાલે છે !

વ્હાલાં બાળકો, ભગવાનને ત્યાં સ્પષ્ટ ન્યાય છે. ભગવાનને ત્યાં દેર પણ નથી અને અંધેર પણ નથી, સૃષ્ટિ સંચાલનના કાયદા બહુ જ સ્પષ્ટ અને લાગવગશાહી વગરના છે.

કર્મના ચકડોળમાં ફરતી વ્યક્તિ કે જેને કર્મના સિધ્ધાંતનો ખ્યાલ નથી તે સામાન્ય રીતે ઈશ્વરને દોષિત ઠેરવે છે. આવી વ્યક્તિઓના સામાન્ય પ્રશ્નોનો પરિચય આપું તો—

૧. ગુરૂદેવ ! આ જન્મમાં કોઈપણ જાતનું પાપકર્મ કર્યું નથી છતાં પણ આ શારીરિક અસાધ્ય રોગ થવાનું કારણ શું ?
૨. ઘરમાં પત્નિ, બાળકો વિગેરે હોવા છતાં જરાપણ મનમેળ નથી કે માનસિક શાંતિ નથી.
૩. ઘરમાં આધ્યાત્મિક વાતાવરણ હોવા છતાં બાળકમાં આવા ગંદા સંસ્કારો ક્યાંથી ?
૪. આ દુઃખ ક્યાં સુધી ભોગવવાનું છે ?



Scanned by CamScanner

૫. એક જ માતાપિતાના બાળકોમાં એક ભાઈ મોટરગાડી, બંગલા અને દોમદોમ સાહ્યબીમાં જીવે છે જયારે બીજા ભાઈની પરિસ્થિતિ અતિ સામાન્ય છે, ત્રીજો ભાઈ ખોડવાળો અને રોગી છે. આવા આવા અનેક પ્રશ્નો મનુષ્યના જીવનમાં ઉદ્ભવતા હોય છે જે કર્મની ગતિ સાથે સંકળાયેલા છે.

મનુષ્ય–જીવન ત્રણ પ્રકારના કર્મો સાથે સંકળાયેલું છે.

ક્રિયમાણ કર્મ

સંચિત કર્મ

પ્રારબ્ધ કર્મ

**ક્રિયમાણ કર્મ** :– માણસ સવારથી રાત સુધી, જન્મથી મૃત્યુ પર્યંત જે જે કર્મ કરી તેનું ફળ ભોગવે તે બધાં જ ક્રિયમાણ કર્મ કહેવાય, ક્રિયમાણ કર્મ હમેશાં ફળ ભોગવીને જ શાંત થાય.

દા. ત. ભૂખ લાગી, ખાધું ભૂખ શાંત થઈ ગઈ.

અપશબ્દ બોલ્યા, વળતો અપશબ્દ મળ્યો.

**સંચિત કર્મ** :– કેટલાંક ક્રિયમાણ કર્મ તરત જ ફળ ન આપે પરંતુ ફળ પાકતાં વાર લાગે, કર્મનું ફળ પાકતાં વાર લાગે ત્યાં સુધી એ કર્મ સિલકમાં રહે સંચિત રહે. સમય આવ્યે તેનું ફળ પાકે.

દા. ત. પરીક્ષાનું પેપર એપ્રીલમાં લખ્યું અને રીઝલ્ટ જૂનમાં આવે.

બાજરી આજે વાવે તો ૯૦ દિવસે પાકે.

ક્રિયમાણ ફળ રૂપે દશરથ રાજાને શ્રવણના માબાપ દ્વારા લાગેલો શ્રાપ અમુક વખતે ફળ સ્વરૂપે પાકયો, રામચન્દ્રજીને વનવાસ જતાં વરહની આગમાં દેહ છોડયો. વિગેરે.

આમ દરરોજના અપરિપકવ ક્રિયમાણ કર્મ સંચિત થઈને કાળે કરી ફળ આપે તેને સંચિત કર્મ કહેવાય. ફળ આપવાની પ્રક્રિયા સુધી જે કર્મ સંચિત થઈને પડયું રહે તેને સંચિત કર્મ કહેવાય.



Scanned by CamScanner

**પ્રારબ્ધ કર્મ** :– સંચિત કર્મ પાકીને ફળ આપવા તૈયાર થાય તેને પ્રારબ્ધ કર્મ કહેવાય. જન્મજન્માંતરના સંચિત કર્મના ઢગ પાકીને ફળસ્વરૂપે તૈયાર થાય અને પ્રારબ્ધ રૂપી ફળ ભોગવવા શકિતમાન બને. પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે તેને અનુરૂપ શરીર, સગાં સબંધી, આપ્તજન, પતિ, પત્નિ, સંતાન, માતાપિતા વિગેરે પ્રાપ્ત થાય છે. મનુષ્યને જીવનકાળ દરમિયાન પ્રારબ્ધ કર્મ ભોગવવું જ પડે છે. અધૂરૂં રહેલું પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે મનુષ્યને જન્મજન્માંતરના ચક્રમાં ફરવું પડે છે. દરેક જન્મના સંચિત કર્મો પાકીને પ્રારબ્ધરૂપે ફળ આપવા તૈયાર થતાં જાય તેમ તેમ જીવને અનંતકાળ સુધી દેહ ધારણ કરવો પડે.

"પુનરપિ જનનં પુનરપિ મરણં"

આમ જન્મ મરણના ચકડોળમાં ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ કર્મના ચક્રાવામાં જીવને અટવાવું પડે છે અને જીવનો મોક્ષ થવા દેતાં નથી.

ક્રિયમાણ કર્મ જેટલાં અને જેવી રીતે કરો તેટલું જ અને તેવી રીતનું પ્રારબ્ધ નિર્માણ થાય, અને તેટલું જ પ્રારબ્ધ ફળ મળે જન્મ લેતી વખતે જેટલું સંચિત કર્મ પાકીને ફળ આપવા પ્રારબ્ધ બન્યું હોય તેટલું જ પ્રારબ્ધ કર્મ ભોગવવાને અનુરૂપ દેહ અને સગાંસબંધી મળે.

"રણરે સબંધે આવી મળે
સુત વિત દારા ને દેહ"

અને ઋણાનુંબંધ પૂરાં થતાં તુર્ત જ છૂટકારો થાય છે.

સ– પૂ. ગુરૂદેવ, જો આપણે પ્રારબ્ધ કર્મ પ્રમાણે જ ભોગવવાનુ હોય તો પછી પુરુષાર્થનું મહત્ત્વ કયાં આવ્યું ?

જ– લૌકિક દાખલો આપું તો પ્રારબ્ધ કર્મ પ્રમાણે તમને નોકરી મળી પરંતુ તેને નેકથી ટકાવી રાખવી તે પુરૂષાર્થ.

પ્રારબ્ધ પ્રમાણે તમને બંગલો, મોટરગાડી વિગેરે મળ્યું પરંતુ તેને સાચવી રાખવું તેનો સદ્ઉપયોગ કરવો તે પુરુષાર્થ, પ્રારબ્ધ



Scanned by CamScanner

કર્મ ભોગવવા તમે સાત્વિક કે દૂષિત રાહ અપનાવો તે તમારા પોતાના પુરૂષાર્થ ઉપર આધાર રાખે છે.

'Man is the architect of his own fortune'

સ– પૂ. ગુરૂદેવ, દેહ ધારણ કરી કર્મના ચક્રમાં જ જો ફરવાનું હોય તો પછી મોક્ષ કયારે અને કેવી રીતે મળે ? આપણે આ જન્મમાં કોઈ કર્મ જ ન કરીએ તો કર્મસંચિત થવાનો સવાલ જ ઉભો ના થાય અને પ્રારબ્ધ ફળ-રૂપે ભોગવવું ન પડે, અને દેહ પણ ધારણ કરવો ન પડે.

જ– જન્મથી મરણ પર્યંત ઐચ્છિક કે અનૈચ્છિક કર્મ તો કરવાં જ પડે છે. હા, ક્રિયમાણ કર્મ તમે એવાં કરો કે જે સંચિત કર્મમાં જમા થવા ન પામે, પરંતુ તાત્કાલિક ફળ આપીને શાંત થઈ જાય.

નીચેની પરિસ્થિતિમાં કરેલાં કર્મ સંચિત થતાં નથી.

૧. અભાન દશામાં

૨. મનુષ્યોત્તર યોનિમાં.

૩. નિષ્કામ ભાવે કરેલાં કર્મ.

૪. નિરાભિમાનપણે કરેલાં કર્મ.

૫. વિશ્વના કલ્યાણ માટે કરેલાં કર્મ.

૬. બાળક દશામાં કરેલાં કર્મ.

૭. ફરજની રૂએ કર્તાપણાના અભિમાન વગર કરેલાં કર્મ. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે.

નહિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્ ।
શરીર પાત્રાપિ ચ તે ન સિધ્યેત સકર્મણઃ ॥

કોઈપણ માણસ એક ક્ષણ પણ કર્મ કર્યા સિવાય રહી શકતો નથી તે કર્મ ના કરે તો તેની જીવન નાવ અટકી પડે.

સ– જન્મજન્માંતરના કર્મના ચક્રમાંથી માણસ બહાર જ ન આવી શકે–છૂટી જ ન શકે તો મોક્ષ કયારે મળે ?



Scanned by CamScanner

૪– ક્રિયમાણ કર્મને કંટ્રોલ કરવા અને પ્રારબ્ધ કર્મને ભોગવી લેવાં તે કદાચ મનુષ્યથી શકય બને પરંતુ સંચિત કર્મો કે જે ફળસ્વરૂપે પરિપકવ થયાં નથી અને જેનું ફળ ભોગવવાનું હજુ બાકી છે તેમાંથી છૂટવા માટે જ્ઞાનમાર્ગ એક અનોખું સાધન છે.

યથૈધાસિ સમિધ્ધોગ્નિ: ।
ભસ્મસાત્ કુરુતેર્જુન: ।
જ્ઞાનાગ્નિ: સર્વકર્માણિ ।
ભસ્મસાત્ કુરુતે તથા ॥

જીવને તેના બ્રહ્મ સ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન થાય એટલે ( અહમ્ બ્રહ્માસ્મિ) તેના સંચિત કર્મો બળી જાય અને મોક્ષના દ્વાર નજીક આવીને તે ઉભો રહે. પ્રારબ્ધ કર્મને સહજ રીતે ભોગવવા માટે ભક્તિ માર્ગ અપનાવવો જરૂરી છે.

જીવને સત્ ચિત આનંદ સ્વરૂપનું ભાન–જ્ઞાન કરાવવા માટે સાચા માર્ગદર્શનની જરૂર પડે છે.

કર્મબંધનમાંથી છૂટી અને મોક્ષ મેળવવા માટે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં ત્રણ માર્ગ બતાવ્યા છે.

ક્રિયમાણ કર્મ માટે– કર્મ માર્ગ.
સંચિત કર્મ માટે– જ્ઞાન માર્ગ.
પ્રારબ્ધ કર્મ માટે– ભક્તિ માર્ગ.

આમ પરમાત્માને પ્રાપ્ત કરવાના ઉપરોક્ત ત્રણ માર્ગો અનુક્રમે અર્જુને કર્મ માર્ગ દ્વારા, ઉદ્ધવજીએ જ્ઞાન માર્ગ દ્વારા અને વિદુરજીએ ભક્તિમાર્ગ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરી પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો.

---



Scanned by CamScanner

# ગાયત્રી ઉપાસના દ્વારા ઉપાસકોને થતા વિધવિધ અનુભવો

સંપૂર્ણ શરણાગતિથી મહામંત્ર ગાયત્રીના જાપ કરતાં કરતાં ઉપાસક મા ગાયત્રીનું સાંનિધ્ય પામવાની અને અનુભવવાની આકાંક્ષા રાખે છે.

રાજસિંહાસન પર બિરાજેલા રાજાની સમીપ જવા માટે અને તેની કૃપાદષ્ટિ પામવા માટે યાત્રીને રાજદરબારના દરવાજાથી માંડીને રાજસિંહાસન સુધીનો માર્ગ કાપતી વખતે સંત્રીઓ, દરબારીઓ અને વાતાવરણના ખાટામીઠા પ્રસંગોનો અનુભવ કરવો પડે છે, તેવી જ રીતે પરમાત્માને પામવા માટે મહામંત્રના જાપનો માર્ગ અપનાવી એ માર્ગમાં આવતાં ખાટામીઠા અને રોમાંચક પ્રસંગોનો અનુભવ કરવો પડે છે.

કુંડલીના ચક્રોની ગતિ વિધિનો અનુભવ બધાજ સાધક–ઉપાસકને ચીલાચાલુ રીતે થાય તેવું નથી ગત જન્મોની અધૂરી સાધનાનું કાર્ય આગળ ચાલુ થાય છે. દરેક જન્મમાં કુંડલીની જાગૃતિ માટે મૂલાધારથી જ શરૂઆત થાય એવું નથી. ગયા જન્મમાં જો સહસ્રાધાર સુધી જાગૃતિ થઈ હોયતો આ જન્મમાં તેનાથી આગળ કાર્ય ચાલુ થાય અને ધીમે ધીમે બ્રહ્મરંધ્ર સુધી પહોંચે.

ઘણા એવા સાધકો પણ છે કે આ જન્મમાં ઉપાસનાની શરૂ-આતમાં જ કુંડલીની જાગૃતિની ગતિવિધિનો અનુભવ કર્યા વગર જ પરમાત્માના તત્ત્વને પામે છે. એટલે કે પરમાત્માનાં દર્શન કરી શકે છે.

સ. પૂ. શાસ્ત્રીજી કુંડલીના ચક્રો કયા કયા તે જણાવશો ?

જ. ૧. મૂલાધાર જેનું શરીરમાં સ્થાન છે ગુદા.

| | | |
|---|---|---|
| ૨. સ્વાધિષ્ઠાન | ,, | લિંગ. |
| ૩. મણિપુર | ,, | નાભિ. |
| ૪. અનાહૃત | ,, | હૃદય. |
| ૫. વિશુદ્ધાખ્ય | ,, | કંઠ. |
| ૬. આજ્ઞાચક્ર | ,, | કપાળ–ભ્રૂમધ્ય |
| ૭. બ્રહ્મરંધ | ,, | તાળવા ઉપર. |



Scanned by CamScanner

સ્વર્ગની સીડીના સાત પગથિયાંની જેમ કુંડલીનીના ૭ ચક્રો છે. આત્માનો પરમાત્મા સાથે એકાકાર થાય તો આત્મા સીધો પરમાત્મા પાસે પહોંચી જાય છે તેને વચ્ચેના રસ્તાનો કે વિઘ્નોનો અનુભવ થતો નથી, જેવી રીતે રાજકુમાર સિંહાસન પર બેઠેલા રાજા (પોતાના પિતા) પાસે સીધો પહોંચી જાય છે.

સ. પૂ. શાસ્ત્રીજી આપને કુંડલીનીના ચક્રોની ગતિવિધિમાંથી પસાર થવું પડયું હતું ?

જ. નાજી, મારો પાસપોર્ટ સીધો (direct) હતો અને છે, એટલે મા ગાયત્રીના સાક્ષાત્કાર માટે મારે ચક્રોની ગતિવિધિમાંથી પસાર થવું પડયું નથી.

પરંતુ એવા ઘણા મા ગાયત્રીના બાળકો છે કે જેઓ સંપૂર્ણ શરણાગતિથી મા ગાયત્રીની ઉપાસના કરતાં કરતાં વિધવિધ આહ્લાદક અને આનંદ પ્રેરિત અનુભવો અનુભવે છે. થોડાક પ્રસંગો જણાવું છું.

## ૧. એક ઉપાસિકા બેનનો અનુભવ :—

૧૯૭૫માં મા ગાયત્રીનું અનુષ્ઠાન કરવાની ઈચ્છા કરી. સવાલક્ષનું અનુષ્ઠાન ૨૧ દિવસમાં પુરું કરવું હતું. ૧૦૮ મણકાની માળા મેળવવા માટે વિચાર કર્યો. કારણકે આંગળી છોલાય નહિં તેવા મણકા હોય તો સુગમ પડે. અનુષ્ઠાનના અગાઉના દિવસે સાંજે માતાજી તેમની ઈચ્છાને પામી ગયા હોય તેમ સુંદર માળા પૂજારૂમમાં પ્રસાદી રૂપે તેમના માટે રાખી હતી.

અનુષ્ઠાનના છેલ્લા પાંચ દિવસ દરરોજ છેલ્લી પાંચ સાત માળા બાકી હોય અને તેમના અંબોડામાં અને ખોળામાં ફૂલ પડે. મંત્રજાપ દરમિયાન તાળવામાં (બ્રહ્મરંધ્રમાં) રોમાંચક દબાણ લાગે, શરીરે આહ્લાદક રોમાંચની કંપારીઓ આવે.

અનુષ્ઠાનના છેલ્લા દિવસે માએ પ્રસાદી રૂપે ગાયત્રી માતાજીનો ફોટો અને મંત્ર આપ્યો.



Scanned by CamScanner

હાલમાં તેઓનું ૨૪ લાખનું પુરુશ્ચરણ ચાલે છે. પુરુશ્ચરણના પ્રથમ દિવસે તેઓશ્રીએ તેમના પૂ. ગુરૂદેવ (શાસ્ત્રીજી) ને તેમના કપાળમાં ચાંલ્લો કરતાં જોયા અને મા ગાયત્રી ૯–૧૦ વર્ષની બાળકીના રૂપમાં, ગાયત્રીમંત્રનું પીળા રંગનું ઉપરાણું ઓઢીને બાજુમાં ઊભા હતા. પ્રકાશનો પુંજ, દીપશીખા, શરીરમાં જુદી જુદી જગ્યાએથી રોમાંચની શરૂઆત અને આખા શરીરમાં કે શરીરના અમુક ભાગમાં વ્યાપી અદ્દશ્ય થઈ જવું. જુદી જુદી સુમધુર સુવાસ, વિ.નો અનુભવ થાય છે.

૨. **એક ઉપાસકભાઈનો અનુભવ.**

પતિપત્નિએ ભેગાં થઈને ૨૪ લાખ મંત્રજાપનું પુરુશ્ચરણ કરવાનું આદર્યું. પુસ્તકમાંથી માર્ગદર્શન મેળવી ગુરૂજીના આશીર્વાદ મેળવ્યા વગર મંત્રજાપ શરૂ કર્યા.

આ ભાઈને શરૂ શરૂમાં બહુજ બિહામણાં દશ્યો દેખાય, ઘરમાં બાળકો બીકના માર્યા ચીસાચીસ કરી મૂકે, રાતે શાંતિથી સુવાય નહિં. શારીરિક તકલીફો શરૂ થઈ. વિપત્તિઓથી કંટાળી જઈ ભાઈએ મંત્રજાપ છોડી દેવાનું નક્કી કર્યું પરંતુ તે અરસામાં અગોચર મનની અજાયબીનો લેખ વાંચી સરનામું મેળવી ભાઈ મને (શાસ્ત્રીજીને) મળ્યા. આંસુ સહિત આદ્રતાથી વિપદા વર્ણવી અને આશીર્વાદ અને આદેશ માંગ્યા, મેં તેઓને ધીરજ રાખી ડર્યા વગર મંત્રજાપ ચાલુ રાખવા જણાવ્યું અને આશીર્વાદ આપ્યા.

ગુરૂજીના આશીર્વાદના સહારે મંત્રજાપ ચાલુ રાખ્યા. બિહામણાં દશ્યો ધીમે ધીમે ઓછાં થઈ ગયાં, માનસિક શાંતિ મળવા લાગી. મંત્રજાપ દરમિયાન કમ્મર અને નીચેના ભાગમાં અસહ્ય દુ:ખાવો રહેતો, પરંતુ શાસ્ત્રીજીનું વારંવારનું માર્ગદર્શન અને આશીર્વાદ એક કવચની જેમ કામ કરવા લાગ્યા.

સાતલાખ જેટલા મંત્રજાપ થઈ ગયા પછી માનસિક શાતા વળવા લાગી. નાવ સ્થિર થયું હોય એમ લાગવા માંડ્યું.



Scanned by CamScanner

દીવાની જ્યોતિ, પ્રકાશનો પુંજ, પ્રકાશનો જુદો જુદો રંગ સૂર્યના ગોળામાં અલૌકિક આકૃતિ, હંસ, પૂ. શાસ્ત્રીજીના દર્શન મા ગાયત્રીના દર્શન અને વાત્સલ્યપૂર્ણ વાતચીત, આદેશ વિ.નો અનુભવ થવા લાગ્યો.

કુંડલીનીની જાગૃતિ થતી હોય તેમ આત્મા શરીરથી છૂટો પડી માના આદેશ પ્રમાણે વર્તવા લાગે. કરોડરજ્જુમાંથી શરીરની અંદર જઈ, સર્પાકાર રીતે પુચ્છ દબાવી સૂતેલ રીપુને પકડીને બહાર લાવવાનો અને તાળવામાં આવેલ તળાવમાં રીપુને નાખી દેવાનો. આ કાર્ય જાતેજ કરવાનું બીક લાગે ત્યારે ગુરૂજીને યાદ કરતાં તેઓ હાજર થયેલા દેખાય અને દૂર ઊભા રહી માર્ગ-દર્શન આપે.

કુંડલીનીના જુદા જુદા ચક્રો જાગૃત થતા હોય તેમ લાગે, માતાજી અને ગુરુજીની સાથે ગ્રહો, નક્ષત્રો, સૂર્ય, ચંદ્ર વિગેરે લોકની મુસાફરી, માની પ્રસાદી મળવી વિગેરે.

આ દંપતિનું પુરુશ્ચરણ હેમખેમ પરિપૂર્ણ થયું.

(૩) એક ઉપાસિકા બહેનને દરરોજ નિયમિત મંત્રજાપ કરતાં કરતાં થતા અનુભવો :—

પ્રકાશનો પુંજ દેખાવો, દીપશીખા એકદમ ઉંચી દેખાય, માતાજીનું ઝુમ્મર કોઈપણ જાતની હવા વગર હીલોળા ખાય, ફોટા પરનો માતાજીનો હાર ગોળ ગોળ ફરે, હીંચકા પર માતાજીના ઝુલવાનો અવાજ આવે, મીઠા અવાજે નામથી બોલાવે, જુદા જુદા સમયે જુદા જુદા અત્તરોની ખુશબો આવે પૂ. શાસ્ત્રીજીને ધ્યાનમાં જોવા, તેમના હૃદયકમળમાંથી પ્રકાશનો પુંજ નીકળતો દેખાય, ચળકતો હીરો બેસાડેલો દેખાય, શાસ્ત્રી-જીમાંથી માતાજીનું પ્રગટીકરણ દેખાય, હાથી, ઘોડા, વિકરાળ પશુઓ વિગેરે સમૂહમાં દેખાય. તાળવામાં મધુર દબાણ લાગે, આખા શરીરે આનંદિત રોમાંચ થાય.



Scanned by CamScanner

(૪) લકવો થયેલા એક બાળકને સ્વપ્નમાં આવીને શાસ્ત્રીજીએ કહ્યું કે, "મંત્રજાપ ચાલુ રાખજે, જીવનજળ નિયમિત લેજે, ચાલતો થઈ જઈશ." બાળકને પગે ઘણો આરામ છે.

(૫) એક ભાઈએ શાસ્ત્રીજીને સ્વપ્નમાં ગુસ્સાના રૂપમાં જોયા અને થોડી વાર પછી હાસ્ય વેરતા જોયા. કારણ વિચારતાં અને પૂ. શાસ્ત્રીજીને મળતાં જાણવાં મળ્યું કે ઘરમાં પત્ની સાથેનો અમાનુષી, અપમાનજનક વર્તાવ માતાજીને પસંદ ન હોઈ. ગુસ્સાનું રૂપ જોવા મળ્યું.

(૬) એક નાની બાલિકાને પરીક્ષાના અગાઉના દિવસોમાં સખત તાવ આવ્યો હતો. પૂ. શાસ્ત્રીજીનું જીવનજળ લઈ સૂઈ ગઈ. સ્વપ્નમાં તેને હંસ તળાવ પાસે આવ્યો. તળાવમાં ન્હાવા પડયો. બહાર નીકળી બાલિકાનું સ્વરૂપ થઈ ગયું, ફરી હંસ થઈ ઉડી ગયો. સવારે બાલિકાનો તાવ ઉતરી ગયો. પરીક્ષા સારી રીતે આપી શકી.

(૭) એક ઉપાસક ભાઈને દૈનિક ઉપાસના દરમિયાન પ્રકાશ, દીપક, ગણેશ, શીવજી, કૃષ્ણ, રામ, માતાજી, અંબાજી, ગુરૂદેવ-શાસ્ત્રીજી બીજા સંતપુરુષો વિગેરેનાં દર્શન થાય. જુદા જુદા આહ્લાદક સ્વર્ગીય દશ્યો દેખાય.

(૮) એક ભાઈને ઉપાસના દરમિયાન કમરથી ઉપરના ભાગમાં દુઃખાવો થાય, કંઈક કરોડરજજુમાંથી ઉપરના ભાગ તરફ ચઢતું હોય તેમ લાગે. કીડીઓની હારમાળા શરીર પરથી ચાલતી હોય તેમ લાગે. તંદ્રા અવસ્થામાં પૂ. માતાજી, શાસ્ત્રીજી વિગેરેનાં દર્શન થાય.

(૯) સુરતના એક ભાઈને ઉપાસના દરમિયાન સુંદર સુખડની સુવાસ આવે, કમરથી ઉપરનો ભાગ અનાયાસે પુષ્કળ પ્રમાણમાં ડોલવા લાગે, બે હાથથી મોટેમોટેથી તાળીઓ પડાય, હાથમાંથી ચામડી ઉખડી જાય કે લોહી નીકળવા લાગે ત્યાં સુધી આ પ્રક્રિયા બંધ કરી શકાય નહિ. પૂ. માતાજી, પૂ. શાસ્ત્રીજી, પૂ. બેન વિગેરેના



Scanned by CamScanner

દર્શન થાય. માતાજીનું શાસ્ત્રીજીમાં રૂપાંતર થાય અને શાસ્ત્રીજીનું માતાજીમાં રૂપાંતર થાય એટલે કે માતાજી એ જ શાસ્ત્રીજી અને બેનના રૂપમાં છે તેવો ભાસ થાય.

(૧૦) મુંબઈમાં એક બેનને ઉપાસના દરમિયાન પૂજારૂમમાં ઝુમ્મર, હાર વિગેરે હાલતાં દેખાય, સ્વર્ગનું આખું દશ્ય દેખાય, પૂજ્ય શાસ્ત્રીજી ઉચ્ચ આસને બીરાજેલા દેખાય, અપ્સરાઓ કિન્નરીઓ, વિગેરે તેમની તહેનાતમાં હોય, નીચલી બેઠકોએ બીજા સંતો દેખાય, શાસ્ત્રીજીનું રૂપાંતર પૂ. માતાજીમાં થઈ જાય અને પૂ. માતાજીને ત્યાં ઉચ્ચ સિંહાસને બેઠેલાં દેખાય.

(૧૧) એક ઉપાસિકા બેનને અમેરિકા તેઓ બીમાર થઈ જતાં ડોકટરોની સલાહ પ્રમાણે ઓપરેશન કરાવવાની તૈયારી હતી. તે બેને પૂ. શાસ્ત્રીજીને મા ગાયત્રીનો ફોટો લઈને હાસ્ય વદને તેમની પાસે બેસીને ધીરજથી વાતચીત કરતા જોયા. ઓપરેશન નહિ કરાવવું પડે તેવી હૈયાધારણા આપી અદશ્ય થઈ ગયા. ખરેખર તે બહેન ઓપરેશનની પીડામાંથી મુક્ત થઈ ગયાં.

---

# પૂ. શ્રી શાસ્ત્રીજીનું યજ્ઞકાર્ય

## યજ્ઞ એટલે શું ?

'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના તૃતીય અધ્યાયના ૯ થી ૧૬ શ્લોકોમાં તેમજ ચતુર્થ અધ્યાયના ૨૩ થી ૩૩ શ્લોકોમાં ગીતાકારે યજ્ઞ વિશે પોતાનું વિશિષ્ટ દષ્ટિબિંદુ પ્રસ્તુત કર્યું છે.

**यज्ञार्थात्कर्मणोन्न्यत्र लोकोऽयं कर्मबंधन ।**
**तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्गाः समाचर ॥** (અ. ૩ શ્લો. ૯)

હે કૌંતેય ! યજ્ઞ માટેનાં કર્મ સિવાય બીજા કર્મની બાબતમાં આ લોક કર્મના બંધનવાળો થાય છે, માટે હે અર્જુન ! આસક્તિ ત્યજીને તું તે (યજ્ઞો માટે) કર્મ કર.

માણસનું જીવન દેવોની ઘણી મદદને કારણે ટકી રહ્યું છે. તો માણસે પણ દેવોને પોતાનો અર્ઘ્ય આપવો જોઈએ. પોતે બીજા પાસેથી મદદ મેળવે અને બીજાને કશું ન આપે તો તે ચોર જ કહેવાય. માણસ પોતાની કોઈપણ વસ્તુ ઉપરનો ઉપભોગ કરવાનો અધિકાર છોડી દે, ત્યારે તે યજ્ઞ થઈ જાય છે. આવો યજ્ઞ પ્રત્યેક માણસે અવશ્ય કરવો જોઈએ એવો ગીતાનો આગ્રહ છે.

### યજ્ઞ એટલે મમત્વનો ત્યાગ :

ગીતા 'યજ્ઞ'નો અર્થ 'મમત્વનો ત્યાગ' એવો કરે છે. કર્મકાંડના યજ્ઞના મૂળમાં પણ આ જ અર્થ રહેલો છે. ગીતાકાર અમુક વ્યક્તિને અમુક ફળ મળે માટે યજ્ઞ કરવો એ કર્મકાંડની વાતને તદ્દન છોડી દે છે. યજ્ઞ વ્યક્તિને અનુલક્ષીને નહિ પણ સમષ્ટિને અનુલક્ષીને--સામાજિક કે વૈશ્વિક ભાવનાથી કરવો જોઈએ. અહીં યજ્ઞની આવશ્યકતા દેવોને રીઝવીને અમુક ફળ મેળવવા માટે નથી. દેવો તો આપે જ છે. તેમને આપણે પણ કંઈક અર્પણ કરીને આપણી કૃતજ્ઞતા પ્રદર્શિત કરવી અનિવાર્ય છે.



Scanned by CamScanner

**યજ્ઞ માણસનું આધ્યાત્મિક સત્ય :**

ગીતાના મત મુજબ યજ્ઞ બહારથી લાદવામાં આવેલી ફરજ નથી. માણસમાત્રનું આધ્યાત્મિક સત્ય છે. જે બીજાને માટે પોતાનું સઘળું હોમ્યા કરે છે તે તાત્ત્વિક દષ્ટિએ સ્વાભાવિક રીતે જ વર્તતો હોવાથી સાચા આનંદનો અનુભવ કરે છે કારણ કે આપવાની ક્રિયામાં માણસને ચૈતન્યનો અનુભવ થાય છે.

જગતનાં બધાં જ દ્રવ્યો માણસ ભોગવી લે તો તે દ્રવ્યો નાશ પામે છે પણ જેનો તે સમષ્ટિના શ્રેય માટે ત્યાગ કરે છે તે અનેકગણાં થઈને સૃષ્ટિમાં ફેલાય છે. પોતે ન ભોગવતાં બીજાને આપતો માણસ જીવાડે છે, એટલું જ નહિ પણ તેના મારફત અનેકને જીવાડે છે ને સમાજમાં સ્વાર્પણની ભાવના પ્રચલિત કરે છે. આમ જીવનને ભોગવી નાખવું તે જીવનનો સાચો ઉપયોગ નથી પણ તેમાંથી નવસર્જન કરવું તે તેનો સાચો ઉપયોગ છે.

આમ દરેક માણસે યજ્ઞ કરવો આવશ્યક છે પરંતુ દરેક માણસ એક જ જાતનો યજ્ઞ કરે–હોમ કરીને જ યજ્ઞ કરે–એ ગીતાને અભિપ્રેત નથી. પોતાના સંકુચિત હેતુ માટે પોતાની વસ્તુનો ઉપયોગ ન કરતાં જે તેને વિશાળ હેતુ માટે સમર્પી દે છે તે જ યજ્ઞ કરે છે.

**અધર્મનો ઉત્કર્ષ અને તેનું નિવારણ :**

ચતુર્થ અધ્યાયમાં સાતમા શ્લોકમાં કહ્યું છે :

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।**
**अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥**

જ્યારે જ્યારે ધર્મમાં ગ્લાનિ પ્રવર્તે છે. અધર્મનો ઉત્કર્ષ થાય છે અર્થાત્ અનિષ્ટ તત્ત્વો પોતાનું જોર જમાવે છે ત્યારે અધર્મનો નાશ કરવા હું યુગે યુગે અવતાર ધારણ કરું છું.

સામાન્ય રીતે અવતારનો કોઈ નિશ્ચિત સમય હોતો નથી પરંતુ ધર્મહાનિ અને પાપવૃદ્ધિ થાય ત્યારે સ્વરૂપમાં તેઓ અવતીર્ણ થાય છે. ઈશ્વર નિરંજન હોવા છતાં તે મનુષ્યરૂપે અવતરી શકે. એમાં અશક્યતા



Scanned by CamScanner

જેવું કંઈ નથી. ઈશ્વરની શક્તિ નિઃસીમ છે. આથી સન્માર્ગ અને સ્વધર્મનો ઉપદેશ આપવા તેઓ પોતે પૂર્ણતઃ કે અંશતઃ માનવ-સમૂહોમાં અવતરે, એમ માનવામાં કોઈ આપત્તિ નથી.

અહીં 'ધર્મ' શબ્દ વ્યાપક અર્થ ધરાવે છે. 'ધૃ' ધાતુથી ધર્મ શબ્દની વ્યુત્પત્તિ થાય છે એટલે धारयति इति धर्मः । જે તત્ત્વો વડે માનવસમાજ તંદુરસ્ત રીતે જીવી શકે તે બધાં તત્ત્વોને ધર્મ કહેવાય.

**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।**
**धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥**

સજ્જનોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે જન્મ લઉં છું.

લોકમાર્ગદર્શન માટે, ભક્તોને પોતાની દિવ્યલીલાનું આસ્વાદન કરાવવા માટે ઈશ્વર સાકારરૂપે પ્રગટ થાય એ ઈચ્છનીય છે.

**શ્રદ્ધામય ભક્તિ :**

વળી ગીતા તો એમ પણ કહે છે :

**ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।**
**मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥**

જેઓ જે પ્રકારે મારે શરણે આવે છે, તેમને તે રૂપમાં હું ભજું છું (ફળ આપું છું–મળું છું) બધા જ માનવો દરેક રીતે મારા જ માર્ગનું અનુસરણ કરે છે.

અહીં શ્રીકૃષ્ણ શ્રદ્ધામય ભક્તિને ઈશ્વરપ્રાપ્તિના સાધનરૂપે ગણાવે છે. ઈશ્વર સ્વયં નિરાકાર, સર્વવ્યાપી હોવા છતાં ભક્તોને મનોવાંછિત રૂપમાં દર્શન આપે છે. જે રીતે ઈશ્વર માટે ભક્ત વ્યાકુળ બને છે તેવી જ રીતે ઈશ્વર પણ ભક્ત માટે વ્યાકુળ બને છે.

**यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी ।**
**यज्ञानां जपयज्ञोऽस्मि ॥**

વિભૂતિઓનું વર્ણન કરતાં દસમા અધ્યાયના પચ્ચીસમાં શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે; यज्ञानां जपयज्ञोऽस्मि ।



Scanned by CamScanner

વિભૂતિ એટલે ઈશ્વરનું મૂર્ત સ્વરૂપ અથવા આ ભૌતિક જગતમાં એવા પદાર્થો કે જેમાં ઈશ્વરના સ્વરૂપની ઝાંખી થઈ શકે. વિભૂતિઓની ગણના એ નામ સંકીર્તનનો જ એક ભાગ છે. 'નામ સંકીર્તન' ભક્તિમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જપ એટલે ઈશ્વરના કોઈપણ એક નામનું પુનઃ પુનઃ ઉચ્ચારણ કર્યા કરવું તે. એમાં ભક્તને અનેરો આનંદ આવે છે. કારણ એથી ભક્ત અને ઈશ્વરનું સામીપ્ય પ્રસ્થાપિત થાય છે.

## ઈશ્વરના દૂતોનું આગમન :

અત્યારે આપણે એક પ્રકારના સંક્રાન્તિકાળમાં જીવી રહ્યા છીએ. કલિયુગની ઘડીઓ ગણાઈ રહી છે. દુનિયાનું નવસર્જન થવાની તૈયારી છે. પરમાત્માએ સાક્ષાત્ પૃથ્વી પર અવતરવાનું છે. પરમાત્માના આગમનની તૈયારી લોકમાનસમાં આધ્યાત્મિક પરિવર્તન લાવીને કરવાની છે. માનવજીવનનાં હ્રાસ થયેલાં મૂલ્યોની સંસ્થાપના કરવાની છે. અનેક પ્રકારનાં ફેલાયેલાં અનિષ્ટો–પ્રદૂષણોનો નાશ કરી ઈશ્વરને પ્રસ્થાપિત કરવાનું છે. એને માટે ઈશ્વરના દૂતોનું સૌ પ્રથમ આગમન થાય છે. એઓ આવાં પ્રદૂષણોનો નાશ કરી સૃષ્ટિના વાતાવરણને સ્વચ્છ, સુઘડ ને પવિત્ર બનાવે છે.

## ગાયત્રી ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી :

એ દષ્ટિએ આધ્યાત્મિક ક્રાંતિમાં ગાયત્રીઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજીનો ફાળો અમૂલ્ય છે. શૈશવકાળથી જ માબાપના સંસ્કારબળે અને યજ્ઞોપવિત ધારણ કરતાં જ એમણે ગાયત્રી ઉપાસનાનો આરંભ કર્યો. ગાયત્રી મહામંત્રના સંસ્કાર એમના લોહીમાં ભળીને એકાકાર થઈ ગયા છે. શાસ્ત્રીજી આમ તો ગૃહસ્થાશ્રમી છે તેથી એક ગૃહસ્થ તરીકે બજાવવી પડતી બધી જ જવાબદારી એમણે પણ અદા કરવાની છે. પરંતુ ઈશ્વરની ભક્તિ કરવા માટે સંસાર છોડવાની અનિવાર્ય આવશ્યકતા નથી સંસારમાં રહીને પણ સાંસારિક ફરજો બજાવતાં બજાવતાં પણ મા



Scanned by CamScanner

ગાયત્રીની એમણે સંપૂર્ણ શ્રદ્ધા ને પ્રાપ્તિભાવે આરાધના આરંભી. સંસારમાં રહેવા છતાં, સંસારથી સંપૂર્ણપણે વિમુખ થઈને, એઓ ઉત્તરોત્તર આરાધના કરતા જ ગયા અને અંતે મા ગાયત્રીની કૃપાનું શ્રેષ્ઠ માધ્યમ બન્યા. મા ગાયત્રી એમની ઊંડા અંતઃકરણની આરાધનાથી પ્રસન્ન થયાં. પૂ. શાસ્ત્રીજીને મા ગાયત્રીનો સાક્ષાત્કાર ઈ. સ. ૧૯૬૭ માં થયો ને ઉત્તરોત્તર એમાં વધારો થતો જ ગયો. મા ગાયત્રીએ શાસ્ત્રીજીને પોતાનું પ્રિય પાત્ર બનાવી એના માધ્યમ દ્વારા સમગ્ર ભારત–ગુજરાત તેમજ મહારાષ્ટ્રની જનતાને ગાયત્રી–અભિમુખ કરી.

## પૂ. શાસ્ત્રીજીની નિષ્કામ ઉપાસના :

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन–કર્મમાં જ તારો અધિકાર છે. ફળમાં નહિ. અર્થાત્ ફળની આસકિત ત્યજીને માણસે કર્મ કરવાં જોઈએ. ભકિત કરવી જોઈએ. ગીતાના આ નિષ્કામ કર્મયોગની વિભાવનાને શાસ્ત્રીજી સંપૂર્ણપણે અનુસર્યા છે. એમણે જયારથી ઉપાસનાનો આરંભ કર્યો ત્યારથી જ નિષ્કામભાવે સંપૂર્ણ શ્રદ્ધાથી મા ગાયત્રીની આરાધના કરી છે. એમાં સંસારના કોઈ ભૌતિક સુખની અપેક્ષા નહોતી કે અન્ય કોઈ કામનાની પૂર્તિ અર્થે પણ એમણે મા ગાયત્રીની આરાધના કરી નહોતી. તેથી જ માનવી જ્યારે નિષ્કામ ભકિત આદરે છે ત્યારે એની મહત્તા વધી જાય છે. એ રીતે શાસ્ત્રીજીની આરાધનાના પરિપાકરૂપે એમને મા ગાયત્રીનો સાક્ષાત્કાર થયો. એમાં એઓ એમનાં પૂર્વજન્મનાં સંચિત પુણ્યકર્મનો ફાળો પણ મહત્ત્વનો ગણે છે.

શાસ્ત્રીજીની આ ઉપાસનાની વિલક્ષણતા કે વિશિષ્ટતા તો એ છે છે કે એમણે માની આ કૃપા પ્રસાદીનો કે માના આ સાક્ષાત્કારનો પોતાના ભૌતિક સુખની પૂર્તિ અર્થે ન કરતાં, માનવજાતના કલ્યાણ અર્થે માની કૃપાનો વિનિયોગ કર્યો. એ કૃપાનો સમષ્ટિના હિત માટે ઉપયોગ કર્યો છે.

## પૂ. શાસ્ત્રીજીનો જપયજ્ઞ :

ગીતાએ અનેક યજ્ઞોના પ્રકારો દર્શાવ્યા છે. તેમાં જપયજ્ઞને શ્રેષ્ઠ કહ્યો છે. શાસ્ત્રીજીએ આ જપયજ્ઞ આદર્યો છે–માનવજાતના



Scanned by CamScanner

કલ્યાણ અર્થે. માનવની અનેક મુશ્કેલીનો, દુ:ખોનો, આપત્તિનો, આધિ વ્યાધિ ઉપાધિનો આ જપયજ્ઞમાં હોમ કરી રહ્યા છે. ને એ રીતે માનવ જીવનને સુખી ને સમૃદ્ધ કરવામાં પોતાની આરાધનાને ગતિશીલ બનાવી છે.

તો પ્રશ્ન એ થાય કે શાસ્ત્રીજી આ જપયજ્ઞ કેવી રીતે કરી રહ્યા છે ? એની પ્રક્રિયા કેવી છે ?
આપણે જોઈએ ?

## મહામંત્ર ગાયત્રીનું માર્ગદર્શન :

મા ગાયત્રીની શાસ્ત્રીજીની ઉપાસના વિરલ, વિશિષ્ટ ને અનોખી છે. મા ગાયત્રીની પ્રખર આરાધનાના પરિપાકરૂપે એમને માતાજી તરફથી કોઈપણ વ્યક્તિની મુશ્કેલીમાં ઉપકારક નીવડે તેવા સંકેતો–આદેશો–સૂચનો પ્રાપ્ત થાય છે. તેથી એને અનુસરી શાસ્ત્રીજી પ્રત્યેક વ્યક્તિને વ્યકિતગત મુલાકાત આપી દરેક માનવીને તેમની મુશ્કેલી અંગે મા ગાયત્રીનું, મહામંત્ર ગાયત્રીનું સરળ ને સચોટ માર્ગદર્શન આપે છે ને એમ એક એક વ્યકિતને મા ગાયત્રીને શરણે વાળતા જાય છે. આમ એમની પ્રખર ઉપાસનાથી પ્રેરાઈને અનેક માનવીઓએ જિંદગીની આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી મુક્ત થવા મા ગાયત્રીનું શરણું સ્વીકાર્યું છે. શાસ્ત્રીજીએ પોતે એક માધ્યમ બની, નિમિત્તમાત્ર બની 'ગાયત્રી મહામંત્ર'નો અહાલેક જગાવ્યો છે. આજે પણ એમના માર્ગદર્શન હેઠળ અનેક લોકો ગાયત્રી ઉપાસનામાં પ્રવૃત્ત થઈ રહ્યા છે ને તે દરેકને મા ગાયત્રીની કૃપાની પ્રસાદી પ્રાપ્ત થાય છે ને જીવનની વિષમતા–વિસંગતતામાંથી રાહતની લાગણી અનુભવે છે. શાતા પામે છે.

## વિધિવિધાનનો નિષેધ :

પૂ. શાસ્ત્રીજીનું દૃઢ મંતવ્ય છે તેમજ એમની જીવન પ્રણાલી પ્રત્યક્ષ પ્રમાણ છે કે ગાયત્રી માતાની ઉપાસના કરી આત્મકલ્યાણ માટે કોઈપણ વ્યકિતએ સંસારનો ત્યાગ કરવાની કે વિધિવિધાનમાં પડવાની



Scanned by CamScanner

આવશ્યકતા નથી. આવશ્યકતા છે માત્ર સંપૂર્ણ શ્રધ્ધા ને સંપૂર્ણ શરણાગતિની, માની શરણાગતિ સ્વીકારી, શ્રદ્ધાથી નિરંતર મંત્રજાપ કરવાથી માણસનાં કુકર્મો ધીમે ધીમે નાશ પામે છે, પુણ્યકર્મ સંચિત થાય છે, આત્મકલ્યાણ સધાય છે ને મોક્ષ પ્રાપ્ત થાય છે.

## વિરલ ઉપાસક ઊંફરી કાર્યપ્રણાલી :

આજે અનેક સંત મહાત્માઓનાં દર્શન કરીએ છીએ, જેઓ અનેક ફંડફાળા ઉઘરાવે છે, અનેક રીતે પોતાની જાહેરાતો કરે છે, સાધુના-ધર્મને નામે અનેક અનિષ્ટો પણ પ્રવર્તો છે, ચમત્કાર કરે છે, ઉપદેશો આપે છે, વ્યાખ્યાનો યોજે છે. એ કાળે આ ઉપાસકની ઉપાસના વિરલ, અસાધારણ ને અદ્‌ભુત છે. એમની ઉપાસનાનો અભિગમ સાચે જ સરાહનીય છે. આ ઉપાસક આજના સંત-મહાત્મા કરતાં ઊંફરો ચાલનારો છે. એમની પ્રત્યેક ગતિ-વિધિ આજના સંત-મહાત્મા કરતાં અનોખા પ્રકારની છે. એ તો કોઈની પાસેથી એક પાઇ પણ લેતાં નથી. ફાળફળાદિ કે અન્ય કોઈ ભેટ પણ સ્વીકારતાં નથી. સંસારની કોઈપણ આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત માનવી જ્યારે એમની પાસે જાય છે ત્યારે પૂ. શાસ્ત્રીજી પ્રત્યેકને ભાવથી આવકાર આપે છે. દરેકની સાથે સમભાવપૂર્વક વર્તે છે. તેઓ દરેકને કહે છે કે, સંપૂર્ણ શ્રદ્ધાથી મા ગાયત્રીનું શરણું સ્વીકારો. મંત્રાજપ કરો. તમને ચોક્કસ રાહત થશે. કોઈપણ માનવીનું કોઈપણ કાર્ય જ્યારે પોતાના માર્ગદર્શનથી પાર પડે છે ત્યારે તેનો યશ એઓ પોતે નથી લેતા. એને તેઓ 'મા ગાયત્રીની કૃપા, કહીને જ ઓળખાવે છે. માતાજી સાથે તેઓ નિરંતર મનોમન સંવાદ કરતા જ રહે છે. એમનું ચિત્ત સદા મા ગાયત્રીના સ્મરણમાં જ લીન રહે છે. તેઓ જે કંઈ બોલે છે તે સત્ય બનીને જ રહે છે. એમનામાં લેશ માત્ર અહમ્ ભાવ નથી એઓ નિર્મળ, નિર્મોહી, નિરહંકારી છે. અત્યંત વિનમ્ર, નિખાલસ ને પ્રેમાળ છે. આપણા મનની વાત કહેવાનો વિચાર માત્ર કરતા



Scanned by CamScanner

હોઈએ ત્યાં જ તેઓ આપણા મનની વાત સામેથી જ કહે છે ને આપણે આશ્ચર્યમૂઢ બની જઈએ છીએ. આપણી મૂંઝવણનું એઓ નિરાકરણ કરે છે. ને એ તો 'માગાયત્રીની કૃપા છે' એમ કહે છે. એ રીતે બધો જ યશ માતાજીને આપે છે. ઉપાસકનું આવું વિરલ વ્યક્તિત્વ બીજે ક્યાંય જોવા નથી મળ્યું.

પૂ. શાસ્ત્રીજીને મળવા અનેક વ્યક્તિઓ આવતી જ રહે છે. પણ એઓ કોઈને ના નથી કહેતા. પ્રત્યેક વ્યક્તિને અંગત મુલાકાત આપીને એમને સચોટ માર્ગદર્શન આપે છે. એમના મનનું સમાધાન કરે છે અને અમુક સમય પછી પાછા મળવાનું કહે છે. શાસ્ત્રીજી મિતભાષી છે. કોઈની સાથે વધારે વાત નથી કરતા, પણ મુદ્દાની વાત એ છે કે એમને એક જ વાક્ય કે શબ્દમાં પણ સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ આવી જાય છે. વ્યક્તિનું ચારિત્ર્ય, તેનાં કર્મોનું ટેલિવિઝન શાસ્ત્રીજી સમક્ષ રજૂ થઈ જાય છે ને તે મુજબ જ એઓ દરેકને માર્ગદર્શન આપે છે. તેથી એક, દોઢ કે બે મિનિટની મુલાકાતમાં પણ શાસ્ત્રીજી બધું જ સમજી જાય છે, એ એમની ખાસિયત છે. શાસ્ત્રીજીનું દૃઢ મંતવ્ય છે કે પૂર્વજન્મનાં કર્મો પ્રમાણે જ બધું થાય છે. પૂર્વજન્મનાં સારાં મીઠાં કર્મો માણસે ભોગવવાં જ પડે છે, એનું નિવારણ કરવું જ પડે છે. એ કર્મોનું નિવારણ ગાયત્રી મંત્ર–જપથી થઈ શકે છે. શાસ્ત્રીજી મંત્રજપના સમયની જે સૂચના આપે છે તે સમયમાં માણસનાં કર્મો બળી જાય છે ને એનું પુણ્ય સંચિત થવા માંડે છે, તેથી જ માણસને એનાં કર્મો મુજબ મંત્રજપનું વહેલું કે મોડું ફળ મળે છે. એવું એમનું માનવું છે.

**જીવનજળ :**

બીજી મહત્ત્વની વાત તે શાસ્ત્રીજીનું જીવનજળ. અસાધ્ય એવા શારીરિક–માનસિક રોગો માટે શાસ્ત્રીજી અભિમંત્રિત જળ આપે છે. એ જળ દવાની જેમ જ એક–બે ચમચી લેવાનું હોય છે. તદુપરાંત અન્ય સૂચનો પણ કરે છે. એ સૂચનો કોઈ અનુભવી તબીબ કે વૈદનાં



Scanned by CamScanner

હોય તેવાં લાગે. પણ એ તો કોઈ તબીબ નથી કે વૈદ પણ નથી, કે એમનો એવો કોઈ અભ્યાસ પણ નથી. પરંતુ મા ગાયત્રી તરફથી એમને જે સૂચનો પ્રાપ્ત થાય છે તે તેઓ રજૂ કરે છે. એનાથી દર્દીને સાચે જ ખૂબ રાહત થાય છે. તબીબોએ સૂચવેલી દવાઓ કે ઈંજેકશનોથી જે માંદગી કાબૂમાં નથી આવતી તે એમના 'જીવનજળ'થી દૂર થાય છે.

## શક્તિપ્રદાનની સારવાર :

ડૉકટરોના નિદાનની પરિસીમા વટાવી ગયેલા શારીરિક–માનસિક અસાધ્ય રોગો માટે જીવનજળ ઉપરાંત શાસ્ત્રીજી શક્તિપ્રદાનની સારવાર આપે છે. આ રોગોમાં વંધ્યત્વ, મધુપ્રમેહ, કેન્સર, બ્લડપ્રેસર, લકવો, વા, હૃદયરોગનો સમાવેશ થાય છે. આવા રોગો માટે જ્યારે તબીબી પ્રત્યેક ઉપચારો કરવા છતાં કોઈ અર્થ નથી સરતો, ને દર્દીએ મૃત્યુની માત્ર પ્રતીક્ષા જ કરવાની હોય છે એવું ડોકટરોનું નિદાન આવે ત્યારે પોતાના પ્રત્યેક ભૌતિક પ્રયત્નોથી થાકેલો–હારેલો માનવી શાસ્ત્રીજીના આષિશ મેળવવા આવે છે, મા ગાયત્રીને શરણે આવે છે. શાસ્ત્રીજી એવા ગંભીર કેસોને શક્તિપ્રદાનની સારવાર આપે છે. રોગને જડમૂળમાંથી નાબૂદ કરે છે ને દર્દી થોડોક જ વખતમાં હરતો ફરતો થઈ જાય છે.

શક્તિપ્રદાનની આ સારવાર આપવા માટે શાસ્ત્રીજી દરેક વ્યક્તિને સાંજનો સમય આપી ઘેર બોલાવે છે. એમને ત્યાં માતાજીનો એક અલગ ઓરડો છે. મા ગાયત્રીની રંગીન ટ્રાન્સપેરન્ટ છબી છે એની પાછળ વીજળીનો એક ગોળો છે. માની તસવીરની આરપાર રેલાતા રહેતા એ પ્રકાશ–કિરણોમાંથી શાસ્ત્રીજીને પ્રેરણા પ્રાપ્ત થતી રહે છે. ઓરડામાં એક પલંગ છે. એની પર દર્દીને સુવડાવે છે. દરદીના માથા તરફ માતાજીની એક છબી છે. અને એની નીચે વિવિધ રંગના ચાર ગોળા સારવાર દરમિયાન ઝબૂકતા રહે છે. એમાંથી પસાર થતાં કિરણો દ્વારા દરદીને મા ગાયત્રીની શક્તિ પ્રાપ્ત થાય છે. મા ગાયત્રી-ની છબી સન્મુખ બે હાથ જોડી, આંખો બંધ કરી, ઊંડા અંતઃકરણથી



Scanned by CamScanner

અભ્યર્થના કરતા ઊભા રહેલા શાસ્ત્રીજી દરદીના રોગને જડમૂળમાંથી નાબૂદ કરવાનો પ્રયત્ન કરે છે. મા ગાયત્રીની શકિત દ્વારા શાસ્ત્રીજી એમાં સફળ થાય છે. દરદી સંપૂર્ણપણે સારો થઈ જાય છે. શાસ્ત્રીજી એને મા ગાયત્રીની કૃપા સમજી મનોમન કૃતકૃત્ય થઇ જાય છે.

## ગાયત્રી મંત્ર અને તાંત્રિક વિદ્યા :

ગાયત્રી મહામંત્ર સાત્ત્વિક છે. એથી એની આગળ તાંત્રિક વિદ્યા, મેલી વિદ્યા કે અન્ય કોઈ પ્રયોગોનો સંપૂર્ણપણે પરાજય થાય છે. ભૂત–પ્રેત આદિ ગાયત્રી મંત્ર સમક્ષ ટકી શકતાં જ નથી એટલું જ નહિ, જયાં ગાયત્રી મંત્રની ઉપાસના થતી હોય ત્યાંના વાતાવરણમાં સુધ્ધાં પ્રવેશી શકતાં નથી તાંત્રિક વિદ્યાનો ભોગ બનેલા કેટલાય માનવીઓને શાસ્ત્રીજીએ મા ગાયત્રીની કૃપાથી ને મંત્રજપથી મુક્ત કર્યા છે, એ અનુભવસિદ્ધ હકીકત છે.

## ગાયત્રીભકતોને શાસ્ત્રીજીનો આદેશ :

સાંસારિક આધિ, વ્યાધિ, ઉપાધિઓથી ત્રસ્ત એવા લોકોને પોતાના જપયજ્ઞ દ્વારા જ શાતા અર્પવા માટે જ, માનવ–જાતના કલ્યાણ અર્થે જ આ ઉપાસક આ અવનિ પર ઊતરી આવ્યો છે. સાંપ્રતકાળમાં અનેકાનેક વૈજ્ઞાનિક સંશોધનો થતાં રહે છે, લોકો ભૌતિકતા તરફ દોટ મૂકી રહ્યા છે. અનિષ્ટ તત્ત્વોનું વર્ચસ્વ વધતું જાય છે એવા સમયે એનાથી બચવા ઈશ્વરાભિમુખ બનવાનો, મા ગાયત્રીને શરણે જવાનો આદેશ શાસ્ત્રીજી આપે છે. પૂ. શાસ્ત્રીજીને કીર્તિની કોઈ અભીપ્સા નથી. એમનો ઉદ્દેશ તો ગાયત્રીનો પ્રચાર ને પ્રસાર કરવાનો, લોકોને ગાયત્રી અભિમુખ કરવાનો છે. જેમ બને તેમ વધુ ને વધુ નિરંતર ગાયત્રી મંત્રજપ કરવાનો શાસ્ત્રીજીનો આદેશ ભૂલવો ન જોઈએ.

ॐ भूर्भुव : स्व : ।
ॐ तत्सवितुर्वरेण्यम् । भर्गोदेवस्य धीमहि ।
धियो यो न : प्रचोदयात् ॐ ॥

પૂર્ણિમા ભગતજી



3

Scanned by CamScanner

"ગુજરાતમિત્ર"ના રીપોર્ટર પૂર્ણિમાબેન ભગતજીએ
લીધેલી પૂ. શાસ્ત્રીજીની મુલાકાત

# ગાયત્રીની ઉપાસના અને તેનું માહાત્મ્ય

ગાયત્રીના પરમ ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી વિશે આમતો ઘણું સાંભળ્યું હતું. છેલ્લા કેટલાય દિવસથી એમના આગમનની જાણ હતી, તેથી એમને મળવાની તીવ્ર ઉત્કંઠા હતી. પરંતુ એમના આગમનના અઠવાડીયા અગાઉ જ મનમાં એક ઊંડી ઝંખના હતી કે પૂ. શાસ્ત્રીજી સાથે થોડોક સમય નિરાંતે બેસી વાતો કરવા મળે તો સારું. વળી મનમાં એમ પણ થતું હતું કે એઓ વ્યક્તિગત રીતે મુલાકાત આપે, મા ગાયત્રી વિશે થોડું માર્ગદર્શન આપે, એમની સાથે પ્રશ્નોત્તરી કરી એનો હેવાલ 'ગુજરાતમિત્ર'માં પ્રગટ થાય તો સુરતની જાહેર જનતાને એનો લાભ મળે, માર્ગદર્શન મળે. પણ આટલા મોટા ઉપાસક સાથે નિરાંતે બેસી વાત શી રીતે થઈ શકે? એમને કેવી રીતે કહી શકાય? એમને પ્રશ્નો કેવી રીતે પૂછી શકાય ? એમને પ્રશ્ન પૂછનાર હું કોણ? આવો વિચાર મનમાં આવી ને જ શમી જતો. તા. ૨૧મીના સાંજે છ વાગ્યાના સુમારે હું એમના દર્શન કરવા ગઈ. જઈને એમનાં ચરણોમાં ભાવથી વંદન કરી ત્યાંજ બેસી ગઈ. એટલામાંજ ત્યાંના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ભૂપેન્દ્રભાઈ કાપડીઆ આવ્યા. ને પૂજ્ય શ્રી શાસ્ત્રીજી સાથે મારો પરિચય કરાવ્યો. મે ફરી વંદન કર્યાં. મનોમન એમના આર્શીવાદ માંગ્યા. હું ખૂબજ ભાવવિભોર બની ગઈ. કશુંજ બોલી ન શકી. પણ મારા મનની વાત જાણી ગયા હોય એમ તેમણે જ મને સામેથી કહ્યું: "તમે રીપોર્ટીંગ માટે આવ્યા છો. તમને મુલાકાત લેવી હોય તો લઈ શકો છો. હું આપને માર્ગદર્શન આપીશ. એ મુલાકાત



Scanned by CamScanner

'ગુજરાતમિત્ર'માં છાપવા માટે આપના એડીટરને પૂછી જોજો ને બેન સાથે મુલાકાતનો સમય નક્કી કરી લેજો." ને તે સાથે જ મેં પણ મારા મનની વાત કરી. બેન સાથે મુલાકાતનો સમય નક્કી કરી એમને વંદન કરી પાછી ફરી.

રવિવારની સાંજ સુરતની ટેક્ષટાઇલ મિલનું કંપાઉન્ડ. પૂ. શાસ્ત્રીજીએ માતાજીની સ્થાપના કરી છે, તેજ ઓરડામાં પૂજ્ય શાસ્ત્રીજી, એમનાં બેન અને હું બેઠાં. ઠંડો, મીઠો પવન વાતો હતો. વાતાવરણ આહ્‌લાદક હતું ને એક પ્રકારની મીઠી સુરભિ પથરાઈ ગઈ હતી. શાસ્ત્રીજી એકદમ પ્રસન્ન હતા. ભાવવિભોર બની ગયા હતા. એમની આંખોમાંથી આશી-ર્વાદની ધારા સજસ્ત્રાણે વહેતી હતી. વારેવારે એઓ માતાજીને પ્રાર્થના કરતા હતા. એમણે મને ખૂબ જ પ્રેમભાવે ઉમળકાભર્યો આવકાર આપ્યો. મેં એમની સમક્ષ કેટલાક પ્રશ્નો મૂક્યા. બહેન પ્રશ્નો વાંચતા ગયા અને પૂ. શાસ્ત્રીજી જવાબ આપતા ગયા. એ પ્રશ્નોત્તરી અત્રે રજૂ કરું છું.

સ. ૧. સૌ પ્રથમ આપનો પરીચય આપો. આપની ગાયત્રી માતાજીની ઉપાસના વિશે માહિતી આપો. આપે ઉપાસના કયારથી શરૂ કરી ? આપ ગાયત્રી પ્રત્યે શ્રદ્ધાન્વિત કયારથી થયા ? આપના અનુભવો વિશે ખ્યાલ આપો.

શાસ્ત્રીજીનું મૂળ નામ છે. નરેન્દ્રભાઈ બી. દવે. જન્મે બ્રાહ્મણ છે. રહેવાસી ગોધરા જિ. પંચમહાલ. એમના વ્યવસાયમાં એમની સરકારી નોકરી છે. હાલમાં તેઓ રજા પર છે. અને સર્વિસ છોડી દેવાની વિચારણામાં છે. પોતે ગૃહસ્થાશ્રમી છે. હાલમાં કુટુંબ સાથે અમદાવાદ રહે છે. એમણે સાત વર્ષની ઉંમરે યજ્ઞોપવિત ધારણ કર્યું. ત્યારથી ગાયત્રીની ઉપાસના શરૂ કરી છે. એમના માતા–પિતાનો પણ એ વારસો છે. અને એમનાં પૂર્વજન્મનાં સંચિત કર્મોએ એમને આ ઉપાસનામાં આગળ ધપાવ્યા છે. ઈ. સ. ૧૯૫૦માં એમને માતાજીનો સાક્ષાત્કાર થયો છે.



Scanned by CamScanner

આમતો અનેક અનુભવો એમને એમની ઉપાસનામાં થયા છે, જે દ્વારા તેઓ ગાયત્રી માતાજી પ્રત્યે વધુને વધુ શ્રદ્ધાન્વિત થયા છે. એમાંનો એક અનુભવ અહીં ટાંકવા યોગ્ય લેખાશે. એકવાર તેઓ કાંકણપુર એમની માસીના દીકરાના લગ્નમાં જતા હતા. ગામ દૂર હતું. કોઈ વાહનની વ્યવસ્થા નહોતી. નિર્જન-એકાંત જંગલમાંથી એકલા એકલા ચાલતા ચાલતા જઈ રહ્યા હતા ત્યાં એમની પાછળ પાછળ એક માણસ ચાલતો હતો. એમને કંઈક શંકા ગઈ. મનમાં ગાયત્રી રટણ ચાલુ હતું ને રસ્તો કાપતા હતા. થોડેક દૂર ગયા ત્યાંજ ગુંડાઓની એક ટોળી આવી અને એમને ઘેરી લીધા. ટોળીના સરદારે શાસ્ત્રીજીને કહ્યું : 'તારી પાસે શું છે? જે હોય તે અમને આપી દે'.— શાસ્ત્રીજી પાસે ઘડીયાળ અને ચેન હતા. પણ એટલામાંજ ટોળીના સરદારને કાને અવાજ પડયો, એના કાનમાં આવીને કોઈ કહેવા લાગ્યું. 'આ તો માતાજીનો ઉપાસક છે એને છોડી દે.' આ અવાજ સાંભળી ટોળીના સરદારે બધાને અટકાવી દીધા ને કહ્યું કે આને જવા દો. શાસ્ત્રીજી મનોમન ગાયત્રી રટણ કરતા જ હતા. એમણે નિર્ભય થઈ કહ્યું : મારી પાસે આટલીજ વસ્તુ છે, લો, તમે લઈ લો. જેથી હું નિર્ભય બની આગળનો માર્ગ કાપી શકું. પણ પેલી ટોળીના માણસોએ ના કહી. તેથી શાસ્ત્રીજીને આશ્ચર્ય થયું અને આવો વિચારપલટો કેમ આવી ગયો તેનું કારણ પૂછયું, તો પેલી ટોળીના સરદારે જણાવ્યું કે આ તો માતાજીનો ઉપાસક છે. એને જવા દો. પેલા લોકોએ પૂછયું : 'આપ ઉપાસક છો?' હા, હું ગાયત્રી માતાની ઉપાસના કરું છું. આમ ગાયત્રી માતાજીએ એકાંત જંગલમાં લૂંટારુઓ સમક્ષ પૂ. શાસ્ત્રીજીનું રક્ષણ કર્યું.

## અર્થ અને માહાત્મ્ય

**સ. ૨. ગાયત્રીમંત્ર વિશે માહિતી આપો. એનો અર્થ અને એનું માહાત્મ્ય સમજાવો.**

ગાયત્રી એ મહામંત્ર છે. સ્વયંભૂ છે. ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ।



Scanned by CamScanner

આ મહામંત્ર ગાયત્રી છે. એનો અર્થ છે: હે રક્ષક ! પ્રાણાધાર! દુ:ખનાશક! આનંદદાયક ! ગ્રહણ કરવા યોગ્ય, જગદુત્પાદક સર્વશ્રેષ્ઠ અને શુદ્ધ પાપનાશક તેજ સ્વરૂપનું અમો ધ્યાન ધરીએ છીએ, (અમારા હૃદયમાં ધારણ કરીએ છીએ) કે હે સવિતાદેવ, અમારી બુદ્ધિને શુદ્ધ સન્માર્ગમાં, શુભકર્મોમાં પ્રેરણા કરે. (અમારી બુદ્ધિમાં તમારું જ્ઞાન સ્થિર થાય.) આ મહામંત્ર ગાયત્રીનો જપ દરેક વ્યક્તિ કોઈ પણ સ્થિતિમાં કરી શકે છે. એના રટણ દ્વારા માનવીને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય છે. પોતે સત્કર્મમાં પ્રેરાય છે. આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી મુક્ત થાય છે.

સ. ૩. ગાયત્રી મંત્ર કેટલા પ્રકારના છે? કયા કયા? દરેકની પાછળનું રહસ્ય શું?

આમ તો ગાયત્રી મંત્ર ચોવીસ રીતે બોલી શકાય છે. પણ એટલા બધા ઊંડાણમાં ઉતરવાની સામાન્ય સાધકે જરૂર નથી.

સ. ૪. ગાયત્રી મંત્રમાં રહેલા ૐ નું મહત્ત્વ શું? એક ૐ, ત્રણ ૐ, પાંચ ૐ સાથેના ગાયત્રી મંત્રનો અર્થ શું? એનું મહત્ત્વ શું?

ૐ એ ત્રિગુણાત્મક છે. બ્રહ્મવાચક છે. બ્રહ્મા, વિષ્ણુ ને શંકર એમાં સ્થિત છે. આમ તો ગાયત્રીમંત્રના એકએક અક્ષરે ૐનો ઉચ્ચાર થઈ શકે. પરંતુ શાસ્ત્રીજી માતાજીના આદેશથી ત્રિપદા ગાયત્રી–ત્રણ ૐ સાથેનો ગાયત્રીમંત્ર ૐ ભૂર્ભુવ: સ્વ: ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોન: પ્રચોદયાત ૐ આ મંત્રનો જપ કરવાની સલાહ આપે છે. તે જરુરી છે.

## ગાયત્રી યંત્ર એટલે શું?

સ. ૫. શતાક્ષરી ગાયત્રી મંત્ર એટલે શું? એનો અર્થ, એનો પ્રભાવ શો?

એટલા બધા ઊંડાણમાં ઉતરવાની આપણે જરૂર નથી.

સ. ૬. ગાયત્રી યંત્ર એટલે શું? ગાયત્રી યંત્ર કેટલા પ્રકારનાં આવે છે? કયા કયા? દરેક યંત્રનું પૂજન કેવી રીતે કરવું? એથી શો લાભ થાય? એ દરેક યંત્રો ક્યાંથી પ્રાપ્ત થાય?



Scanned by CamScanner

ગાયત્રી યંત્રની બાબતમાં એવું છે ને કે કોઈપણ યંત્ર કોઈ સિદ્ધપુરુષના હાથે અમુક નક્ષત્રામાં, અમુક વિધિપૂર્વક સિદ્ધ થયેલું હોવું જોઈએ, તોજ એનો અર્થ સરે. એવું યંત્ર જ્યાં હોય છે ત્યાંના આખા વાતાવરણમાં એનો પ્રભાવ રહે છે. સિદ્ધપુરુષના હાથે આપેલા યંત્રની પછી પૂજા કરવાની રહેતી નથી. પણ શાસ્ત્રીજી એવા યંત્રની સલાહ આપતા નથી. સિદ્ધપુરુષ ના હાથે સિદ્ધ થયા વિનાના યંત્રની કોઈ જ કિંમત નથી. એ માત્ર ખાલી ખોખું જ બની રહે છે. જેવી રીતે અમુક યંત્રો અમુક જ કંપનીમાં બનેલાં હોય તો એનો સારો ઉપયોગ થઈ શકે એ યંત્રાથી સારી કામગીરી થઈ શકે. તેવું જ આ ગાયત્રી યંત્રનું પણ છે. અત્યારે પણ ગાયત્રી વિસોયંત્રને આવા અનેક યંત્રો મળે છે. પણ શાસ્ત્રીજી એની સલાહ આપતા નથી, લોકો આવા યંત્રોથી છેતરાય નહીં ને ખરીદે નહિ એવી સલાહ છે.

સ. ૭. રોજબરોજના ગાયત્રીપૂજન, મંત્રજાપ વિશે આપની શી માન્યતા છે ? રોજ શ્રદ્ધાળુ માણસે કેટલી માળા કરવી જોઈએ ? કેવી રીતે પૂજન કરવું ? અમુક જ મણકાની માળાનો ઉપયોગ કરવો એવું ખરું ? એનો શો ઉદ્દેશ ? રોજબરોજની વિધિ વિશે આપ શું સૂચવો છો ?

પૂ. શાસ્ત્રીજીની માન્યતા છે કે ગાયત્રી કરતી વખતે વિધવિધાનમાં પડવાની જરૂર નથી. પૂર્વાભિમુખ બેસી, ગાયત્રી માતાનો ફોટો રાખી દીવો, અગરબત્તી, ધૂપ કરી દર્ભાસન પર બેસી સ્થળ ને સમય નક્કી કરી માળા (૧૦૮ મણકાની) ફેરવવાનો નિયમ કરવો. સાયંકાળ પછી માળા ગણવી હિતાવહ નથી. માનસિક જપ–મનમાં મનમાં ગાયત્રી મંત્ર બોલ્યા કરવો. આના માટે સ્થળ તથા સમયનો બાધ નથી. ૐ ભૂર્ભુવ: સ્વ: ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધિમહી ધીયો યોન: પ્રચોદયાત ૐ આ મુજબ ત્રિપદી–ત્રણ ૐ કારવાળા મંત્રનો જપ કરવો. સાવ ઓછા સમયમાં મનની એકાગ્રતા સધાવી કે ચિત્તની શુદ્ધિ થવી દુષ્કર છે.



Scanned by CamScanner

એટલે ત્રણ માળા તો રોજ કરવી જોઈએ. પણ જેણે જનોઇ ધારણ કરી છે, તેવી વ્યક્તિએ દરરોજ ૧૧ માળા કરવીજ જોઈએ. નહીં તો રોજ એને અગિયાર, અગિયાર માળાનું દેવું ચઢતું જાય છે. ૧૦૮ મણકાની માળા ફેરવવા માટે જોઇએ. પણ એનું એટલું બધુ મહત્ત્વ નથી. મહત્ત્વ શરણાગતિનું છે. સંપૂર્ણ શરણાગતિ ભાવથી જ ગાયત્રી રટણ કરવું જોઈએ. માંદગીના સમયે સૂતાં સૂતાં પણ મંત્રજપ થઈ શકે. માત્ર સંપૂર્ણ શ્રદ્ધાની આવશ્યકતા છે.

સાતત્ય, નિયમિતતા એ કોઈ પણ પ્રવૃતિની આધારશિલા છે. મન ફાવે તેમ મંત્રજાપ કરવાથી નુકશાન તો નથી જ, લાભ તો છે જ પરંતુ અવ્યવસ્થિત આયોજનથી કોઈ નક્કર સંગીન લાભ હાંસલ થતા નથી, તેમ અવ્યવસ્થિત સાધનાનો પણ ખાસ ફળલાભ નથી.

## ગાયત્રી અનુષ્ઠાન

સ. ૮. ગાયત્રી અનુષ્ઠાન વિષે વિગતે સમજાવો. અનુષ્ઠાન એટલે શું ? કેટલા પ્રકારના હોય છે. એ કયારે થઈ શકે ? એની વિધિ શું ? અનુષ્ઠાન કરતી વખતે કેટલા જપની આવશ્યકતા રહે છે? નાના મોટા અનુષ્ઠાન વિષે માર્ગદર્શન આપો.

અનુષ્ઠાન એટલે રોજની અમુક માળા નક્કી કરી અમુક જ સમયમાં પૂરી કરવી તે. લઘુ અનુષ્ઠાન, અનુષ્ઠાન ને પૂરશ્ચરણ. આમ ત્રણ પ્રકારે અનુષ્ઠાન થઈ શકે. તમારી ઇચ્છા મુજબ, શકિત મુજબ, બાર હજાર, ચોવીસ હજાર, સવા લાખ એમ જપ સંખ્યાની માળા નક્કી થઈ શકે. ચોવીસ લક્ષનું એક પુરશ્ચરણ ગણાય. સૂર્યાસ્ત પહેલાં નક્કી કરેલી માળા પૂરી કરવી જોઈએ. માળા એકજ બેઠકે પૂરી કરવી એવું નથી. થોડીક માળા સવારે અને બાકીની બપોરે એમ અવકાશે પૂરી કરી શકાય. પણ સૂર્યાસ્ત પહેલાંજ પૂરી કરવી. સમય, સ્થળ અને માળાનો ક્રમ નક્કી કરવાનાં રહે છે. અનુષ્ઠાન કરતી વખતે કેટલાક નિતિ–નિયમો જાળવવા જોઈએ. શારીરિક માનસિક પવિત્રતા જાળવવી જોઈએ. વર્ષની ચાર નવરાત્રી–ચૈત્રી, અષાઢ, આસો અને પોષ. આસો



Scanned by CamScanner

માસના નવરાત્રનું અનુષ્ઠાન શ્રેષ્ઠ છે. છતાં અનુષ્ઠાન કોઈપણ દિવસે, કોઈ પણ મહિને થઇ શકે છે. સૌ સૌની ઈચ્છા મુજબ. એમાં કોઈ વિધવિધાનની આવશ્યકતા નથી અને એમાં પડવાની જરૂર નથી. મહત્ત્વ માત્ર સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિનું છે. સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ ભાવે કરેલું અનુષ્ઠાન ફળે જ છે. એનો લાભ મળે જ છે.

સ. ૯. અનુષ્ઠાનની ભૌતિક આધ્યાત્મિક ફલશ્રુતિ શું છે?

અનુષ્ઠાન કરતી વખતે કોઈપણ શરત ન રાખવી. નિષ્કામભાવે, સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખી, મા–બાળકનો સંબંધ સ્થાપિત કરી મંત્રજાપ કરવા. જિંદગી આખી માને ચરણે સમર્પિત કરી દેવી. મા પોતાના બાળકનું ખરાબ તો ન જ કરે એ દેખીતી વાત છે. માત્ર સાચા દિલથી–ભાવથી ભક્તિ કરવી જરૂરી છે, ને મા પોતાના બાળકના મનની વાત જાણી જ જાય છે. જો તમે શરત મૂકો, આટલા જપ કરું છું. મારું કામ થવું જોઈએ એ વાતજ ખોટી છે. એ તો શેઠ અને નોકરના સંબંધ જેવી વાત છે. ને એ રીતે શેઠ કંઈ નોકરની બધીજ વાતો, માંગણીઓ પૂરી નથી કરતા. તેથી મહત્ત્વ શરણાગતિનું છે. મા જરૂર તમારી મુશ્કેલીઓનું નિવારણ કરે જ છે.

સ. ૧૦. ગાયત્રી બીજમંત્ર એટલે શું? એને વિશે વિગતે સમજાવો. એની સાધના કેવી રીતે થઈ શકે? એ કેટલા પ્રકારના છે? એની ફલશ્રુતિ શું?

આ બીજમંત્ર ઋષિમુનિઓ અને સિદ્ધપુરુષો માટે છે. એના ઉંડાણમાં આપણે ઉતરવાની જરૂર નથી. સામાન્ય ઉપાસકે તો સીધો જ મંત્ર જાપ કરવો જોઈએ.

## ગાયત્રી સ્ત્રીઓથી થઈ શકે?

સ. ૧૧. ગાયત્રીમંત્ર સ્ત્રીઓથી થઈ શકે? સ્ત્રીઓને ગાયત્રી કરવામાં કોઈ બાધ ખરો? અમુક વર્ગ હજી આજે પણ માને છે કે સ્ત્રીઓથી ગાયત્રી ન થાય તો એનું કારણ શું?



Scanned by CamScanner

સ્ત્રીઓથી પણ ગાયત્રીમંત્ર થઈ શકે. વેદમાં પણ સ્ત્રીઓએ ગાયત્રી ઉપાસના કર્યાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ઘણી ઋષિ પત્નીઓએ પણ ગાયત્રીયજ્ઞ કર્યા છે. પૂ. શાસ્ત્રીજીએ ઘણી સ્ત્રીઓ પાસે ગાયત્રી–ઉપાસના કરાવી છે, તે દરેકને ઘણા સારા અનુભવો થયા છે. રોગો પણ સારા થયા છે. કોઈને કડવો અનુભવ થયો નથી. સ્ત્રીઓને ગાયત્રી કરવામાં કોઇ જ બાધ નથી. શાસ્ત્રીજી પાસે થોડાક મહિના અગાઉ જ એક બહેન આવેલા. એમને લગ્નજીવનનાં ૧૩ વર્ષ વીત્યાં છતાં પણ તેમને એકપણ સંતાન નહોતું. પૂ. શાસ્ત્રીજીએ ગાયત્રી ઉપાસના કરવા કહ્યું અને એ બહેન હમણાં ગર્ભવતી છે. ગાયત્રી કોઈપણ વ્યક્તિ કરી શકે છે. એમાં ન્યાત–જાતનો–ઉચ્ચ–નીચનો ભેદ નથી જ.

સ. ૧૨. સ્ત્રીઓ ઋતુધર્મનાં કેટલા દિવસ મંત્રજપ ન કરી શકે? એ સમયમાં કોઈ સંકટ હોય, કોઈ અનિવાર્ય આવશ્યકતા ઉપસ્થિત થાય તો મંત્રજાપ થઈ શકે? માતાજી એ સ્વીકાર કરે ખરા?

સ્ત્રીઓ ઋતુધર્મનાં પાંચ દિવસ મંત્રજાપ ન કરી શકે. માનસિક જપ કરી શકે. સૂતક સુવાવડ વખતે પણ માનસિક જપ થઈ શકે.

## ચિત્તની એકાગ્રતા

સ. ૧૩. મંત્રજાપ કરતી વખતે કોઈપણ જાતના વિચારો ચિત્ત પર કબજો જમાવે છે, તો એને દૂર કરવા શું કરવું? ચિત્તની એકાગ્રતા સધાતી નથી તો કેવી રીતે સાધી શકાય?

સિદ્ધપુરુષોને પણ પહેલાં તો ચિત્તની એકાગ્રતા કેળવવાની મુશ્કેલી તો પડી જ છે. પણ ધીમે ધીમે પ્રેક્ટીસ કરવાથી આવી જાય છે. મનને જાતેજ કેળવવું પડે છે. તાત્કાલિક વિચારોનું ભારણ દૂર નથી થતું. છતાં, વિચારો આવે ત્યારે મંત્રજાપતો ચાલુ જ રાખવા જોઈએ. છોડી ન દેવા વિચારો આપોઆપ જ દૂર થઈ જશે અને મંત્રજાપમાં ચિત્ત એકાગ્ર થશે.



Scanned by CamScanner

સ. ૧૪. પૂજા કરતી વખતે, મંત્રજાપ વખતે કે અનુષ્ઠાન કરતી વખતે જાણે અજાણ્યે કોઈપણ ભૂલ થાય તો એથી કંઈ નુકશાન થાય ખરું ? એ ભૂલનું નિવારણ થઈ શકે ?

ના, સાધકને કોઈજ નુકશાન થતું નથી. શ્રદ્ધા રાખીને અવિરતપણે જાપ ચાલુજ રાખવા જોઈએ.

સ. ૧૫. લાંબા સમય સુધી મંત્રજાપ કરવા છતાં એનું ફળ કેમ મળતું નથી ? ગાયત્રી મંત્ર શાપિત છે એમ કહેવાય છે એ વિશે આપની શી માન્યતા છે ?

લાંબા વખત સુધી મંત્રજાપ કરવા છતાં ફળતાં નથી કારણ કે એક વાત તો એ છે કે માણસને સંપૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ. તમે જેવી શ્રદ્ધા રાખો એવું ફળ મળે અને બીજી મહત્ત્વની વાત એ છે કે માણસને એના પૂર્વજન્મનાં કર્મો પ્રમાણે જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કોઈ વ્યક્તિનાં પૂર્વજન્મનાં પચાસ ટકાજ સત્કર્મો હોય તો આ જન્મે બીજા પચાસ ટકાજ સત્કર્મો કરવાનાં રહે પણ કોઈ વ્યક્તિએ પૂર્વજન્મે કોઈ જ પુણ્ય સંચિત ન કર્યું હોય તો એણે આ જન્મે પહેલેથીજ પુણ્યસિદ્ધિ પ્રાપ્ત કરવાની રહે છે. એ માટે લાંબાગાળાની ભક્તિની, શ્રદ્ધાની–શરણાગતિની આવશ્યકતા રહે છે. માણસને એના પૂર્વજન્મના કર્મો પ્રમાણે સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ગાયત્રીમંત્ર શાપિત છે એ વાત સાચી છે. પણ એ શાપ આપણને નથી નડતો તેથી એની વિધિમાં પડવાની જરૂર નથી.

સ. ૧૬. મંત્રજાપનું ભૌતિક કે આધ્યાત્મિક ફળ પ્રાપ્ત કરવા માટે સમયની કોઈ મર્યાદા ખરી ?

ઉપર કહ્યા મુજબ માણસનાં કર્મો પ્રમાણે જ એને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એ મુજબ કોઈને વહેલી તો કોઈને મોડી મંત્ર જાપથી સિદ્ધિ તો મળે જ છે.

સ. ૧૭. કોઈપણ વ્યક્તિનો માનસ પલટો, હૃદયપલટો મંત્રજાપથી થઈ શકે ?



Scanned by CamScanner

કોઈપણ વ્યક્તિનો માનસપલટો, હૃદયપલટો મંત્રજાપથી અચૂક થાયજ છે. મંત્રજાપ કરવાથી એને એની મેળે જ હૃદય પરિવર્તન થાય છે. એમાં કોઈએ કહેવાની જરૂર નથી.

સ. ૧૮. અનીતિને–અસત્યને માર્ગે જતી વ્યક્તિને ગાયત્રી મંત્રજાપથી સત્યને–નીતિના માર્ગે વાળી શકાય ?

પૂ. શાસ્ત્રીજી પાસે આજદિન સુધીમાં એવી કેટલીય વ્યક્તિઓ આવી છે, જેણે દારૂ, જુગાર વગેરે છોડી દીધાં છે. એમનાં લેખો વાંચી, એમના વિશે સાંભળીને શાસ્ત્રીજીના આશીર્વાદ લેવા દોડી આવ્યા છે. પોતાની ભૂલનો એકરાર કર્યો છે. ડૂસકે ડૂસકે રડયા છે. આખી જિંદગી પાપાચાર કર્યાનો પશ્ચાતાપ કર્યો છે. ને હવે પછી અનિતિ–અસત્યને માર્ગે ન જવાની શાસ્ત્રીજી સમક્ષ પ્રતિજ્ઞા લીધી છે.

## નિવારણ થઈ શકે ?

સ. ૧૯. કોઈપણ કૌટુંબિક વિકટ પ્રશ્નો, નોકરીની ખટપટો કે વિરોધીઓનું જોર ઉપસ્થિત થાય ત્યારે એનું નિવારણ મંત્રજાપથી થઈ શકે ?

મંત્રજાપથી કોઈપણ પ્રશ્નનું નિવારણ થઈ શકે. કોઈપણ મુશ્કેલી દુર થઈ શકે એમાં શંકાને કોઈ સ્થાન નથી. કૌટુંબિક પ્રશ્નોની બાબતમાં જોઈએતો ધરમપુરની એક બેન પરિણીત હતી. સંજોગવશાત પતિથી છૂટાછેડા લેવા પડયા. ભાઈને ત્યાં રહેતી હતી. એક દિવસ ભાઈ સાથે કંઈક કારણસર ઝઘડો થયો. ભાઈએ તમાચો માર્યો. એ બેનને ખૂબજ લાગી આવ્યું. એને જીવતર આકરું થઈ પડ્યું. એને આત્મહત્યાનો વિચાર આવ્યો. નવસારી સ્ટેશને ટ્રેન નીચે પડતું મૂકવા આવી, સ્ટેશન પર આવીને બેઠી ને એના મનમાં વિચાર ઝબકયો. અમદાવાદમાં ગાયત્રી ઉપાસક પૂ. શાસ્ત્રીજી પાસે જા. તે દિવસે દિવાળીનો દિવસ હતો. બેન અમદાવાદ પહોંચી. શાસ્ત્રીજીને ત્યાં પહોંચી ત્યારે બેસતાવર્ષનો દિવસ હતો સવારના છ વાગ્યાનો સમય



Scanned by CamScanner

હતો. બેને ડોરબેલ વગાડયો. બારણું ખૂલ્યું. શાસ્ત્રીજીના બહેન હતાં. શાસ્ત્રીજી પૂજામાં બેઠા હતાં તેથી મળવાની ના કહી. ને નવ વાગ્યાનો સમય આપ્યો. પેલી બેન સામે ચોતરા પર બેઠી. સાડા આઠ વાગ્યે શાસ્ત્રીજી પૂજામાંથી ઉઠયા. એમના બહેને પેલા બહેનની વાત કરી. એને બોલાવી શાસ્ત્રીજીએ આગમનનું કારણ પૂછ્યું. પેલી બેન એમનાં ચરણોમાં મસ્તક ઝૂકાવી ડૂસકે ડૂસકે રડી પડી. શાસ્ત્રીજીએ શાંત પાડી. પેલી બેને શાસ્ત્રીજીને બધી વિગત કહી. આત્મહત્યા કરવા નીકળેલી તે પણ જણાવ્યું. ગાયત્રી ઉપાસનાનો આદેશ આપીને શાસ્ત્રીજીએ એક ભાઈ સાથે એને ઘેર પાછી મોકલી. સમય જતાં એ બેને ફરી લગ્ન કર્યું ને ખૂબ જ સુખી છે. હમણાંજ શાસ્ત્રીજી ધરમપુર ગયેલા ત્યારે એ બેન મળેલી. ખૂબ સુખી છે.

આમ કોઈપણ પ્રશ્નનું નિરાકરણ ગાયત્રી માની કૃપાથી થાય જ છે. નોકરીની ખટપટો અને વિરોધીઓના હાથ પણ હેઠા પડે છે. ખુદ શાસ્ત્રીજીને પણ નોકરીની ખટપટો ને વિરોધીઓનો સામનો કરવો પડયો છે.

સ. ૨૦ ભૂતપ્રેત, વળગાડ, મેલી વિદ્યાનું અસ્તિત્વ ખરું ? એની સામે રક્ષણ મેળવી શકાય ?

ગાયત્રી મંત્રજપ સામે ભૂતપ્રેત ટકીજ નથી શકતા. કોઈ પણ વિદ્યા સામે ગાયત્રીમંત્ર રક્ષણ આપે જ છે ?

સ. ૨૧. તાંત્રિક વિદ્યા સામે ગાયત્રીમંત્ર જપવામાં આવે તો કોનો વિજય થાય ? તાંત્રિક વિદ્યાથી થતો લાભ લાંબો સમય ટકી શકે કે ક્ષણિક નિવડે ?

તાંત્રિક વિદ્યા સામે ગાયત્રીનોજ વિજય થાય છે. ગાયત્રીમંત્ર એ સાત્ત્વિક છે.

સ. ૨૨ આ સિવાય ગાયત્રીમંત્રમાં શ્રદ્ધા ધરાવતી વ્યક્તિઓને માર્ગદર્શન મળે એવી માહિતી આપનાં ધ્યાનમાં હોય તો આપો. આ સિવાય ગાયત્રીમંત્ર વિશે બીજી કોઈ વિસ્તૃત માહિતી ?



Scanned by CamScanner

ગાયત્રીમંત્ર નિરંતર સંપૂર્ણ શ્રદ્ધાથી ને શરણાગતિથી, મા–બાળકનો સંબંધ સ્થાપિત કરી કોઈ પણ જાતના વિધિવિધાનમાં અટવાયા વિના, સાદી સીધી ને સરળ રીતે ગાયત્રીમાનું રટણ ને જપ કરવાથી માતાજીની સમીપ જઈ શકાય છે. માનસિક શાંતિ તો અવશ્ય મળે જ છે. કાળે કરીને સાક્ષાત્કાર થાય છે. ને પૂર્વ જન્મનાં સંચિત કર્મોમાં વૃદ્ધિ થાય છે.

સ. ૨૩ મંત્રલેખન બાબતમાં આપ શું માનો છો? અમુક સમયે જ મંત્રલેખન થઈ શકે? સ્ત્રીઓને નોકરી ને ઘરકામને કારણે દિવસ દરમ્યાન સમય નથી મળતો હોતો તો સાંજે પછી એવી સ્ત્રીઓ મંત્ર લેખન કરી શકે? મંત્રલેખન સાદી નોટબુકમાં થઈ શકે કે પછી મંત્રલેખનની બુક આવે છે એમાં જ કરવું આવશ્યક છે?

## કોઈ પણ સમયે

મંત્રલેખન કોઈપણ સમયે થઈ શકે. બેનો નોકરી ઘરકામને કારણે સાંજ પછી મંત્રલેખન કરી શકે. મંત્ર લેખન કોઈ પણ સાદા કાગળ પર થઈ શકે. સાધન મહત્ત્વનું નથી. ભાવના મહત્ત્વની છે. મંત્રલેખનથી ચિત્તની એકાગ્રતા સાધી શકાય છે. વિચારોના વમળમાં ચિત્ત અટવાતું નથી.

સ. ૨૪. માણસની કુંડળીના ગ્રહો પ્રમાણે જ બધું થાય છે? એની સારી માઠી અસર થાય ખરી? ગ્રહોની માઠી અસરો નિવારી શકાય ખરી? એમ કહેવાય છે કે ગ્રહો એનો ભાગ ભજવે જ છે. એ વિશે આપ શું માનો છો? ગ્રહો માણસ માટે Final authority ખરા?

ગ્રહોની માઠી અસરોનું નિવારણ થઈ શકે. ગ્રહો પ્રમાણે ઘટના ઘટે છે ખરી, વિપત્તિઓ આવે છે ખરી, પણ ગાયત્રી મંત્રજપ વડે એની માત્રા ઘટાડી શકાય. વિપત્તિનું વાદળ પસાર થઈ જાય ને આપણને કશું જ ન થાય એ મંત્ર જપનો પ્રભાવ છે. પણ ગ્રહો માણસ માટે Final authority નથી. Final authority તો ઈશ્વર જ છે.



Scanned by CamScanner

## નસીબ ફેરવી શકાય

સ. ૨૫. માણસના જીવનમાં અમુક ઘટના બને છે ત્યારે કહેવાય છે કે નસીબની વાત છે. તો આ નસીબ ગાયત્રી મંત્રજાપ વડે ફેરવી શકાય છે? આપનું શું માનવું છે?

હા, ગાયત્રીમંત્રના જપ વડે નસીબ ચોક્કસ ફેરવી શકાય છે.

સ. ૨૬. વ્યક્તિ પોતે જે કાંઈ ઈચ્છે છે તે ગાયત્રી મંત્રજાપ વડે પ્રાપ્ત કરી શકે ખરી?

હા, ગાયત્રી મંત્રજપ વડે વ્યક્તિ કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરી શકે. સંપૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિ પ્રપત્તિભાવની આવશ્યકતા છે.

વિનમ્રપણે શાસ્ત્રીજીની લાક્ષણિકતા વિશે કહું તો ગૌર વાન, તેજસ્વી ને સદા પ્રસન્ન મુખમુદ્રા, ગાયત્રી મંત્રમાં સદા લીન રહેતા શાસ્ત્રીજી સામાન્ય વ્યક્તિ જેવા જ લાગે. એમનો પોષાક પણ સામાન્ય. લોકોના ટોળામાં શાસ્ત્રીજી બેઠાં હોય તો અજાણી વ્યક્તિ એમને ઓળખીજ ન શકે. એમની ઉપાસના અસાધારણ, વિરલ ને અદ્‌ભૂત છે. ગાયત્રી માતાજીના આદેશ મુજબ એ બધું કરે છે. અત્યાર સુધીમાં સંત–મહાત્મા વિશેની એક છાપ છે કે તેઓ ભગવાં વસ્ત્રો, લાંબી દાઢી, લાંબા વાળ, ભસ્મને ગંભીર મુખમુદ્રા ધરાવતાં હોય છે. પણ શાસ્ત્રીજીની બાબતમાં એ વાત સાવ ખોટી છે. એમનો સ્વભાવ ખુબજ સાદો, સીધો, સરળ, નિખાલસ પ્રેમાળને હસમુખો છે. જે જે વ્યક્તિઓ પોતાની મુશ્કેલી, દુ:ખ, ચિંતા સાથે એમની પાસે જાય છે, તે એમની સમક્ષ જતાંજ, જઈને બેસતાં જ ને એમના પ્રસન્ન, હસમુખા ચહેરાનાં દર્શન કરીને જ વ્યકિતનું અડધું દુ:ખ મટી જાય છે. જે વ્યકિત એમની પાસે જાય છે, તેની મુશ્કેલીનું, એના મનનું શાસ્ત્રીજી સંપૂર્ણપણે સમાધાન કરી આપે છે. એનામાં શ્રદ્ધાનો નવો સંચાર કરી આપે છે. સચોટ માર્ગદર્શન આપે છે. તેઓશ્રી કોઈની પાસેથી એક પાઈ પણ લેતા નથી. બીજી એક અગત્યની વાત એ છે કે અત્યાર સુધીમાં જે



Scanned by CamScanner

સંત પુરુષો, મહાત્મા થઈ ગયા છે તેમણે ઉપદેશોની ધારાઓ વહાવ્યે રાખી છે. વ્યાખ્યાનો દીધે રાખ્યાં છે, પણ શાસ્ત્રીજી પાસે આ પદ્ધતિ નથી. શાસ્ત્રીજી દરેકે દરેક વ્યક્તિને અંગત મુલાકાત આપે છે. દરેકની મુશ્કેલી શાંતિથી સાંભળે છે ને ગાયત્રી માતાજીના આદેશ મુજબ તે વ્યક્તિને સચોટ માર્ગદર્શન આપે છે. એના મનનું સમાધાન કરે છે. એમની આંખો ગાયત્રી માતાજી પ્રત્યે જ સદા મંડાયેલી રહે છે. એમનું ચિત્ત સદા માતાજીના રટણમાંજ લીન રહે છે. ને લોકોની નિ:સ્વાર્થ ભાવે સેવા કરે છે. એમની વાણીનો પ્રવાહ મંત્રમુગ્ધ કરી દે છે. એમનાં દર્શનને એમની વાણી ભલભલા અશ્રદ્ધાળુ, પાપી માણસને પણ શ્રદ્ધાન્વિત બનાવી દે છે.

શાસ્ત્રીજીની એક બહુ મોટી વિલક્ષણતા તે એમનું 'જીવનજળ' ડોકટરોના નિદાનની પરિસીમા વટાવી ગયેલા અનેક માનસિક-શારીરિક રોગો માટે શાસ્ત્રીજી જીવનજળ આપે છે ને એ રોગો સારા થાય છે. કેન્સર, લકવા, હાર્ટ એટેક બ્લડ પ્રેશર જેવાં દર્દોમાં દર્દીને ચોક્કસપણે ગાયત્રીમંત્રથી ને એમના જીવનજળથી રાહત મળે છે. પૂ. શાસ્ત્રીજી પાસે તો એવા કેટલાય અનુભવો છે કે અસાધ્ય રોગોમાં ડોકટરોએ હાથ ધોઈ નાંખ્યા હોય, દર્દીને સારું થવાનાં કોઈ શકયતા જ ન હોય એવાં દર્દીઓને ગાયત્રી-શક્તિ-પ્રદાનથી શાસ્ત્રીજી સારવાર આપે છે.

પૂ. બહેનને તો કેમ ભૂલાય ? ગૌરવાન, પ્રસન્ન ને તેજસ્વી મુખમુદ્રા, નિખાલસ ને માયાળુ સ્વભાવ. શાસ્ત્રીજી સાથે મુલાકાત ગોઠવવામાં અને માહિતી આપવામાં એમને ખુબજ મદદ કરી છે. એઓ પણ ગાયત્રી ઉપાસના કરે છે.

અમદાવાદમાં સોમ થી શુક્ર, બાર વાગ્યાથી પૂ. શાસ્ત્રીજી ૧૦૧ વ્યક્તિને અંગત મુલાકાત આપે છે. બહારગામની મુલાકાત હોય ત્યારે અમદાવાદ મુલાકાત આપવાનું બંધ રહે છે. પૂ શાસ્ત્રીજી કોઈ સાથે પત્રવ્યવહાર કરતા નથી. દરેકના પત્રો વાંચે છે ખરા, પણ જવાબ નથી આપતા.

**પૂર્ણિમા ભગતજી**

# ગાયત્રી સ્તોત્ર

સુકલ્યાણીં વાણીં સુરમુનિવરૈઃ પૂજિતપદામ્ ।
શિવામાદ્યાં વન્દ્યાં ત્રિભુવનમયીં વેદજનનીમ્ ॥
પરાં શક્તિ સ્રષ્ટું વિવિધવિધિરૂપાં ગુણમયીમ્ ।
ભજેડમ્બાં ગાયત્રીં પરમ સુભગાનન્દજનનીમ્ ॥ ૧ ॥

વિશુદ્ધાં સત્વસ્થામખિલદુરવસ્થા દિહરણીમ્ ।
નિરાકારાં સારાં સુવિમલતપોમૂર્તિમતુલામ્ ॥
જગજજયેષ્ઠા શ્રીષ્ઠામસુરસુરપૂજ્યાં શ્રુતિનુતામ્ ।
ભજેડમ્બાં ગાયત્રી પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૨ ॥

તપોનિષ્ઠભીષ્ટાં સ્વજનમનસન્તાપ શમનીમ્ ।
દયામૂર્તિં સ્ફૂર્તિં યતિતતિ પ્રસાદૈકસુલભામ્ ॥
વરેણ્યાં પુણ્યોં તાં નિખિલ ભવબન્ધાયહરણીમ્ ।
ભજેડમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૩ ॥

સદારાધ્યાં સાધ્યાં સુમતિમતિવિસ્તાર કરણીમ્ ।
વિશોકામાલોકાં હૃદયગત મોહાન્ધ હરણીમ્ ॥
પરાં દિવ્યાં ભવ્યામગમભવસિન્ધ્વેક તરણીમ્ ।
ભજેડમ્બાં ગાયત્રીં પરમ સુભગાનન્દ જનનીમ્ ॥ ૪ ॥

અજાં દ્વૈત્તા ત્રૈત્તાં વિવિધગુણરૂપાં સુવિમલામ્ ।
તમોહન્ત્રીં તન્ત્રીં શ્રત્તિમધુરનાદાં રસમયીમ્ ॥
મહામાન્યાં ધન્યાં સતતકરૂણાશીલ વિભવામ્ ।
ભજેડમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૫ ॥



Scanned by CamScanner

જગદ્ધાત્રી પાત્રીં સકલવસંહાર કરણીમ્ ।
સુવીરાં ધીરાં તાં સુવિમલતપો રાશિસરણમ્ ॥
અનેકામેકાં વૈ ત્રયજગદ ધિષ્ઠાન પદવીમ્ ।
ભજેડમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૬ ॥

પ્રબુદ્ધાં બુદ્ધાં તાં સ્વજનમતિજાડયા પહરણીમ્ ।
હિરણ્યાં ગુણ્યાં તાં સુકવિજન ગીતાં સુનિપુણામ્ ॥
સુવિદ્યાં નિરવદ્યામમલગુણગાયાં ભગવતીમ્ ।
ભજેડમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૭ ॥

અનન્તાં શાંતાં યાં ભજતિ બુધવૃન્દઃ શ્રુતિમયીમ્ ।
સુગેયાં ધ્યેયાં યાં સ્મરતિ હૃદિ નિત્યં સુરપતિ ॥
સદાભક્ત્યા શક્ત્યા પ્રણતતિભિઃ પ્રીતિવશગામ્ ।
ભજેડમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૮ ॥

શુદ્ધચિત્તઃ પઠેદ્યસ્તુ ગાયત્ર્યા અષ્ટકં શુભમ્ ।
અહોભાગ્યો ભવેલ્લોકે તસ્મિન્માતા પ્રસીદતિ ॥ ૯ ॥



Scanned by CamScanner

# * ગાયત્રી કવચ *

તત્પદં પાતુ મે પાદૌ જંઘે તુ સવિતુ પદમ્ ।
વરેણ્યં કટિદેશન્તુ નાભિં ભર્ગ સ્તથૈવ ચ ॥

દેવસ્ય મે તુ હૃદયમ્ ધીમહીનિ ગલં તથા ।
ધિયો મે પાતુ જિહ્વાયાં યઃ પદં પાતુ લોચને ॥

લલાટે નઃ પદં પાતુ મૂર્ધાનં મે પ્રચોદયાત્ ।
તદ્વર્ણઃ પાતુ મૂર્ધાનં સકારઃ પાતુ ભાલકમ્ ॥

ચાક્ષુષી મે વિકારસ્તુ શ્રોત્રે રક્ષેતુકારકઃ ।
નાસાપુટેર્વકારો મે રેકારસ્તુ કપાલયોઃ ॥

ણિકારસ્ત્વધરોષ્ઠે ચ યકારસ્તૂર્ધ્વ ઓષ્ઠકે ।
આસ્યમધ્યે ભકારસ્તુ ગોકારસ્તુ કપાલયોઃ ॥

દેકારઃ કંઠદેશે ચ વકારઃ સ્કન્ધદેશયોઃ ।
સ્યકારો દક્ષિણં હસ્તં ધીકારો વામહસ્તકમ્ ॥

મકારો હૃદયં રક્ષેદ્ધિકારો જઠરં તથા ।
ધિકારો નાભિદેશં તુ યોકારસ્તુ કટિદ્વયમ્ ॥

ગુહ્યં રક્ષતુ યોકાર ઉરૂ મેનઃ પદાક્ષરમ્ ।
પ્રકારો જાનુની રક્ષેચ્ચોકારો જંઘદશયોઃ ॥

દકારો ગુલ્ફદેશે તુ યાત્કારઃ પાદયુગ્મકમ્ ।
જાતિવેદેતિ ગાયત્રી ત્ર્યંબકેતિ દશાક્ષરા ॥



Scanned by CamScanner

# ગાયત્રી આરતી

(રાગ-જય જગદીશ હરે)

ૐ હ્રીં શ્રીં ક્લીં મેધા, માં ૐ હ્રીં શ્રીં ક્લી મેધા
ચોવીસ અક્ષરે વસીયાં, ગાયત્રી માતા —ૐ
શંખ- ચક્ર- કમળઃ પાશાકુશ ધારી (૨) —ૐ
કમલાસને બિરાજતાં પંચ મુખ ધારી —ૐ
સતો ગુણે સરસ્વતી રજો ગુણે લક્ષ્મી (૨) માં
તમો ગુણે માં કાલી, ત્રણે ગુણ વાળી —ૐ
શ્રીંકારી સોનવર્ણે ધવલે હ્રીં કારી (૨) માં
ક્લીં રૂપે માં કાલી, ત્રીપદા ભયહારી —ૐ
પ્રાતેઃ બાલારૂપે, મધ્યાહને યુવતી (૨) માં
સાંજે વૃદ્ધા સ્વરૂપે, ચિંતવે ઋષિ મુની —ૐ
શાસ્ત્ર શ્રુતિ ગીતા, વેદોની માતા (૨) માં
મહામંત્રમાં વસીયાં, ગાયત્રી માતા —ૐ
ત્રણે લોકનાં પાલક, ભક્તોની માતા (૨) માં
લક્ષ્મી બુદ્ધિ શક્તિ, સર્વેની દાતા —ૐ
દુઃખ, દારિદ્ર, રોગ, ગ્રહ ક્લેશ ચિંતા (૨) માં
નાસે સર્વે વ્યાધિ, જપે મંત્ર માળા —ૐ
માં ગાયત્રીની આરતી, જે ભાવે ગાશે (૨) માં
દુઃખ દરિદ્ર હરશે, સુખ શાંતિ થાશે —ૐ



Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ચાલીસા

દોહા–હ્રીં, શ્રીં, ક્લીં, મેધા, પ્રભા જીવન જ્યોતિ પ્રચંડ ।
શાન્તિ, ક્રાન્તિ, જાગૃત પ્રગતિ રચના શક્તિ અખંડ ॥૧॥
જગત જનની, મંગલ કરનિ, ગાયત્રી સુખ ધામ ।
પ્રણવો સાવિત્રી, સ્વધા, સ્વાહા પુરન કામ ॥ ૨ ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ યુત જનની, ગાયત્રી નિત કલિમલ દહની ॥
અક્ષર ચોવીસ પરમ પુનીતા, ઈનમેં બસેં શાસ્ત્ર, શ્રુતિ ગીતા ॥
શાશ્વત સતોગુણી સત રૂપા, સત્ય સનાતન સુધા અનૂપા ॥
હંસારૂઢ સિતમ્બર ધારી, સ્વર્ણ કાન્તિ શુચિ ગગન વિહારી ॥
પુસ્તક પુષ્પ કમંડલુ માલા, શુભ્ર વર્ણ તનુ નયન વિશાલા ॥
ધ્યાન ધરત પુલકિત હિય હોઈ, સુખ, ઉપજત, દુઃખ દુરમતિ ખોઈ ॥
કામધેનુ તુમ સુર તરૂ છાયા, નિરાકાર કી અદ્ભુત માયા ॥
તુમ્હરી શરણ ગ્રહૈ જો કોઇ, તરેં સકલ સંકટ સોં સોઇ ॥
સરસ્વતી લક્ષ્મી તુમ કાલી, દિપૈ તુમ્હારી જ્યોતિ નિરાલી ॥
તુમ્હારી મહિમા પાર ન પાવૈ, જો શારદ શત મુખ ગુણ ગાવેં ॥
ચાર વેદ કી માતુ પુનીતા, તુમ બ્રહ્માણી ગૌરી સીતા ॥
મહામંત્ર જિતને જગ માંહી, કોઊ ગાયત્રી સમ નાહી ॥
સુમરિત હિય મેં જ્ઞાન પ્રકાસૈ, આલસ પાપ અવિદ્યા નાસૈ ॥
સૃષ્ટિ બીજ જગ જનનિ ભવાની, કાલરાત્રિ વરદા કલ્યાણી ॥
બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, સુર જેતે, તુમ સોં પાવેં સુરતા તેતે ॥
તુમ ભકતન કી, ભકત તમ્હારે, જનનિહિ પુત્ર પ્રાણ તે પ્યારે ॥
મહિમા અપરમ્પાર તુમ્હારી, જય, જય, જય, ત્રિપદા ભયહારી ॥
પૂરિત સકલ જ્ઞાન વિજ્ઞાના, તુમ સમ અધિક ન જગ મેં આના ॥



Scanned by CamScanner

તુમહિં જાનિ કછુ રહૈં ન શેષા, તુમહિં પાય કછું રહૈ ન કલેશા ॥
જાનત તુમહિં તુમહિં હૈ જાઈ, પારસ પરિસ કુધાતુ સુહાઈ ॥
તુમ્હારી શક્તિ દિપૈ સબ ઠાઈ, માતા તુમ સબ ઠૌર સમાઇ ॥
ગ્રહ નક્ષત્ર બ્રહ્માણ્ડ ઘનેરે, સબ ગતિવાન તુમ્હારે પ્રેરે ॥
સકલ સૃષ્ટિ કી પ્રાણ વિધાતા, પાલક, પોષક, નાશક, ત્રાતા ॥
માતેશ્વરી દયાવ્રત ધારી, તુમ સન તરે પાતકી ભારી ॥
જાપર કૃપા તુમ્હારી હોઈ, તાપર કૃપા કરેં સબ કોઈ ॥
મંદ બુદ્ધિ તે બુદ્ધિ બલ પાવેં, રોગી રોગ રહિત હો જાવેં ॥
દારિદ્ર મિટે કટેં સબ પીરા, નાશૈ દુઃખ હરૈ, ભવ ભીરા ॥
ગૃહ કલેશ ચિત ચિન્તા ભારી, નાશૈ ગાયત્રી ભય હારી ॥
સંતતિ હીન સુસન્તતિ પાવૈં, સુખ સમ્પતિ યુત મોદ મનાવેં ॥
ભૂત પિશાચ સબૈ ભય ખાવેં, યમ કે દૂત નિકટ નહિં આવેં ॥
જો સધવા સુમિરે ચિત લાઇ, અક્ષત સુહાગ સદા સુખદાઈ ॥
ઘર વર સુખપ્રદ લહૈં કુમારી, વિધવા રહેં સત્ય–વ્રત ધારી ॥
જયતિ જયતિ જગદમ્બા ભવાની, તુમ સમ ઔર દયાલુ ન દાની ॥
જો સદ્‌ગુરૂ સોં દીક્ષા પાવેં, સો સાધન કો સફલ બનાવેં ॥
સુમિરન કરે સુરૂચિ બડભાગી, લહૈં મનોરથ ગૃહી વિરાગી ॥
અષ્ટ–સિદ્ધિ નવ નિધિકી દાતા, સબ સમર્થ ગાયત્રી માતા ॥
ઋષિ, મુનિ, જતિ, તપસ્વી જોગી, આરત, અર્થી ચિન્તિત ભોગી ॥
જો–જો શરણ તુમ્હારી આવેં, સો–સો મનવાંછિત ફલ પાવેં ॥
બલ, બુદ્ધિ, વિદ્યા શીલ સ્વભાઉ, ધન વૈભવ, યશ તેજ ઉછાઉ ॥
સકલ બઢેં ઉપજેં સુખ નાના, જો યહ પાઠ કરે ધરિ ધ્યાના ॥

યહ ચાલીસા ભક્તિયુત, પાઠ કરે જો કોઈ ।
તાપર કૃપા પ્રસન્નતા ગાયત્રી કી હોય ॥

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ।**
**ભર્ગોદેવસ્ય ધીમહિ । ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥**



Scanned by CamScanner



પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# અનુક્રમણિકા


| અનુ. નં. | વિષય | પાન નં. |
|---|---|---|
| ૧. | દૈવી–આસુરી સંપત્તિના સંગ્રામ વેળાએ માણસે જાતે પણ સંયમ દાખવવો. | ૧ |
| ૨. | સદાયે ભરેલા રહેતા એ જળભંડાર અંગે મા ગાયત્રીએ શો સંકેત આપ્યો ? | ૫ |
| ૩. | અનુષ્ઠાન સમયે થયેલી એ પીડા કેવી રીતે દૂર થઇ ? | ૯ |
| ૪. | અકસ્માતમાં ઝડપાયેલું એ આખું કુટુંબ મા ગાયત્રીની કૃપાથી હેમખેમ ઉગરી ગયું. | ૧૩ |
| ૫. | ઈલાબહેનનો ઉજડેલો સંસારબાગ ફરીથી નવપલ્લવિત થયો. | ૧૭ |
| ૬. | કોઈપણ જાતની શક્યતા વિના શૈલેષને નોકરી કેવી રીતે મળી ગઈ ? | ૨૪ |
| ૭. | મા ગાયત્રીની કૃપાની કૃપાથી ચૈતન્યભાઈને ફરી દ્વારિકામાં બદલી મળી. | ૨૯ |
| ૮. | દિલીપભાઈની ખોવાયેલી અગત્યની માપબુકો ક્યાંથી મળી આવી ? | ૩૩ |
| ૯. | સંતાનપ્રાપ્તિની ઝંખના મા ગાયત્રીની કૃપાથી ફળી. | ૩૬ |
| ૧૦. | મા ગાયત્રીની કૃપાથી રસિકભાઈને પુત્રપ્રાપ્તિ થઇ. | ૪૧ |
| ૧૧. | મા ગાયત્રીની કૃપાથી કોર્ટમાં શાન્તિભાઈનો નિર્દોષ છૂટકારો થયો. | ૪૫ |
| ૧૨. | મા ગાયત્રીની કૃપાથી એ સાધકની વર્ષો જૂની માનસિક વ્યથા દૂર થઈ. | ૪૮ |




Scanned by CamScanner

૧૩. પંથભૂલેલા યુવાનના જીવનમાં માની કૃપાથી નવી આશાનો સંચાર થયો છે. ૫૪

૧૪. દવાની સાથે દુઆ આવી મળે તો માનવીનાં દુ:ખદર્દ હળવાં બની જાય છે. ૫૮

૧૫. પૂ. શાસ્ત્રીજીના 'જીવનજળ' દ્વારા જયંતિલાલનાં ધર્મપત્નીને નૂતન જીવન પ્રાપ્ત થયું. ૬૨

૧૬. મા ગાયત્રીની કૃપાથી દામિનીની શારીરિક પીડા સદંતર દૂર થઈ. ૬૫

૧૭. મા ગાયત્રીની કૃપાથી શક્તિપ્રદાન સારવારથી ફેફસાંની ગાંઠ મટી ગઈ. ૬૯

૧૮. મા ગાયત્રીની કૃપાથી રતિભાઈનો હૃદયરોગ મટયો. ૭૩

૧૯. મા ગાયત્રીની કૃપાથી એમની હૃદયની બીમારી દૂર થઈ. ૭૭

૨૦. પાંચ પાંચ વર્ષથી નાકમાંથી વહેતું લોહી ગાયત્રીમંત્રના રટણથી બંધ થઈ ગયું. ૮૩

૨૧. એ બહેનની બંધ થઈ ગયેલી વાચા મા ગાયત્રીની કૃપાથી ખૂલી ગઈ. ૮૭

૨૨. મા ગાયત્રીની અપાર દયાથી અપંગ રેખા ફરી ચાલતી થઈ. ૯૨

૨૩. મૂંગા બની ગયેલા લાલજીની વાચા મા ગાયત્રીની કૃપાથી ખૂલી ગઈ. ૯૬

૨૪. તાંત્રિક પ્રયોગની ઘાતકતામાંથી મા ગાયત્રીના જાપથી એનો ઉગારો થયો. ૯૯

૨૫. મા ગાયત્રીની કૃપાથી વૈદ્યરાજનો જૂનો જ્વર દૂર થયો. ૧૦૪




Scanned by CamScanner

## ૧. દેવી–આસુરી સંપત્તિના સંગ્રામ વેળાએ માણસે જાતે પણ સંયમ દાખવવો....

ગુજરાતમાં સૌથી વધારે વાહનો છે એવો અહેવાલ અખબારોએ પ્રસિદ્ધ કર્યો. વાહનો જેમ વધારે તેમ અકસ્માતની સંખ્યા વધવાની શકયતા પણ એટલી જ વધારે એ સહેજે સમજી શકાય એવી વાત છે.

પૂરઝડપે ગાડી હાંકનાર માણસો પોતાની જાતને કુશળ–ચાલક જ સમજતા હોય છે. અને અકસ્માતનો ભોગ બનનાર હોંશિયાર ડ્રાઈવરો નથી હોતા એમ પણ નહીં. અકસ્માત થવાનાં અનેક કારણો હોઈ શકે છે. રસ્તાની ખરાબી, વળાંકોની તકલીફ, ગાડીઓની યાંત્રિક ખામી, ચાલકની અણઆવડત, નશાખોરી, વધારે પડતો આત્મ-વિશ્વાસ, કાચી આવડત છતાં મળેલુ પાકું લાયસંસ, આવી આવી અનેક બાબતો અકસ્માતોની વધતી જતી સંખ્યા માટે જવાબદાર હોઈ શકે છે.

ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજીએ પોતે પોતાને થયેલા એક અનુભવને અત્રે આલેખ્યો છે. મા ગાયત્રીની કૃપાથી તેઓ સહકુટુંબ અકસ્માતમાંથી હેમખેમ ઊગરી ગયા એ વાત તો એમણે આલેખી જ છે પણ સાથે એક નવી વાત પણ એ કરી છે કે કેટલીકવાર આવા અકસ્માતો આસુરી તત્ત્વોને કારણે થતા હોય છે. સમગ્ર કુટુંબ સાથે મોટરગાડી લઈ નીકળેલા માનવીઓ અમુક અમુક રસ્તાઓ ઉપર અકસ્માતનો



Scanned by CamScanner

ભાગ બની મૃત્યુના મુખમાં હોમાઈ જાય છે. કેટલાક રસ્તાઓ દેખીતી રીતે સાવ સરળ હોય છે. ત્યાં અકસ્માતની શક્યતા પહેલી નજરે ભાસતી હોતી નથી, પણ આવા સીધાસૂતરા માર્ગ ઉપર પણ અકસ્માતો થતા હોય છે. કદાચ એવું પણ બને કે નિર્વિઘ્ને ભાસતા એ સીધા રસ્તા ઉપર ડ્રાઈવર બેફામ ગાડી દોડાવવા લલચાય અને અચાનક કોઈ અડચણ ઊભી થતાં ગાડીને કાબૂમાં ન લઈ શકે !

પણ આ પ્રસંગમાં જે વાતને મહત્ત્વ અપાયું છે તે બીજી જ છે, અને તે એ કે જ્યારે દૈવી અને આસુરી સંપત્તિનો સંગ્રામ ચાલતો હોય ત્યારે વ્યક્તિએ પોતે પણ બેફામ ન બનતાં આત્મસંયમ દાખવવો જોઈએ.

આખો પ્રસંગ શાસ્ત્રીજીના શબ્દોમાં જ નીચે રજૂ કર્યો છે.

“દિવાળી વીત્યા બાદ તા. ૨૦–૧૧–૭૭ ના રોજ હું કુટુંબ સાથે ગોધરા માતા–પિતાને મળવા માટે જઈ રહ્યો હતો.

સવારે ૬–૦૦ વાગે ઘરેથી નીકળ્યા પરંતુ મારા મનની અંદર કંઈક અશાંતિ જેવું જણાતું હતું. પરંતુ “ગાયત્રી–માતાનું” રટણ ચાલુ જ હતું, જેથી અશાંતિ થોડી ઓછી લાગતી હતી.

જે મોટર અમે લઈ જવાના હતા તે મોટર “ગાયત્રી માતાની” કૃપાથી મુંબઈથી અત્રે આવેલ હતી અને આગલા દિવસે સાંજના તેનું બરાબર ચેકીંગ કરાવેલ હતું. મોટરના ટાયર, ટ્યૂબ તદ્દન નવાં હતાં.

Scanned by CamScanner

મોટરનો ડ્રાઈવર પણ અનુભવી અને પાકટ ઉંમરે પહોંચેલ હતો.

અમારી મોટરે ચંડોળા તળાવ વટાવ્યું એટલે મારાં પત્નીએ અને બેને તેમની "ગાયત્રી મંત્રની" માળા શરૂ કરી. મારું રટણ તો સદા ચાલુજ હતું. ચંડોળાથી બારેજા આવ્યું ત્યાં સુધીમાં મારી અશાંતિમાં ઓર વધારો થયો. અને બારેજા મૂકયા પછી મેં સહેજ આંખ મીંચી અને તરત જ "માતાજીનો" સંકેત થયો કે 'આસુરી ને સાત્ત્વિક' શક્તિનો સંઘર્ષ ચાલી રહ્યો છે. ને અકસ્માતથી સાવધ રહેવું.

મેં એકદમ આંખ ખોલી તો રસ્તો એકદમ નિર્જીવ હતો, સુમસામ હતો ટ્રાફિક પણ ન હતો, જેથી મોટર ૧૨૦ કીલોમીટરની ઝડપે દોડતી હતી. મેં તરતજ ડ્રાઈવરને સૂચના આપી કે આપણી મોટર ૨૦ કીલોમીટર ઉપર લાવી દો.

ડ્રાઈવરે મનમાં વિચાર્યું હશે કે ટ્રાફિક નથી, રસ્તો કલીઅર છે. છતાં શા માટે શાસ્રીજી આવું કહે છે ! પરંતુ તેણે મોટરની સ્પીડ ૨૦ કીલોમીટરની કરી નાંખી.

ડ્રાઈવરને આ સૂચન મેં આપ્યું તે પછી બ્હેને પોતાની માળા પૂરી કર્યા બાદ મને પૂછયું કે, શા માટે તમે ડ્રાઇવરને આવી સૂચના આપી ! અને મોટરને ગાડું ચાલતું હોય તે ગતિથી ચલાવો છો. મેં કહ્યું કે અત્રે "આસુરી ને સાત્ત્વિક" શક્તિનો સંઘર્ષ ચાલતો હોય તેમ લાગે છે. ને કદાચ

Scanned by CamScanner

અકસ્માત થાય તો સ્પીડ ઓછી હોય તો સારૂં." આ સાંભળી બ્હેને કહ્યું, "આપણે તો માતાજીની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી છે. વળી તમે તો માતાજીના વર્ગના પહેલા નંબરના વિદ્યાર્થી છો. અને અમારી સાથે છો જેથી, આપણને કાંઈ વાંધો નથી."

બસ બ્હેનનું છેલ્લું વાકય પૂરૂં થયું અને મારી મોટરના પાછલા ટાયરમાં મોટો ધડાકો થયો અને ટાયર ફાટી ગયું. ગાડી ૨૦ કીલોમીટરની સ્પીડમાં હતી જેથી ડ્રાઈવરે તરતજ ગાડી સંભાળી લીધી. અને અંદર બેઠેલા બધાંજ સભ્યોને જરાપણ આંચકો આવ્યો નહિ. જો "ગાયત્રી માતાએ" સંકેત ના આપ્યો હોત અને મોટર ૧૨૦ કીલોમીટરની ઝડપે જતી હોત તો શું થાત? બધાં જ એકી અવાજે બોલી ઊઠયાં કે "ગાયત્રી માતાએ" બચાવી લીધા. ડ્રાઈવર તો બિચારો આભો બનીને મારો ખૂબખૂબ આભાર માનવા લાગ્યો.

મોટરનું ટાયર બદલવાની પ્રક્રિયા ચાલતી હતી. અને ત્યાંથી ટ્રાફિક પોલીસ પસાર થઈ રહી હતી. તેઓ તેમની મોટર બાજુએ ઊભી રાખી અમારી પાસે આવ્યા. અને તેઓએ બધી બિના જાણીને આશ્ચર્ય સહ કહ્યું કે તમો બધાં ખૂબ જ નસીબદાર છો.

મારી અંગત રીતે વાચકબંધુઓને વિનંતી છે કે બારેજાથી ખેડા સુધીના રસ્તા ઉપર કોઈ પણ માણસ કુટુંબ સાથે નીકળે તો તે રસ્તા ઉપર મોટરની સ્પીડ ૨૦ થી ૨૫ કીલોમીટરની રાખવી, કારણ કે ત્યાં આગળ પ્રેતાત્માઓનાં રખડતા જીવોજ અકસ્માત નોંતરે છે.

Scanned by CamScanner

## ૨. સદા યે ભરેલા રહેતા એ જળભંડાર અંગે મા ગાયત્રીએ શો સંકેત આપ્યો ?

પૃથ્વી પર અવતરીને પોતાની અક્કલથી વિશ્વની ગતિવિધિને સમજવા મથતા રહેલા માણસને માટે જે ચીજો મહાન આશ્ચર્ય અને જિજ્ઞાસાનો સતત વિષય બની રહી છે, એમાંની એક ચીજ છે કાળની ગતિ, સમયનું નિર્ગમન અને બીજી ચીજ છે સ્થળનું અપાર વૈવિધ્ય. કાળની ગતિને પામવા મનુષ્યના અથાગ પ્રયત્નો છતાં વણઉકલી રહેલી કાળની લીલા મનુષ્યને હંમેશાં અચરજ પમાડતી રહી છે. એવું જ અચરજ માણસને હંમેશાં કેટ-લીક જગાઓ પરત્વે છે.

જગતમાં એવા એવા કેટલાંયે સ્થળો છે જયાંની હવા જ કંઈક નિરાળી હોય છે, જયાંનું વાતાવરણ માણસને વિચિત્ર રીતે મોહ પમાડતું હોય છે. એવી પુરાતન જગા-ઓની મુલાકાતે જતો માનવી દિલના એક ખૂણામાં ભીતિની કોઈ ફડક અનુભવતો હોવા છતાં એક વિશિષ્ટ પ્રકારનું આકર્ષણ પણ એ જગાને માટે સતત અનુભવતો રહે છે. જૂનાં મંદિરો, પુરાતન સ્મારકો, પ્રાચીન કબ્રસ્તાનો, કોઈ જોગંદરોની સમાધિઓ, સતીઓના સ્થાનકો, સંત મહંત ઓલિયા ફકીરની ગુફા આવાસોની જેમ જૂના જમાનામાં ઈમારતો અને આવાસો, હવેલીઓ અને કોઠી કિલ્લાઓ પણ સાહસિક અને કુતૂહલપ્રિય માનવીઓને માટે પરમ

આકર્ષણનાં કેન્દ્રો બની રહ્યાં છે. જગત આખાના પ્રવાસ-પ્રેમીઓ કુદરતી રમણીય યાત્રાધામોની સાથે આવા ગેબી ભાસતાં સ્થળોના મુલાકાત લેવાનો પણ મોહ રાખે છે.

કેટલીકવાર સાવ સામાન્ય ભાસતાં ઘરો આપણી આસપાસનાં રહેઠાણોમાં પણ કોઈ અચરજ પમાડે એવી જગાઓ હોય છે. એની પુરાતનતાનો આભાસ આપણને અવશ્ય થતો હોય છે. એના વિચિત્ર અને વિસ્મય પ્રેરતા વાતાવરણનો આપણને પરચો–પરિચય થતો હોય છે. પણ એની પાછળ પડેલા કોઈ ગેબી રહસ્યને આપણે પરખી–પામી શકતા નથી.

એવા એક અજાયબ સ્થળની કથા અત્રે રજૂ કરી છે. ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજીને એમના તરફ સદ્ભાવના રાખતા એક સદ્ગૃહસ્થે આવી જગા દેખાડેલી. એ અંગે જે કાંઈ બન્યું તેની તંતોતંત વિગતો અત્રે પૂ. શાસ્ત્રીજીના જ શબ્દોમાં રજૂ કરી છે :

“અમદાવાદમાં ભદ્ર વિસ્તાર એ જૂના મોગલ વખતથી જાણીતો છે. અને ત્યાં આગળ કંઈક અવનવું બનતું આવેલ છે. આની અંદર એક ત્રણ માળનું તોતીંગ મકાન આવેલ છે. અને તે સતત પ્રવૃત્તિથી ધમધમતું રહે છે. આ મકાનની નીચેના ભાગમાં એક ભોંયરું આવેલ છે. અને તેમાં એક મોટા રૂમ જેવું છે અને તેની અંદર સફેદ કાચ જેવું એક ફૂટ પાણી કાયમ રહે છે. અને આ ભાઈ પોતાની પ્રવૃત્તિના ૪૦ વર્ષથી એક ફૂટ પાણીને વખતો વખત જોતા રહ્યા છે.

Scanned by CamScanner

પરંતુ આ વિસ્તારમાં જગ્યાની તંગી હોવાથી તે મકાન માલિકે વિચાર કર્યો કે આ ભોંયરામાં ઉપર બે બિંબ ભરી વચમાં એક થાંભલો મુકું. અને સીડી મુકું જેથી પ્રવૃત્તિ ત્યાં આગળ વધારી શકાય. અને આજે એક ફૂટ પાણી રહે છે તેને કાઢી નાંખીએ. પરંતુ આ કરતાં પહેલાં તેમને વિચાર આવ્યો કે કાંઈક જાણકારને પૂછીએ. તેઓએ જાણકારનો સંપર્ક સાધવા માંડયો. પરંતુ કંઈક રસ્તો કાઢી શક્યા નહીં.

આ ભાઈ સંદેશના વાચક અને સંદેશમાં ' અગોચર મનની અજાયબી 'માં શરૂ થયેલ ' ગાયત્રી માતાના ' લેખ કાયમ વાચતાં, આથી તેઓએ સંદેશ સાથે સંપર્ક સાધી મારી મુલાકાત લીધી.

મુલાકાતમાં તેઓએ તેમના ધંધાની અંદર થોડી વધારાની જગ્યાની જરૂર હોય ભોંયરાનો જગ્યા ઉપયોગમાં લેવી કે કેમ તે પ્રશ્ન કર્યો. મેં તેઓની વાત શાંતિથી સાંભળી અને કહ્યું કે માતાજીનો આદેશ મળેથી હું પોતે આવીને તે જગ્યા જોઈ જઈશ અને ત્યારબાદ શું કરવું તે કહીશ.

" ગાયત્રી માતાનો " જગ્યા જોવા જવાનો આદેશ આશરે એકાદ મહિના બાદ આવ્યો. હું એ જગ્યા જોઈ આવ્યો. જગ્યા જોયા બાદ મને પણ આશ્ચર્ય થયું કે કુદ-રતની શું કરામત છે.

ત્યાર પછી પંદર દિવસ બાદ ' ગાયત્રી-માતા ' તરફથી સંકેત આવ્યો કે આ મકાન માલિકની જે કાંઈ જાહો-

Scanned by CamScanner

જલાલી છે તે આ એક ફૂટ જળને આભારી છે. અને જ્યાં સુધી આ જળ રહેશે ત્યાં સુધી તેની જાહોજલાલી કાયમ રહેશે.

આ સૂચન મળ્યા બાદ જ્યારે તે ભાઈ મને પૂછવા આવ્યા, ત્યારે મેં સ્પષ્ટ રીતે કહ્યું કે, આ ભોંયરાની અંદર તમે કશું પણ કરાવશો નહિ. અને અત્યારે જે જાહોજલાલી છે, તે આ એક ફૂટ પાણીને આભારી છે.

આજે છેલ્લાં દોઢ વર્ષથી તે ભોંયરાને સીલ કરી દીધું છે અને તે જેમ છે તેમજ રાખી મુકેલ છે.

———

Scanned by CamScanner

## ૩. અનુષ્ઠાન સમયે થયેલી એ પીડા કેવી રીતે દૂર થઇ ?

માણસના મનની શ્રદ્ધા કેવા કેવા ચમત્કારો સર્જે છે! ગાયત્રીના ઉપાસક એવા શ્રી. રસિકલાલ શુકલને નવરાત્રિના અનુષ્ઠાન દરમિયાન નડેલી શારીરિક વ્યાધિની તકલીફ કેવી રીતે દૂર થઈ એનું શ્રદ્ધાપૂર્ણ આલેખન અત્રે એમના જ શબ્દોમાં રજૂ કર્યું છે.

આસોમાસ નવરાત્રિનાં દિવસો એટલે ગાયત્રી ઉપાસકો સાધકો માટે ઉત્તમ શ્રેષ્ઠ અને તેજોમય દિવસ. આખા વર્ષમાં આ શુભ દિવસોમાં સાધક પોતાની શક્તિ સંચિત કરવા માટે આ અમૂલ્ય દિવસ–અવસર ભાગ્યે જ કોઇ ચૂકશે !

ગયે વર્ષે તા. ૧૩–૧૦–૭૭ ને ગુરૂવારથી આસો-માસનાં નવરાત્ર શરૂ થતા હતા. હર હંમેશના મારા ચાલુ નિયમ મુજબ આ વર્ષે પણ ગાયત્રી અનુષ્ઠાનમાં બેસતા અગાઉ તપસ્વી મહાત્માઓના આશીર્વાદ પત્રો દ્વારા મેળવી લીધા હતા. પૂ. શાસ્ત્રીજીના શુભાશીર્વાદ પણ તેમનાં ઘરે જઇ લઈ આવ્યો.

તા. ૧૩–૧૦–૭૭ ના ગુરૂવારના દિવસે પ્રાતઃકાળમાં "સવા લક્ષ ગાયત્રી મંત્રનું" અનુષ્ઠાન શરૂ કર્યું. લગ-

Scanned by CamScanner

ભગ બપોરના ત્રણ વાગ્યા હશે અને મારી કલ્પનામાં પણ ન આવી શકે તેમ એકાએક હરસમસાની અસહ્ય પીડા શરૂ થઇ. આટલા વર્ષોમાં મને કોઇ પણ દિવસ આ પ્રકારની તકલીફ થઈ નથી. જેથી આ દર્દને મેં પ્રથમ જરાપણ ગણકાર્યું નહિ. અને ફરીથી મારા ગાયત્રી અનુષ્ઠાનમાં–ધ્યાનમાં લીન થઈ ગયો. આમ આ પીડા આખો દિવસ ચાલુ રહી. અને મારા અનુષ્ઠાનનો પ્રથમ દિવસ પૂરો થયો. રાત્રે સૂતી વખતે આ નવીન પ્રકારની પીડાનાં ગંભીર શંકાશીલ વિચારોનું આંદોલન મારા મગજમાં શરૂ થયું. અને મનમાં દહેશત ઉત્પન્ન થઈ કે જો આ પ્રકારની પીડા સતત ચાલુ રહેશે તો આ વખતે ગાયત્રી અનુષ્ઠાનમાં અવશ્ય ભંગાણ પડશે તો મને ઘણું જ દુઃખ થશે. બધા તપસ્વી મહાત્માઓને નમ્ર ભાવે પ્રાર્થના કરી કે, "આ વખતનું અનુષ્ડાન યશદાયી નીવડે તેમ જરૂરથી સહાય કરશો" આ વખતે મારી તો હિંમત જ તૂટી ગઇ. એક વધુ શંકાએ મારા મનને વધારે અસ્વસ્થ કર્યું અને તે હું જ્યારે શાસ્ત્રીજીને ત્યાં આશીર્વાદ લેવા ગયો હતો ત્યારે તેઓએ મને અભિમંત્રિત કરેલું ગાયત્રી જળ આપવાનું ભૂલી ગયા હતા જેથી મારી શ્રદ્ધા વધારે ડગી ગઈ. બીજા દિવસે હરસની પીડા વધારે જોરથી હુમલો કરવા લાગી જેથી મંત્રજાપમાં પણ મારું ધ્યાન ભંગ થવા લાગ્યું. કાંઈ સમજણ પડતી નહોતી કે હવે મારે શું કરવું ? આમ બે દિવસો બહુ વિકટ પરીક્ષામાં–અગ્નિપરીક્ષામાં પસાર કર્યા. ત્રીજો દિવસ શરૂ થયો. શરૂઆતથી જ આ

Scanned by CamScanner

રોગે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું. આમ લગભગ સવારમાં દશ વાગે એવી તો અસહ્ય પીડા થવા માંડી કે મને બેસતાં તકલીફ ઘણી જ થવા લાગી. મારી આવી અસહ્ય દુ:ખદ સ્થિતિમાં પૂ. શાસ્ત્રીજીને નમ્રભાવે પ્રાર્થના કરી. મારી આંખોમાંથી અશ્રુપાત થવા માંડયો એટલામાં મને એકદમ માનસિક સંકેત મળ્યો જેથી મેં થોડાક સમય પહેલાં પૂ. શાસ્ત્રીજીએ તેમનો એક ફોટો મને ભેટ ગણો કે તેમની અસીમ કૃપાપ્રસાદી નિમિત્તે આપ્યો હતો તે મારા શોકેસ કબાટમાંથી બહાર કાઢયો અને ગાયત્રી મંત્ર વડે ધૂપસળીથી સાત વાર અભિમંત્રિત કરીને મારી આંખ સામે દીવાલ ઉપર લગાવી દીધો. અને મેં તે ફોટા સામે ત્રાટક ભાવથી જોયા કર્યું અને ખૂબ જ નમ્ર ભાવે આંખોમાં અશ્રુસહિત પ્રાર્થના કરી કે હવે તો મારી આશાનો દિપ પ્રજવલિત રાખવાનો આપના જ હાથમાં છે! કે પછી ઘોર અંધકાર થવો તે પણ આપના જ હાથમાં છે.....આ પ્રમાણે મારા મનનો આવેગ એકદમ અસ્તવ્યસ્ત ચાલી રહ્યો હતો. ત્યાંજ થોડી પળોમાં મેં એક અલૌકિક દૃશ્ય મારી સમક્ષ જોયું. પૂ. શાસ્ત્રીજીના ફોટામાં પુષ્કળ અગારા મારતું પ્રચંડ તેજ જોયું. જાણે કે સૂર્યનારાયણનું સાક્ષાત દિવ્ય તેજ મેં નજરોનજર જોયું. મારી આંખો એકદમ અંજાઈ ગઇ. આવું દિવ્ય તેજ કોઇ પણ વખત મારા જોવામાં આજદિન સુધી આવ્યું નહોતું. જેથી મને ઘણું જ આશ્ચર્ય, આનંદ થયો જેનું વર્ણન કરવું પણ મારા માટે અશકય છે. પછી મેં જોયું તો પૂ. શાસ્ત્રીજી

Scanned by CamScanner

તે ફોટામાં જ આનંદ ભાવમાં મરક મરક હસતા જોયાં અને તેમની હંમેશની લાક્ષણિક ઢબમાં મને કહ્યું કે, "ગભરાવાની બીલકુલ જરૂર નથી. પૂ. ગાયત્રી માતાજી બધું ઠીક કરી દેશે. બસ! આનંદ કરો...." આ પ્રમાણે હસતા હસતા મને બે હાથથી નમસ્કાર કર્યા, આમ આ દૃશ્ય મારી સમક્ષ સીનેમાની માફક જ ઉપસ્થિત થયું. જેથી મારા હૃદયમાં એક પ્રકારની આનંદોર્મિ ઉત્પન્ન થઈ. મારા શરીરનાં બધા રૂંવાડાં ઊભા થઇ ગયાં અને મારા શરીરમાં કોઈ અજબ શક્તિ, ચેતના ઉત્પન્ન થઇ.... હર્ષાનંદના અશ્રુઓ ફરીથી ટપકવા માંડયા. ફરીથી ગાયત્રી જાપમાં મારું મન લાગી ગયું. આ બાજુ પેલું હરસ, મસાનું દર્દ પણ એકદમ ગાયબ થઈ ગયું. ત્યાર પછી નવરાત્રિના બધા જ દિવસો ખૂબ જ શાંતિ અને અતિ આનંદમાં પસાર થઈ ગયાં.

Scanned by CamScanner

## ૪. અકસ્માતમાં ઝડપાયેલું એ આખું કુટુંબ મા ગાયત્રીની કૃપાથી હેમખેમ ઊગરી ગયું

જિંદગીનો લાંબો પંથ કાપતાં પ્રત્યેક મનુષ્યના ભાગે કોઈને કોઈ આધિ-વ્યાધિ-ઉપાધિનો ભોગ બનવાનું આવે છે. દેખીતી રીતે જેનું કોઈ કારણ જડે નહીં એવી આપત્તિઓ પણ એકાએક માનવી પર તૂટી પડે છે.

તદ્દન નિરૂપદ્રવી અને પરોપકારી જીવન જીવતા માણસોને પણ આવા અકસ્માતોના ભોગ બનવાનું આવતું હોય છે ને ત્યારે ઘડીક પરમાત્માની રચના પરની શ્રદ્ધા ઉઠી જાય એવું પણ બને છે. તો બીજી બાજુ કોઇ સંતના હૃદયમાંથી સરતી દુઆઓ આવા અકસ્માતમાંથી ઊગરી જવાનું નિમિત્ત બનતી દેખાય છે. ને ત્યારે વળી પરમ તત્ત્વ પરની શ્રદ્ધા બેવડા જોરથી દૃઢ બને છે.

માણસમાં સ્થાયી રૂપે પડેલી જિજીવિષા ગમે તેવી આપત્તિ, આઘાત કે અકસ્માતમાં ટકી રહેવા એને પ્રેરતી હોય છે. ટકવા માટેની આવી મથામણમાં ઘણીવાર શ્રદ્ધેય માનવીનાં વચનો સહાયભૂત નીવડતાં હોય છે.

મા ગાયત્રીની કૃપા, માનવીની જિજીવિષા અને હૃદયમાં વસતી શ્રદ્ધાની કથની કહેતો એક પ્રસંગ અત્રે રજૂ કર્યો છે.

ચોમાસાના એ દિવસો હતા. અનિકેતભાઇ, દેવેશભાઈ મલ્લિકાબેન, બાબો મનીષ ને ભાઇ પ્રદીપ કારમાં અમદાવાદ

Scanned by CamScanner

શાસ્ત્રીજીના દર્શનાર્થે જઈ રહ્યા હતા. ભરૂચના નવા પુલ પર પહોંચી પુલ ઓળંગવાનો હોવાથી એન્જીનીયરને રસ્તા વિશે પૂછ્યુ. રસ્તો સારો હતો. કોઈ વાંધો નથી એમ એમણે જણાવ્યું. અને તેઓ આગળ વધ્યા. પરંતુ આગળ જતાં ખરાબ રસ્તો આવવાથી પાછા વળવા વિચાર્યું. ત્યાં જ ટાયર ફાટ્યુ. મોટો ધડાકો થયો. ગાડી રોકવાનો ખૂબ પ્રયત્ન કર્યો, બ્રેક મારી, પણ નિષ્ફળ ગયા. સાઇડમાં મોટો ખાડો હોવાથી ગાડીને મધ્યમાં લેવાનો પ્રયત્ન કર્યો પરંતુ જેવો બ્રેક પરથી પગ ઉઠાવ્યો કે ગાડીએ પલટી ખાધી. ગાડીમાં બેઠેલા પાંચેય જણા બહાર ફેંકાઈ ગયા. ગાડીને ખૂબ નુકશાન થયું. અનિકેતભાઈની કરોડરજ્જુના મણકા ખસી ગયા, છતાં એમણે પ્રયત્નપૂર્વક સ્વસ્થતા જાળવી રાખી. એમના ભાઇ શ્રીદેવેશભાઈને પણ ખૂબ વાગ્યું હતું અને તેઓ ગાડી-માંથી વહી જતા પેટ્રોલ પાસે પડયા હતા. તેમને અનિકેત-ભાઇએ ખસેડી લીધા. મલ્લિકાબેનને ભયંકર ઈજા થઈ હતી. છાતી આગળ ફેફસાં પાસે કાણું પડયું હતું. અને ચહેરા પર ફરતો અસાધારણ ઘા થયો હતો. આ અકસ્માત જીવલેણ હતો. છતાં એમાં કોઈને જાનહાનિ થઈ નહિ તેમજ અનિકેતભાઈ અને દેવેશભાઇનો પુત્ર હેમખેમ રહ્યા, એમને એક ઘસરકો પણ નહોતો થયો. બધાને અસાધારણ ઈજા થવા છતાં બચી જવા પામ્યા એ એક અજબ ઘટના હતી. એટલું જ નહિ, કારનો આગળનો ભાંગેલો કાચ પડવો કે કારની ઉપરનું કેરીયર પડવાનો સમય પણ એવો હતો કે જયારે ત્યાંથી બધાને ખસેડી લેવાયા હતા. આ વાત પણ અદ્દભુત હતી.

Scanned by CamScanner

પરંતુ રામ રાખે તેને કોણ ચાખે ? 'હરિને ભજતાં હજી સુધી કોઈની લાજ ગઈ જાણી નથી' એવી આપણી કહેવત મુજબ એ જ વખતે અમદાવાદથી જ પૂ. શાસ્ત્રીજીને જ મળીને પાછા ફરતા શ્રી ચંદુલાલ ઠક્કર ગાડી લઈને પસાર થતા હતા. એઓ લકવાની બીમારીથી પીડાતા હતા ને શાસ્ત્રીજી પાસે શક્તિપ્રદાનની સારવાર લઈ પાછા ફરતા હતા. એમની સાથે એમનાં પત્ની અને દીકરી હતાં. શ્રી ચંદુભાઈ પોતે તો અશક્ત હતા તેથી એમના ડ્રાઈવર, પત્ની ને દીકરીએ આ ઘવાયેલાંને ખૂબ સહાય કરી. એમણે એમને ઉંચકીને ગાડીમાં મૂકયા. એ જ અરસામાં અનિકેતભાઈના એક ઓળખીતાની ગાડી પણ સુરત તરફથી આવી રહી હતી. તેઓ પણ ત્યાં થંભી ગયાને બધાએ મળી આ ઈજાગ્રસ્તોને ભરૂચની સેવાશ્રમ હોસ્પિટલમાં ખસેડયા. એ બધાને સારવાર અપાઈ. પરંતુ મલ્લિકાબેનને અસાધારણ ઈજા થઈ હતી. ડોકટરોએ કહ્યું હતું કે કેસ ઘણો ગંભીર છે. આમ અનિકેતભાઈનું કુટુંબ એક મોટી આફતમાં સપડાઈ ગયું.

અનિકેતભાઈએ થોડોક વખત સ્વસ્થતા જાળવી પણ પછી તેઓ પણ ઊભા ન થઈ શકયા. અન્યોની સહાય વડે સુરત એમના સગાંવહાલાંને ખબર અપાવી. અમદાવાદ ફોન કરી શાસ્ત્રીજીને પણ અકસ્માતની ખબર આપી. અનિકેત-ભાઈને એમનાં કુટુંબીજનો મા ગાયત્રીના પરમ ભક્તોને એમનાં પર શાસ્ત્રીજીના અપાર આશીર્વાદ અને આવી જાણ થયા પછી પ્રેમાળ ને અનુકંપાશીલ શાસ્ત્રીજી બેસી રહે ખરા ? મા ગાયત્રી ભક્તોની વહારે ધાઈ. પૂ. શાસ્ત્રીજી

રાતના બાર વાગ્યે વરસતા વરસાદમાં ઈજા પામેલા ગાયત્રી માનાં બાળકોને આશ્વાસન ને આશીર્વાદ આપવા કારમાં આવી પહોંચે છે.

શાસ્ત્રીજી આવી ને જુએ છે ને સમગ્ર પરિસ્થિતિની ગંભીરતાનો એમને ખ્યાલ આવી જાય છે. વારાફરતી બધાની પાસે જઈને આશ્વાસન આપે છે. આશિષ આપી કહે છે મંત્રજપ કર્યે જાવ. ગભરાવ નહિ. તમને કોઈને કશું જ થવાનું નથી અને હોસ્પિટલમાં દરેકને શાસ્ત્રીજીએ શક્તિ પ્રદાનની સારવાર આપી અને અમદાવાદ પાછા ફર્યા.

ત્યારબાદ સર્વને સુરત લાવી સુરતની એક હોસ્પિટલમાં દાખલ કર્યા. તે સાથે જ શાસ્ત્રીજી પણ સુરત આવ્યા. બધાને શક્તિપ્રદાનની સારવાર આપી. એમણે અનેકવાર એક જ વાતનું પુનરાવર્તન કર્યા કર્યું કે તમને કોઈને કશું જ થવાનું નથી. મંત્રજપ કર્યે જાવ. ધીરે ધીરે બધાં સારાં થતાં ગયાં.

ને અનિકેતભાઇનું કુટુંબ જીવલેણ અકસ્માતમાંથી ઊગરી ગયું. અકસ્માતની વિગતો અનિકેતભાઇને મુખેથી સાંભળીએ છીએ ત્યારે આજે પણ કંપારી આવી જાય છે. અકસ્માત જે રીતે થયો તે જોતાં એમાં એકપણ વ્યક્તિ બચી ન શકે. આવા અકસ્માતમાં માનવી સ્થળ પર જ મૃત્યુ પામે. પરમતત્ત્વની કૃપા-આશિષ હોય તો જ આમાંથી માનવી હેમખેમ ઊભો થાય. નહિ તો મોતને જ ભેટે.

પણ અનિકેતભાઈના કુટુંબની મા ગાયત્રીની શરણાગતિ ને શાસ્ત્રીજીના આશિષ, એમના મુખમાંથી સરેલા શબ્દો 'તમને કશું જ નહિ થાય' ના બળે અનિકેતભાઈ તેમજ એમનું કુટુંબ જીવલેણ અકસ્માતમાંથી ઊગરી ગયું.

Scanned by CamScanner

## ૫. ઇલાબહેનનો ઉજડેલો સંસારબાગ ફરીથી નવપલ્લવિત થયો

ઈલાબેનનું ગામ રામપુર આમ તો ગામડા જેવું હતું. દસ બાર હજારની વસ્તી ધરાવતું હોવાથી અને થોડી સાધન સવલતો હોવાથી થોડી શહેર જેવી પણ ઝાંખી થાય. આ ગામમાં લગભગ ત્રીસ વરસથી એમનું કુટુંબ ત્યાં વસતું હતું. મધ્યમ વર્ગનું આ કુટુંબ પ્રથમથી જ ધર્મપરાયણ હતું. જેથી સુખી પણ હતું. સને ૧૯૭૪માં ઇલાબેન ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં હતાં. ઘરમાં બીજા મોટી બહેન પણ હતાં જે ધોરણ ૧૧માં અભ્યાસ કરતા હતાં. મોટી બહેનના લગ્ન અંગેની ખટપટ ઘરમાં શરૂ થઇ ગઇ હતી. યોગ્ય પાત્રની શોધખોળ શરૂ થઇ ગઈ હતી. પરંતુ તે દરમ્યાનમાં જ ત્રીસેક માઇલ દૂરનાં ગામડામાં રહેતાં એક શ્રીમંત કુટુંબના ગ્રેજ્યુએટ યુવાનને ત્યાંથી લગનની ઓફર આવી પરંતુ તે ઓફર ઇલાબેન માટે હતી.

યુવાન ગ્રેજ્યુએટ અને દેખાવે પણ સારો હોવાથી ઘરમાં બધા વિચાર કરવા લાગ્યા કે મોટી છોકરીને રહેવા દઇ નાની છોકરીનું લગ્ન કરવું સારૂં ન લાગે. છતાં યુવાનને ત્યાંથી દબાણ ચાલુ થયું અને તે જ વર્ષે લગ્ન લેવાવા જોઇએ તેવો આગ્રહ થયો. ના છુટકે સારી જગ્યા જતી ન રહે એ હેતુથી સામી પાર્ટીની માંગણી મંજૂર રાખી, મોટીનું લગ્ન પછીથી કરવું એવું નક્કી થયું.



Scanned by CamScanner

બંને ઘરમાં લગ્નની તૈયારી પુરજોશમાં ચાલતી હતી. અને છેવટે બધી અગાઉની વિધિ થઇ ગયા બાદ સં. ૨૦૩૦ને વૈશાખ વદ ૧૦ તા. ૧૭-૫-૭૪નાં રોજ ઇલાબેનનાં લગ્ન નક્કી થઈ ગયાં. ભણતર અધૂરું છોડીને તથા માબાપનું વહાલું ઘર છોડીને જવાનું દુઃખ ઇલાબેનને હતું તો બીજી બાજુ પૈસાપાત્ર સાસરૂં અને ગ્રેજ્યુએટ યુવાન અને સાસરા પક્ષનો મોટો કાપડનો ધંધો વગેરે યાદ કરતાં હૈયું આનંદિત થઈ જતું.

આખરે લગ્નની તારીખ આવી ગઈ. બપોરે જાનૈયાઓ આવી ગયા. દરેકનું યથાશક્તિ સ્વાગત કરવામાં આવ્યું. વેવાઈ પક્ષને ઓછું ન આવવું જોઇએ એવી બીકે ઇલાબેનનાં પિયરથી પોતાનાં ગજા ઉપરાંતનો ખર્ચ કરવામાં પણ પાછી પાની કરવામાં આવી ન હતી દરેક રીતે બધાને યોગ્ય વ્યવહાર કરવામાં આવ્યો. સાંજે લગ્ન થઈ ગયા. રાત્રે જાનને વિદાય કરી માબાપને દિકરી હૈયાથી અળગી કરવાનું દુઃખ અને દિકરીને સારા ઘરે મંડાણ કર્યાનો આનંદ મિશ્રિત લાગણીનો અનુભવ કરી રહ્યા હતા.

આણા વગેરેની વિધિ પણ પછીનાં દિવસોમાં પૂર્ણ થઈ. ઇલાબેનનો નવો સંસાર શરૂ થઇ ગયો હતો. પરન્તુ માત્ર એક મહિના બાદ એમના પતિ કંઈક વિચિત્ર વર્તાવ કરવા લાગ્યા. રાત્રે દારૂનું સેવન કરીને આવવું, મોડેથી આવીને ઇલાને મારવી વગેરે તો હવે નિયમિત બની ગયું હતું. ખાનદાન બાપની બેટી હોવાને કારણે એણે બધી જ મુશ્કેલીઓ મૂંગે મોંઢે સહન કરી. લગ્ન પછી સવા મહિના

Scanned by CamScanner

બાદ એક દિવસ ઇલાનું ખૂન કરવાની ગંધ એને આવી ગઈ. તેણે સાસુ–સસરાને વાત કરી. વાત વધુ ન બગડે તેથી ઈલાના સાસુ–સસરાએ એને થોડા દિવસ પિયર મોકલી દેવાનો નિર્ણય લીધો. ઇલાના જેઠે એને પિયર મૂકી આવવી એમ નક્કી થયું.

આ બાજુ ઈલાને લઇને તેમના જેઠનું અચાનક આગમન ઘરમાં આશ્ચર્ય સમાન બની ગયું. સાંજે તેમના જેઠનાં ગયા પછી ઈલાએ મા–બાપને બધી વાતો કરી. મા–બાપે એની પાછળનું કારણ શોધવાની કોશિશ કરી, તો ખૂબ જ આશ્ચર્યજનક અને ખરાબ બાબતો બહાર આવતી ગઈ. છોકરાને પહેલેથી ખરાબ સોબતો અને વ્યસનો હતાં. પરસ્રીગમન વગેરે કુટેવો એને મન સામાન્ય હતી. "થોડા દિવસમાં પાછા તેડી જશું" એવું સાંત્વન આપી ગયેલા એમના સાસરિયા તરફથી છ માસ થયા છતાં ન તો કોઈ તેડવા આવતું કે ન કોઈ પત્રવ્યવહાર !

આ બાજુ ઈલાબેનના માબાપને ખૂબજ ચિંતા થવા લાગી. વાઘના મુખમાં ગાયને આપવાની ભૂલ વિધિની વિચિત્રતાના કારણે થવા પામી હતી. સાસરા પક્ષથી જવાબ આવ્યો કે એને સુધારવાની કોશિશ ચાલુ છે. છોકરો લાઇન પર આવી જાય એટલે તેડી જઈશું.

એક વરસ થયું કોઈ તેડવા ન આવ્યું. પછી તો આશાની ઈમારત તૂટવા લાગી. તેડી જવાની કોઇ એંધાણી ન દેખાઈ. ઇલા પિયર આવી ત્યારથી જ એણે ધાર્મિક પ્રવૃત્તિઓ

Scanned by CamScanner

આદરી દીધી હતી જેથી એનો પતિ સુધરી જાય અને સંસાર સારી રીતે ચાલુ થઈ જાય. આમ દુઃખમાં દિવસો પસાર કરતી ઇલાના હાથમાં અચાનક શુક્રવાર તારીખ ૬ ઓગસ્ટ ૧૯૭૬ના રોજ 'સંદેશ' દૈનિક આવ્યું. જેમાં મા ગાયત્રીનું શરણું લેતા એક એવી જ દુઃખી બહેનના પરદેશ રહેતા પતિએ તેડાવી લીધાની વાત હતી.

એ લેખ વારંવાર વાંચ્યા બાદ પૂ. શાસ્ત્રીજીને મળવાની તીવ્ર ઉત્કંઠા થતાં ઈલાબેન તેમના મોટાભાઈ સાથે તેજ દિવસે અમદાવાદ જવા ઉપડી ગયા. તે વખતે પૂ. શાસ્ત્રીજી એમની ઓફીસે બધાને મુલાકાત આપતા હતા. બીજે દિવસે શનિવારે મળવા માટે ઓફિસે ગયાં તો ત્યાંથી સમાચાર મળ્યા કે તેઓ આજે નથી આવવાના, ઘરનું સરનામું મેળવી સાંજે ઘરે મુલાકાત લીધી. બધી વિગતવાર વાતો કરીને ઘટતું કરવાની વિનંતી કરતાં ઈલાની આંખમાં અશ્રુ-ધારાઓ વહેવા લાગી.

પૂ. શાસ્ત્રીજીએ એને શાંત પાડતાં કહ્યું કે માની શરણાગતિ સ્વીકારીને રોજ ત્રણ માળા કરજો. "મા સૌનું કલ્યાણ કરે છે. બધું બરાબર થઇ જશે. એક માસ પછી મને મળજો."

ઇલાબેને ઘરે આવીને બધી વિધિઓ નિયમિત રીતે ચાલુ કરી દીધી. એક માસ પૂરો થયો. પરંતુ સંજોગોને લીધે શાસ્ત્રીજીને મળવા જઈ શકાયું નહીં. આ બાજુ દિવાળીનો સમય આવી ગયો.

Scanned by CamScanner

સં. ૨૦૩૨ના આસો વદ ૦)) તા. ૨૩/૧૦/૭૬ના રોજ ઘરમાં મોટાભાઈ સાથે થોડી કૌટુંબિક ચર્ચામાં ઝગડો થતાં મોટાભાઇએ ઉશ્કેરાટમાં ઇલાબેનને એક તમાચો ચોડી દીધો. ઇલાબેન માટે દુઃખો તો અપાર હતાં. તેમાં વળી પિયરમાં ભાઇનો તમાચો ખાવો પડયો. જેથી એને ખૂબ જ લાગી આવ્યું. જીવતર ઝેર સમાન લાગ્યું. અને અચાનક એણે નિર્ણય કરી લીધો કે આત્મહત્યા કરવી. તે જ સાંજે કોઇને પણ કહ્યા વગર ઘરમાંથી નીકળીને રેલ્વે લાઇન પર ટ્રેન નીચે સુઇ જઇ આત્મહત્યા કરવી એવો દઢ નિર્ણય કરીને ઇલાબેન જતાં રહ્યાં.

આ બાજુ ત્રણેક કલાકની એની ગેરહાજરી બાદ સૌને ધ્યાનમાં આવ્યું કે, ઈલા ઘરમાં નથી. આજુબાજુ સગાઓ તથા બહેનપણીઓને ત્યાં તપાસ કરાવી પણ ઇલાનો પત્તો નહીં લાગ્યો. ચારે બાજુ શોધખોળ આરંભી દેવાઇ.

બીજી બાજુ પોતાના ગામથી ૨૦ માઈલ દૂર રેલ્વે લાઈન પર જઇને ઇલાબેન ટ્રેનનાં પાટા પાસે ટ્રેન આવવાની રાહ જોઇને ઉભા રહ્યાં. પરંતુ અચાનક કોઈ અગમ્ય શક્તિ એના આત્મહત્યાના વિચારને પાછો ધકેલતી હતી. જાણે બે વિચારોની મારામારી ચાલી રહી હતી.

તે શક્તિ જાણે કહી રહી હતી કે, આત્મહત્યા નથી કરવાની સીધી શાસ્ત્રીજી પાસે ચાલી જા, અને પછી એકાદ કલાકની આ વિચારોની મારામારી પછી અચાનક એના પગ પાટા તરફ વળવાને બદલે સીધા રેલ્વેની ટિકિટબારી તરફ ધસ્યા

Scanned by CamScanner

એને કોઈ પરાણે ખેંચી જતું હોય એમ લાગતું હતું. અમદાવાદની ટિકિટ કઢાવી રાત્રે જનતામાં બેસીને સવાર પડતાં તો ઇલાબેન અમદાવાદ પહોંચી ગયાં. ત્યાંથી રીક્ષા કરીને સવારે ૬–૦૦ વાગે તો શાસ્રીજીના ઘરે પહોંચી ગયા.

આજે નવું વર્ષ હતું, સવારમાં ૬–૦૦ વાગ્યામાં કોણ આવ્યું હશે એવા વિચારથી પૂ. શાસ્ત્રીજીએ પૂજામાંથી ઉઠયા બાદ ઈલાબેનને મળવા બોલાવ્યા. બધી વિગતે વાત કરીને તે ધ્રુસકે ધ્રુસકે રડી પડયાં. શાસ્ત્રીજીએ શાંત પાડીને કહ્યું કે,'સીધાં જ ઘરે પાછા જાઓ. મા ગાયત્રી બધું સારું કરશે અને આત્મહત્યાનો વિચાર હવે પછી નહીં કરશો.' પ્રસાદ વગેરે આપીને રવાના કર્યા બાદ ઈલાબેન રાત્રે ઘેર પાછા હેમખેમ આવતા ઘરમાં આનંદનો પાર ન રહ્યો.

થોડા દિવસ પછી ઇલાબેનના સાસરેથી સમાચાર આવ્યા કે છુટાછેડા કરવા છે. જમાઇ સુધરવાના કોઈ સંજોગો ન દેખાતા માતાપિતાએ છુટાછેડા સ્વીકારી લીધા, છુટાછેડા લીધા પછી ફરીથી ઈલાબેન માટે સારું ઘર શોધવાનો પ્રયત્ન શરૂ થયો.

એક દિવસ અચાનક સ્વપ્નમાં ઈલાબેનને શાસ્ત્રીજી દેખાયા. એ કહી રહ્યા હતાં કે ઈલા તારે માટે મેં વર શોધી રાખ્યો છે. અને સં. ૨૦૩૩ના ચૈત્ર સુદ ૧ને દિવસે અમદાવાદમાં એક મધ્યમવર્ગના કુટુંબના વડીલો તથા છોકરો ઇલાને જોવા માટે આવી ગયા, લગ્ન નક્કી થઇ ગયા. અને તા. ૨-૪-૭૭ ના રોજ લગ્ન પણ લેવાઈ ગયાં.

Scanned by CamScanner

હાલ ઇલાબેન નિયમિત રીતે મા ગાયત્રીની માળા કરે છે. તેઓ ખુબજ સુખી છે. પતિની સરકારી નોકરી છે. પગાર સારો છે તેમજ બંને વચ્ચે કોઈપણ જાતનું મનદુઃખ કે અશાંતિ નથી.

માબાપના હૈયાને મોટી રાહત થાય એ રીતે ઈલાબેનનો નવો સુખી સંસાર મા ગાયત્રીની કૃપાથી આગળ વધી રહ્યો છે.

---

Scanned by CamScanner

## ૬. કોઈ પણ જાતની શકયતા વિના શૈલેષને નોકરી કેવી રીતે મળી ગઇ ?

અખંડ અને અતૂટ ઉપાસના તેમજ પૂર્વજન્મનાં સંચિત પુણ્યકર્મો દ્વારા જેણે મા ગાયત્રીનો સાક્ષાત્કાર કર્યો છે, ઉપાસનાની ફલશ્રુતિનો જેણે માનવજાતના કલ્યાણ અર્થે વિનિયોગ કર્યો છે એવા પ્રખર ગાયત્રી–ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજીએ સમગ્ર ગુજરાત તેમજ મહારાષ્ટ્રને ગાયત્રી અભિમુખ કરવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. જીવનની અનેકાનેક વિષમતાઓ અને વિસંગતતાઓથી ચીંટળાયેલા દુઃખી માનવીઓને મા ગાયત્રીનું શરણું સ્વીકારવાનું તેમ જ ગાયત્રી મંત્રજપ અંગે સરળ ને સચોટ માર્ગદર્શન આપ્યું છે. અનેક માનવીઓનાં હતાશ–નિરાશ જીવનમાં એક નૂતન આશા–શ્રદ્ધાનો સંચાર કર્યો છે. એ રીતે આ જગતમાં વિલસી રહેલા પરમ ચૈતન્યનું લોકોને અભિજ્ઞાન કરાવ્યું છે. આધ્યાત્મિક ક્ષેત્રે એમણે સ્વકીય અભિગમ પ્રસ્તુત કર્યો છે.

માનવમાત્રને પોતાનું જીવન સુખી–સમૃદ્ધ અને પ્રત્યેક રીતે સુમેળ ભર્યું હોય–બને એવી અંતરની એક ઊંડી અભિલાષા હોય છે. ભૌતિક જીવનથી સમૃદ્ધ બનેલો માનવી ‘હવે મારે કશી વાતની ઊણપ નથી, હવે મારે કશું મેળવવાનું નથી’ એવી સંતૃપ્તિ સાથે ‘હવે હું નિરાંતે પ્રભુભજન કરીને જીવન પૂરું કરીશ’ એમ પોતાનો અંતિમ

Scanned by CamScanner

કાળ ભગવદ્ ભજનમાં વીતાવે છે. તે પ્રભુમય બને છે. માનવજીવનની આ એક સ્વાભાવિક ગતિ છે. પૂ. શાસ્ત્રીજીએ અનેકોનાં જીવનને મા ગાયત્રીના માર્ગદર્શન દ્વારા સમૃદ્ધ કર્યું છે.

મા ગાયત્રીની કૃપાના અનેક અનુભવોનું આલેખન સુખ્યાત દૈનિક વર્તમાન પત્ર 'સંદેશ'ની 'અગોચર મનની અજાયબી' કોલમમાં પૂ. શાસ્ત્રીજી પ્રસ્તુત કરે છે. એમાંથી અનેક માનવીને પ્રેરણા ને બળ પ્રાપ્ત થતાં રહે છે. અંધકારમાં અટવાતા માનવીને પ્રકાશનો એક ઝબકાર લાધે છે. પથ ભૂલેલાને પથદર્શક બને છે. નિરાશ માનવીમાં આશાના અંકુર ફૂટી નીકળે છે. એ રીતે અવલોકતાં પૂ. શાસ્ત્રીજીએ 'સંદેશ'ના માધ્યમ દ્વારા મા ગાયત્રીનો પ્રચાર ને પ્રસાર કર્યો છે. 'સંદેશ' મા ગાયત્રીનો સંદેશ–**'સંપૂર્ણ શ્રદ્ધાથી ને શરણાગતિથી મંત્રજપ કર્યે જાવ'**–ઠેરઠેર ફેલાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. એટલું જ નહિ, અગોચર એવા માનવમનને તેમજ અગોચર એવા સૃષ્ટિના અંતિમ સત્યને ગોચર કરવામાં પોતાનો માનવીય પ્રયાસ કર્યો છે.

'સંદેશ'ના લેખો એક ભાઈને માટે પ્રેરણાદાયી નીવડ્યા તેનો એક કિસ્સો અત્રે પ્રસ્તુત કર્યો છે.

ખેડબ્રહ્માનો એક યુવાન શ્રી શૈલેષ ડી. પ્રધાન પોતાનો અભ્યાસ પૂર્ણ કરી નોકરીની શોધમાં હતો. ઠેરઠેર અરજીઓ કરી, કેટલાયને કાને વાત નાખી, કેટલાય માનવીનો સંપર્ક

Scanned by CamScanner

સાધ્યો પણ ક્યાંય નોકરીનું ચોકઠું બેસે જ નહિ. એક દિવસ અચાનક 'સંદેશ' હાથમાં આવ્યું. વાંચતાં વાંચતાં એની નજર શાસ્ત્રીજીના લેખ પર પડી. લેખના શીર્ષકમાં જ મા ગાયત્રીની કૃપાથી કોઈકની મુશ્કેલીનું નિવારણ થયાનું સૂચન હતું. શૈલેષ એ લેખ આખો વાંચી ગયો ને વિચારમગ્ન બની ગયો. એકાએક એના ચિત્તમાં વિચાર ઝબકી ગયો : હું પણ શાસ્ત્રીજીને મળું અને મારી નોકરી અંગે માર્ગદર્શન માગું. એણે 'સંદેશ'ના કાર્યાલયમાંથી શાસ્ત્રીજીનું સરનામું મેળવ્યું.

શૈલેષે શાસ્ત્રીજી પાસે જઈ એમને વંદન કર્યા. શાસ્ત્રીજીએ સસ્મિત ચહેરે વંદન સ્વીકારીને, આશીર્વાદ આપીને આગમનનું પ્રયોજન પૂછ્યું. શૈલેષે કહ્યું; 'શાસ્ત્રીજી, હમણાં જ મેં અભ્યાસ પૂરો કર્યો. હવે નોકરીની શોધમાં છું. પણ ક્યાંય પત્તો લાગતો નથી. આપ આશિષ આપો મને ક્યાંક સારી નોકરી મળી જાય! નોકરી શબ્દ સાંભળીને જ આગંતુકનો હેતુ સમજી જઈને શાસ્ત્રીજી પળભર મા ગાયત્રીમાં તન્મય થઈ ગયા ને શૈલેષ તો બોલતો જ રહ્યો. પણ થોડીક જ ક્ષણોમાં આંખો ઉઘાડી શાસ્ત્રીજીએ શૈલેષને મા ગાયત્રીની છબી અને મંત્રકાર્ડ આપ્યું. અને કહ્યું : 'મંત્રજપ ચાલુ કરી દો. થઈ જશે. હું પ્રયત્ન કરીશ.'

શૈલેષે શાસ્ત્રીજી પાસે માર્ગદર્શન માગ્યું અને શાસ્ત્રીજીએ આટલા જ શબ્દો કહ્યા! માંડ દોઢ મિનિટ કંઈક અસંતોષ સાથે શૈલેષ ફરી વંદન કરીને શાસ્ત્રીજીના ઓરડાની બહાર નીકળી ગયો.

Scanned by CamScanner

ઘેર જઈને બીજે દિવસથી સંપૂર્ણ શ્રદ્ધાથી ને પ્રપત્તિભાવથી મા ગાયત્રીનું રટણ–મંત્રજપ શરૂ કરી દીધા. ક્યાંયથી પણ નોકરી મળવાની શક્યતા જ નહોતી. પણ શૈલેષ નિરંતર મંત્રજપ કરતો જ રહ્યો.

એક દિવસ અચાનક જ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાંથી ખંડ સમયની નોકરીનો પરિપત્ર આવ્યો. શૈલેષ ભાવવિભોર બની ગયો. એને ખૂબ આશ્ચર્ય થયું. એના આનંદનો કોઈ પાર નહોતો. અને અંતરમાંથી એક અવાજ ઊઠયો : 'મા ગાયત્રીના જપ કર્યા ને ! શાસ્ત્રીજીએ કહ્યું હતું ને કે હું પ્રયત્ન કરીશ !' તો એ શાસ્ત્રીજીનો પ્રયત્ન હતો. મા ગાયત્રીની કૃપા શૈલેષ પર ઊતરી ને નોકરી મળી ગઈ !

માણસની કોઈપણ મુશ્કેલી અંગેનું પૂ. શાસ્ત્રીજીનું માર્ગદર્શન સચોટ નીવડે જ છે. માણસે તો માત્ર એમના આશિષ મેળવી મા ગાયત્રીમાં શ્રદ્ધા રાખી એમના શબ્દોના નક્કર પરિણામની પ્રતીક્ષા જ કરવાની રહે છે. શાસ્ત્રીજીના મુખમાંથી સરી પડતા શબ્દો કાળે કરીને સાચા પડીને જ રહે છે. કોઈપણ પરિસ્થિતિ વિશે એમણે આપેલો 'હકાર'નો પ્રત્યુત્તર સિદ્ધ થઈને જ રહે છે, એ વાત નિઃશંક છે અને અનુભવસિદ્ધ છે. શાસ્ત્રીજીના આશીર્વાદ મેળવો, મા ગાયત્રીમાં અખૂટ ને અતૂટ શ્રદ્ધા રાખો. પછી થોભો અને રાહ જુઓ. તમારું કાર્ય જરૂર સરળ અને સફળ થશે જ એમાં લેશ માત્ર શંકાને અવકાશ નથી.

Scanned by CamScanner

પણ શૈલેષને તો એટલે સુધીની શ્રદ્ધા છે કે આ ખંડ સમયની મળેલી નોકરીનો વખત જતાં જરૂર પૂરા સમયની નોકરી તરીકેનો પરિપત્ર મળશે.

આમ, શૈલેષની આવી અતૂટ ને અટલ શ્રધ્ધાએ જ કોઈપણ જાતની શકયતા વિના એને નોકરી પ્રાપ્ત થઈ. એની નિરાશા આનંદમાં પરિણમી !

---

Scanned by CamScanner

## ૭. મા ગાયત્રીની કૃપાથી ચૈતન્યભાઇને ફરી દ્વારિકામાં બદલી મળી

માણસને જેટલો નવીનતાનો મોહ છે જેટલું અજાણ્યાનું આકર્ષણ છે જેટલુ અવનોતનું કૌતુક છે, એટલું જ એને સ્થાયીપણાનું ઘેલું છે. કોઈ જગ્યાએ અંતે, દોડી દોડીને ઠરીઠામ થવાની એની ઘેલછા પણ એકદમ વિચિત્ર છે. માણસના સ્વભાવની આ બે પરસ્પર વિરોધી ભાસતી વૃત્તિઓએ જ દુનિયાની પ્રગતિને વેગ આપ્યો છે અને સાચવી સારવી લેવા જેવું સ્થિર કરી લેવાનું શાણપણ પણ બક્ષ્યું છે.

માણસને એની ઊતરતી ઉંમરમાં સ્થિરતાનું આકર્ષણ હોય છે એની ચઢતી જવાની નિત નવાં સોપાનો સર કરવા એને દોડાવતી રહે છે, પણ આયુષ્યના ઢોળાવ તરફ ઢળતો માણસ સાચવી સાચવીને ડગ દેવા ઉત્સુક રહે છે, આયખાના ઢોળાવ પર લથડીને ગબડી ન પડાય તેથી એ સ્થિરતાને સાચવવા મથે છે માણસની જિંદગીનો આ ક્રમ છે. ગતિ શીલતાએ એને નવી નવી ક્ષિતિજો ઉઘાડવા ઉત્સુક કર્યો છે તો સ્થિરીકરણની એની એષણાએ સભ્યતા અને સંસ્કૃતિનાં રૂપોને ઘાટ આપ્યો છે એમને નક્કર સિદ્ધિરૂપે આકાર આપ્યો છે.

સ્થિરતાનું આવુ આકર્ષણ એકવીસ એકવીસ વર્ષની એકધારી જિંદગી પછી ચૈતન્યભાઈમાં પણ જાગ્યું હતું એક મોટી કંપનીમાં વરિષ્ઠ અધિકારી તરીકે એકધારાં એકવીસ

Scanned by CamScanner

વર્ષ એમણે દ્વારકાધીશના ચરણોમાં દ્વારિકામાં ગાળ્યાં હતાં. ખાનદાન અને ધાર્મિક કુટુંબમાં જન્મેલા ચૈતન્યભાઇને ભક્તિ ગળથૂથીમાંથી મળી હતી. ભગવાનના આવા મોટા ધામમાં આયુષ્યના બે કીંમતી દાયકાઓ ગાળ્યા બાદ અચાનક એમને બાવીસમે વર્ષે જ્યારે પ્રમોશન સાથે બદલીનો ઓર્ડર મળ્યો ત્યારે એમને જ નહીં કુટુંબને પણ આનંદ ઉપજવાને બદલે જાણે આઘાત થયો. ઠરીઠામ થયેલું આખું કુટુંબ હલબલી ઊઠયું. સાવ અજાણી જગાએ નવેસરથી ઠરીઠામ થવું. આ ભગવાનના ધામમાં અનેક સજ્જનો સાથે બંધાયેલી માયાને ત્યજી દેવી ફરી નવા સંબંધો બાંધવા ? આ બધા પ્રશ્નોથી ચૈતન્યભાઇ અને એમનાં કુટુંબીજનો વિહ્વળ થઈ ગયા હતા.

એકાએક આવી પડેલી આ આપત્તિમાંથી શ્રી. ચૈતન્યભાઇનો મા ગાયત્રીની કૃપાથી કેવી રીતે છુટકારો થયો એ હકીકત ખુદ ચૈતન્યભાઇના શબ્દોમાં જ જોઇએ.

એકવીસ વર્ષ એકધારા શ્રી દ્વારિકાધીશના ચરણે ગાળ્યા પછી મારી બદલી 'પ્રમોશન' સાથે જ્યારે દ્વારકાથી સેવાલિયા થઈ ત્યારે 'પ્રમોશન' હોવા છતાં પરાણે અને રીતસરના ડૂસકાં ભરતાં અમે–હું, મારી પત્ની તથા ત્રણ પુત્રીઓ અને એક પુત્ર–દ્વારિકા છોડયું. ૩૦–૬–૭૬ ના રોજ અમે સેવાલિયા પહોંચ્યા અને નવી જગ્યાની શરૂઆતમાં પડનારી મુશ્કેલીઓના પૂરા ભાન સાથે અમે ત્યાં અમારૂં જીવન શરૂ કર્યું. પરંતુ માત્ર બે થી અઢી મહિનામાં જ અમને ભયંકર હેરાનગતિ પડવાની શરૂ થઇ ગઇ. મારી

Scanned by CamScanner

પત્નીની તથા બીજા નંબરની પુત્રીની તબિયત એકદમ બગડવા માંડી અને એ સેવાલિયાના સાધારણ રીતે સારા ગણાતાં હવાપાણી તેમને માટે વિપરીત સાબિત થયાં. દિનપ્રતિદિન એકંદરે મારા સમસ્ત કુટુંબ પર એવી ભયાનક કમનસીબી છવાઇ ગઇ કે, મને ભય લાગવા માંડયો. કે મારા છ સભ્યોનું કુટુંબ સેવાલિયામાં કયારેક નાનું બની ન જાય!

આવી સાવ હતાશ પરિસ્થિતિમાં વચ્ચે મારી પત્નીએ 'સંદેશ' તથા ગાયત્રી વિજ્ઞાનમાં પ. પૂ. શાસ્ત્રીજી શ્રી. નરેન્દ્રભાઇ બી. દવે વિશે વાંચ્યું અને મને તેમને મળી આવવા માટે કહ્યું. એ અરસામાં મારે ઘણીવાર ઓફિસના કામ માટે અમદાવાદ જવાનું થતું અને એક એવા પ્રસંગે હું પ. પૂ. શાસ્ત્રીજીને મારી તકલીફોનું નિવારણ કરવાની વિનંતી સાથે મળ્યો. માત્ર અડધી મિનિટ જ ચાલેલી અમારી મુલાકાતમાં એમણે મને શ્રી સાહિત્ય હૃદયસ્ત્રોતનો પાઠ અને શ્રી ગાયત્રી મંત્રની પાંચ માળા દરરોજ કરવાની સલાહ આપી. મને મનમાં જરા અસંતોષ તો થયો જ કે પ. પૂ. શાસ્રીજીએ મને પૂરો સાંભળ્યો પણ નહીં, તેમ છતાં એમની સૂચના અનુસાર મેં દૈનિક પાઠ અને માળા શરૂ કર્યા.

મારી સમસ્યાનો ઉકેલ અઘરો નહોતો, અશકય હતો! અમારી કંપનીનાં સમસ્ત ભારતમાં ફેલાયેલાં ૧૭ કારખાનાઓ છે. દ્વારકાથી 'પ્રમોશન' મેળવીને સેવાલિયા આવવું અને ત્યાંથી પુનઃ દ્વારકા જ જવું એ તો કાંઇ ચમત્કાર બને તો જ શકય હતું, સેવાલિયાથી બદલી કરવી

એ અઘરી વાત હતી. પણ એ બદલી બીજાં ૧૬ કારખાનામાંથી બીજે ન કરાવતાં અમારી પસંદગીના દ્વારકામાં જ કરાવવી તે ઉપર કહ્યા મુજબ અશક્ય વાત હતી. મારી બદલી પુનઃ દ્વારકા થાય તે માટે રોજ સવારે આઠ વાગે મને ઓર્ડર મળતાં અમે બે તરત જ ઝગડીયા જવા નીકળ્યાં. આખએ રસ્તે ક્યાંય તકલીફ ન પડી કે ન વરસાદ નડયો. ઝઘડીયામાં શ્રી ગાયત્રી તીર્થના ઉતારામાં પ. પૂ. અવધૂતજીનાં દર્શનનો અણધાર્યો લાભ મળ્યો. અને એમના સ્વહસ્તે એમના માટેનાં ચ્હા અને ખાખરામાં અમને અમારો ભાગ મળ્યો ! વળી એમણે જણાવ્યું કે જો એમની બસ બગડી ન ગઇ હોત તો તેઓ ક્યારનાયે મુંબઇ જતા રહ્યા હોત ને અમને એમનાં દર્શન ને ચરણસ્પર્શનો લાભ ન મળત. શ્રી ગાયત્રીજીની અસીમ–કૃપા અનુભવીને અમે ગદ્ગદ બની ગયા.

અંતમાં કહ્યા વગર નથી રહેવાતું કે શ્રી ગાયત્રીમંત્રમાં અમને તો 'ગુરુચાવી' મળી ગઈ છે કે જેનાથી ભલભલા તકલીફોના તોતીંગ દરવાજાઓ સરળતાથી ખુલી જાય છે. આ 'ગુરુચાવી' આપનાર પ. પૂ. શાસ્ત્રીજીને અમે અમારા ગુરુપદે સ્થાપી દીધા છે. પ. પૂ. અવધૂતજીનો પણ સહાસ્ય પ્રસન્ન ચહેરો સદાએ અમારી નજર સમક્ષ તરવર્યા કરે છે.

———

Scanned by CamScanner

## ૮. દિલીપભાઇની ખોવાયેલી અગત્યની માપબુકો ક્યાંથી મળી આવી ?

મા તે મા. માના વાત્સલ્યસ્રોતની તોલે જગતની કોઈ વસ્તુ આવી શકે તેમ નથી, જગતનો કોઇ સંબંધ વિશેષ માના સ્નેહ–નિર્ઝરનો અભાવ પૂરી શકે તેમ નથી. માની મમતા ને સ્નેહ નિર્વ્યાજ હોય છે. મા પોતાના બાળકની નાની–મોટી પ્રત્યેક અશકયતાનો ખ્યાલ રાખે છે. નાનામાં નાની, ક્ષુલ્લકમાં ક્ષુલ્લક બાબતની પણ તે કાળજી લે છે ને એમ મા પોતાના બાળકનું પ્રાણની પેઠે જતન કરે છે.

તેથી જ તો ગુજરાતી સાહિત્યના એક કવિ બોટાદકરે ગાયું છે : જનનીની જોડ સખી નહી જડે રે લોલ,....
ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,....
સરખો એ પ્રેમનો પ્રવાહ રે....

આમ માના પ્રેમનો પ્રવાહ નિરંતર વહેતો જ રહે છે.

એક દિવસ સાંજના ચાર વાગ્યે મુલાકાતીઓનો સમય પૂર્ણ થતાં જ હું ઘેર પાછો ફરવાની તૈયારી કરતો હતો, ત્યાં જ હાંફળા–ફાંફળા થતા એક ભાઈએ પ્રવેશ કર્યો. મેં સસ્મિત ચહેરે આવકાર આપ્યો ને બેઠક લેવા જણાવ્યું. આવવાનું પ્રયોજન પૂછ્યું. ચિંતાન્વિત ચહેરાની રેખાઓ વધુ તંગ થઈ ને એમણે હકીકત જણાવી : 'શાસ્ત્રીજી, હું જ્યાં નોકરી કરું છું તે ઓફિસમાંથી બે **Measurement Books**–માપબુકો ખોવાઈ ગઈ છે. ખૂબ શોધી પણ



Scanned by CamScanner

જડતી જ નથી. ખૂબ અગત્યની બુકો છે. મળશે કે નહિ ? મેં મારી નોકરીમાં ક્યારેય બેકાળજી નથી રાખી. આ બુકો કેવી રીતે ખોવાઈ ગઈ તે જ નથી સમજાતું. આ તો મારી નોકરીનો સવાલ છે........' એ ભાઈ એકીશ્વાસે બોલી ગયા. મેં એમને સ્વસ્થ થવા જણાવ્યું. આંખો બંધ કરી માનું ધ્યાન ધરી, માના સંકેત મુજબ મેં એને મંત્રજપ કરવા કહ્યું ને એમને માતાજીનો ફોટો ને મંત્રકાર્ડ આપ્યું. 'હું આપને માટે પ્રયત્ન કરીશ.' એમ મેં જણાવ્યું. માતાજીનો ફોટો ને કાર્ડ લઈને એ ભાઈ વિદાય થયા. મેં માને મનોમન પ્રાર્થના કરી, 'મા ! તારે શરણે આ બાળકો પોતાની નાની મોટી મૂંઝવણ લઈને આવે છે. એમને તું સહાય કરજે. એમનું રક્ષણ કરજે.'

ઓફિસ બંધ કરી હું ઘેર ચાલી ગયો. પછી તો એ વાત સાવ ભૂલાઈ પણ ગઈ.

પણ એક દિવસ ટપાલમાં એક પોસ્ટકાર્ડ આવ્યો. એમાં લખ્યું હતું : 'પૂ. શાસ્ત્રીજી, મેં આપને મારી બે માપબુકો ખોવાયા અંગે વાત કરી હતી તે આપના પ્રયત્નો તેમજ મા ગાયત્રીની કૃપાથી એ અગત્યની બુકો મળી આવી છે. હવે મને શાતા વળી છે.

લિ. આપનો ભવદીય
દિલીપકુમાર ગોરધનદાસ વોરા

મારું ચિત્ત માની અસીમ કૃપાથી કૃતકૃત્ય થઇ ગયું. હું એમાં મારી કોઈ જ અગત્ય નથી જોતો. હું તો માત્ર

Scanned by CamScanner

નિમિત્ત છું. માનવીની ગૂંચો ઉકેલવા માને માત્ર પ્રાર્થના કરું છું. પરંતુ માનવીની અંતઃકરણની પ્રાર્થના સાંભળી મા સ્વભક્તોની વહારે ધાય છે. એના પ્રત્યેક કાર્યમાં સહાય કરે છે. દિલીપભાઈએ માનું અંતરથી સ્મરણ કર્યું ને ખોવાયેલી માપબુકો શોધી આપવા પ્રાર્થના કરી. એ પ્રાર્થના દ્વારા મા એની મુશ્કેલી સમજી ગયાં. જો ખોવાયેલી માપબુકો મળે જ નહિ તો દિલીપનું શું થશે? ઓફિસમાં શું જવાબ આપશે? બેદરકાર હોવાને બહાને કદાચ દિલીપભાઇને નોકરીમાંથી છૂટા કરવામાં આવે તો? ને એની પડખે દિલીપભાઇના જીવનમાં કેટલી બધી વિષમતાઓ પોતાનું આધિપત્ય જમાવવા તત્પર બને! મા એ જાણતી હતી–સારી રીતે જાણતી હતી તેથી જ દિલીપભાઇની પ્રાર્થના સાંભળી. હેડઓફિસના કપબોર્ડમાં આડે અવળે હાથે મુકાઇ ગયેલી બુકો સલામત છે એવી માએ પ્રેરણા આપી. તેમાં તપાસ કરી જોઇએ એવી ચિત્તમાં સ્ફુરણા થતાં ને તપાસ કરતાં માપબુકો મળી આવી.

ઓફિસમાં સર્વેએ રાહતની લાગણી અનુભવી. દિલીપભાઈ મનોમન માની કૃપાને વંદી રહ્યા. કેટલી મોટી ઉપાધિમાંથી માએ દિલીપને બચાવી લીધો! આ છે માનો વાત્સલ્યસ્રોત!

## ૯. સંતાનપ્રાપ્તિની ઝંખના મા ગાયત્રીની કૃપાથી ફળી

ભારતમાં વસતીવધારો એક ભયાનક અને વિષમ સમસ્યા છે. સરકાર, સામાજિક કાર્યકરો અને તમામ સમજદાર નાગરિકો વસતી વધારાના ભયાનક વેગને રોકવા મથી રહ્યા છે. વસતીવધારાનો આ બોજો દેશને માથે જો આજ રીતે વધતો રહે તો દેશની પાયમાલી થઈ જાય એ સત્ય હવે વ્યાપકપણે સ્વીકારાતું જાય છે.

આની સામે ભારતીય પરંપરાગત સંસ્કારોને પરિણામે તદ્દન જ સંતાનવિહોણી જિંદગી પણ કોઈને માન્ય નથી. પુત્ર કે પુત્રીને માટે પથ્થર એટલા દેવ કરનારાં માણસો આપણી આસપાસ આપણે જોઈ શકીએ છીએ, સંતાનો ઘણાં ન હોય પણ એક-બે તો અચૂક હોય એવો સિદ્ધાંત કુટુંબ કલ્યાણના આયોજકોએ પણ સ્વીકાર્યો છે પરંતુ પરેશાનીની વાત એ છે કે માનવી વિજ્ઞાનની આધુનિક શોધોનો સહારો લઈ બાળજન્મને રોકી તો શકે છે પણ સંતાનવિહોણી માતાને એટલી સહેલાઈથી સંતાનપ્રાપ્તિ કરાવી શકતો નથી.

મનુષ્ય, વૈદ્ય, હકીમ, ડોકટર, યાંત્રિક-તાંત્રિક અને ભૂવા-જતિ આ સંતાનઝંખના પૂરી કરવા માટે પ્રયત્ન કરતો હોય છે એ જાણીતી વાત છે. આ ઝંખના એટલી તો હઠીલી છે કે ઘણીવાર માણસ સંતાનના લોભમાં હિચકારું કૃત્ય કરી

Scanned by CamScanner

બેસતાં યે ખંચકાતો નથી, ટૂચકાં કરી બીજાનાં સંતાનોના જીવ લેનારી વ્યક્તિઓ આવી હઠીલી ઝંખનાની વિકૃતિનો ભોગ બનેલી હોય છે.

પીયૂષભાઈ બધી જ વાતે સુખી અને સ્વભાવે સંતોષી એવા સજ્જન હતા. પિતા નાના મૂકીને ગુજરી ગયા છતાં, કોઇ અન્યની ઓથ ન હોવા છતાં, પોતાની હોંશિયારી અને જાતમહેનતથી તેમણે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ પૂરો કરી રેલ્વેમાં નોકરી મેળવી હતી. અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનના વિષયોમાં એમણે ઊંચા ટકા મેળવેલા હોઈ એમને સહેલાઈથી નોકરી મળી ગઇ હતી.

અને ત્યારથી એકધારી નિષ્ઠાપૂર્વકની નોકરી બજાવતા રહેલા પીયૂષભાઈ જ્યાં જ્યાં ગયા, જ્યાં જ્યાં એમની બદલીઓ થઇ એ બધી જ જગાએ ખૂબ જ લોકપ્રિય બનીને રહ્યા હતા. સ્ટેશન માસ્તર સુધીના પદે એ પહોંચ્યા ત્યારે એમના અંતરમાં ઊંડો સંતોષ અવશ્ય પ્રગટયો હતો પણ તેથી યે વધારે આનંદ અને સંતોષ એમની પત્નીને થયો હતો. એમના આવા સંયુક્ત આનંદમાં સહભાગી બની રહ્યાં હતાં એમના સ્ટાફનાં સૌ સભ્યો, જો કે આનંદના અવસરનાં એ સૌ સતત સહભાગી બની રહેતાં હતાં.

સુખ અને સંતોષથી ભર્યા ભર્યા આવા સંસારમાં મોટું દુઃખ જે હતું તે સંતાનના અભાવનું. તેર તેર વર્ષના લગ્ન જીવન બાદ પણ પ્રતિમાબહેનનો ખોળો ખાલી હતો. દવાદારૂ, દોરાધાગા અને શકય તે તમામ ઉપચારો અજમાવ્યા પછી

Scanned by CamScanner

પણ ખાલી ખોળાની એ ખોટ પૂરાઈ નહોતી. બાધા આખ-ડીઓની સંખ્યા તો એટલી વધી ગઈ હતી કે હવે પીયૂષ-ભાઈ અને પ્રતિમાબહેને કોઈને ઘેર મહેમાન તરીકે જવાનું પણ સાવ બંધ કરી દીધું હતું, કારણ આ ખાઈએ છીએ અને આ નથી લેતાં વગેરેની પળોજણથી એ બંનેને ભારે માનસિક ત્રાસ થતો હતો.

તાજેતરમાં પીયૂષભાઈની બદલી સૂરત જિલ્લાના એક ગણનાપાત્ર એવા સ્ટેશને સ્ટેશન માસ્તર તરીકે થઈ હતી. એ સંદેશના નિયમિત વાચક હતા. મા ગાયત્રીના કૃપા–ચમત્કારો એ બંને પતિ–પત્ની નિયમિત રીતે વાંચતાં રહેતાં. એકવાર ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજી સૂરત પધાર્યા છે એવું જાણ્યું ત્યારે પ્રતિમાબહેને પતિને એમની મુલાકાત લેવાની વિનંતી કરી.

સદ્‌ગુણી પત્નીની તમામ ઈચ્છાઓ સદાયે સંતોષતા રહેલા પીયૂષભાઈએ એમાં તુરત જ હા ભણી. એક દિવસ બંને જણાં સૂરત ઉપડયાં. શાસ્ત્રીજીનો જ્યાં ઉતારો હતો, ત્યાં પહોંચી એમણે પોતાનો ક્રમ આવતાં એમની મુલા-કાત લીધી.

પીયૂષભાઈએ શાસ્ત્રીજીને પોતાના તેર વર્ષના લગ્ન-જીવનની અને પોતે કરેલા સંતાનપ્રાપ્તિના તમામ પ્રયાસોની વિગતે વાત કરી હવે કોઈ આશા રહી નથી એવી વાત ઉમેરતાં પત્નીની હાજરી છતાં એમની આંખમાં જળજળિયાં આવી ગયાં.

Scanned by CamScanner

શાસ્ત્રીજીએ એમને સાંત્વન આપતાં કહ્યું, "મા ગાયત્રીની કૃપાથી બધું બરાબર થઈ જશે. માતાજી પર પૂરો વિશ્વાસ રાખી એનું શરણું સ્વીકારો. પછી એમણે માતાજીનો ફોટો પ્રતિમાબહેનને આપ્યો અને રોજ માતાજીની પાંચ માળા કરવાની સૂચના આપતાં કહ્યું, "એક પણ દિવસ પાડશો નહીં; અને પૂરી શ્રદ્ધાથી માનું સ્મરણ કરતાં રહેશો. માતાજી તમારું અવશ્ય કલ્યાણ કરશે."

પીયૂષભાઈએ નમસ્કાર કરી વિદાય માંગી, ત્યારે શાસ્ત્રીજીએ જીવનજળ લેતા જવાનું કહ્યું અને પ્રતિમાબહેનને રોજેરોજ એક ચમચી જીવનજળ લેતા રહેવાની સૂચના આપી.

જીવનજળનું સેવન શરૂ કર્યું એ પછીના બીજા જ મહિને પ્રતિમાબહેનને શુભ દિવસનો સંકેત દેખાયો, પતિ પત્ની બંનેની શ્રદ્ધા વધી ગઈ, એમણે પૂરી આસ્થાથી પોતાની ભક્તિમાં મન પરોવી દીધું. પૂરે દિવસે એમને ઘેર દીકરી અવતરી. અને કેવળ એમના જ નહીં અડોશ પડોશ, સગાંસંબંધી અને સૌ પરિચિતોના ઘરમાં આનંદની સરવાણીઓ ફૂટી, તેર વર્ષના લગ્નજીવન બાદ પીયૂષભાઈને ત્યાં લક્ષ્મી અવતરી હતી !

માતાજીની ભક્તિની બીજી આડ અસર એ થઈ કે પીયૂષભાઈનાં નાનાં મોટાં ઘણાં વ્યસનો છૂટી ગયાં. ચા, પાન, તમાકુ અને ખાણી–પીણીનાં એમના ખોટા રસ છૂટી ગયાં. જીવન વધુ નિર્મળ અને પવિત્ર બન્યું. પીયૂષભાઈ પોતે આ ઘટનાથી એટલા તો પ્રભાવિત થઇ ગયા છે કે

Scanned by CamScanner

ફરતાં ફરતાં બેસતાં ઊઠતાં તેઓ મા ગાયત્રીનું સતત સ્મરણ કરતા રહે છે અને પોતાના પરિચયમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને મા ગાયત્રીના સ્તવનનો મહિમા સમજાવતા રહે છે.

પીયૂષભાઈની દીકરી આજે તો લગભગ છ મહિનાની થઈ ચૂકી છે અને એનું આરોગ્ય પણ ઘણું સારું છે. દીકરીને દીકરા કરતા અધિકાંશ લાડકોડથી ઉછેરી રહેલાં પીયૂષભાઈ અને પ્રતિમાબહેન દીકરા દીકરીના ભેદને સદંતર વિસારે પાડી બેઠાં છે અને ઈશ્વરની અનન્ય કૃપાને પ્રતાપે આંગણે અવતરેલી દીકરીને જીવનની સાચી તાલીમ, અંતઃકરણની નિર્મળ ભાવનાશીલતા અને દૃઢ પ્રભુપરાયણતાના સંસ્કારો પાડવા ખૂબ જહેમત ઉઠાવવા જાતને સજ્જ કરી રહ્યાં છે. પોતાના જીવનને કલુષિતતાથી સદંતર મુક્ત કર્યા વિના સંતાનોમાં સાચા સંસ્કારો ક્યાંથી પ્રગટે ? આ સત્યને સમજેલાં એ દંપતી દિનપ્રતિદિન જીવનને વધુ નિર્મળ અને દિવ્ય બનાવવાની કોશિશમાં છે. ગાયત્રીમંત્રનું સ્તવન અમને આવી નિર્મળતાની સાધનામાં સહાય કરી રહ્યું છે એવી આ ભાવિક દંપતીની ઊંડી શ્રદ્ધા છે.

---

Scanned by CamScanner

## ૧૦. મા ગાયત્રીની કૃપાથી રસિકભાઈને પુત્રપ્રાપ્તિ થઈ

શ્રદ્ધા ઘણી જ મોટી ચીજ છે એ એક રીતે માણસના મનની પોતાની જ આંતરિક શક્તિ છે. શ્રદ્ધા તમામ સંશયોને ખંખેરી નાંખી, મનની અને તનની શક્તિઓને સંગઠિત કરવામાં મોટી સહાય કરે છે. શ્રદ્ધાથી દૃષ્ટિમાં જાણે નવું તેજ આવે છે. જેને પરિણામે માણસ ઘણું બધું સાફ જોઇ શકે છે.

મનની શક્તિ એકત્રિત–એકાગ્ર થઈ કાર્યશીલ બને અને દૃષ્ટિ સંશયવિહીન બની, પૂર્વગ્રહ રહિત બની કાર્યાન્વિત બને તો ઘણી ગૂંચો ઊકલી જાય છે. ભારતીય સંસ્કૃતિએ એટલે જ શ્રદ્ધાને આટ આટલું મહત્ત્વ આપ્યું છે.

માનવીની આવી શ્રદ્ધા શરીરના રોગો મટાડે છે તો વ્યવહાર જીવનમાં પણ અદ્ભુત સફળતાઓ અપાવે છે તો ઘણીવાર તો અકલ્પ્ય એવાં ચમત્કારો સર્જે છે. મા ગાયત્રીની ઉપાસનાને પ્રતાપે, માની સંપૂર્ણ શરણાગતિને કારણે ઘણા માનવીઓનાં વિધવિધ પ્રકારના દુઃખદર્દ શમ્યાના, અને ઉપાધિઓ ટળી ગયાના કિસ્સાઓ આપણે જોઇએ છીએ.

અત્રે પ્રસ્તુત શ્રી. રસિકલાલ મોદીનો કિસ્સો પણ મા ગાયત્રી પરની એમની શ્રદ્ધાએ આપેલા એક સુખદ પરિણામનો પરિચય કરાવે છે. માનવી શું સ્ત્રી કે શું પુરુષ, માનવીમાત્રના મનમાં ઊંડા મૂળ નાંખીને પડેલી સંતાનની એષણા

Scanned by CamScanner

કેટલી તો પ્રબળ છે એનો ખ્યાલ આપણે જયારે કામણ-ટુમણથી અન્યનાં બાળકને હણીને પોતાને ત્યાં સંતાનની પ્રાપ્તિ માટેનાં હિચકારાં કૃત્યોની કારમી વિગતો અખબારોમાં વાંચીએ છીએ ત્યારે થાય છે. તાજેતરમાં જ પ્રાંતીજ મુકામે બનેલો ટીનુની આવી હત્યાનો કિસ્સો આનો ભયાનક પુરાવો છે.

આવા તાંત્રિક પ્રયોગોની પાછળ પડી, અન્યને નુકસાનમાં ઉતારી પોતે લાભ ખાટવાની મેલી મનોવૃત્તિને ત્યજી શુદ્ધ હૃદયની ઉજ્જવળ ભક્તિ દ્વારા મા ગાયત્રીનું શરણુ શોધવાનો માર્ગ ઉત્તમ છે.

જે ભાઈને માની કૃપાનો આવો ઉપહાર સાંપડયો છે એમની પોતાની ભાષામાં જ એ કિસ્સો અત્રે રજૂ કર્યો છે.

દર શુક્રવારે સંદેશમાં આવતો "અગોચર મનની અજાયબી"નો લેખ અમે વાંચતાં તેમાં આવતા ગાયત્રીમાતાના ચમત્કારો વિષે મને ખૂબ જ જિજ્ઞાસા રહેતી અને અમને પૂ. શાસ્ત્રીજીને મળવાનું મન થતું હતું. એક વખત સી.એન. વિદ્યાલયનાં ગ્રંથપાલશ્રીનો લેખ આવ્યો તેમાં તેમનાં પુત્રને પેરાલીસીસ થયેલ અને ઘણી દવા કરવા છતાં ન મટતાં તેઓ પૂ. શાસ્ત્રીજીને મળેલાં અને ગાયત્રીમાતાને શરણે જવાથી તેને સારું થઈ ગયેલ. તે લેખ વાંચતા અમારી પૂ. શાસ્ત્રીજીને મળવાની તાલાવેલી અનેકગણી વધી ગઈ. અમે ગમે તે રીતે સરનામું મેળવી શાસ્ત્રીજીને મળવા ગયા. ફોન ઉપર નક્કી કરી સમય લીધા મુજબ મળ્યા.

Scanned by CamScanner

પૂજ્ય શાસ્ત્રીજીને જોતાં જ મને ખાતરી થઈ કે મારૂં કામ પૂ. શાસ્ત્રીજી કરી શકશે. પૂજ્ય શાસ્ત્રીજી સમક્ષ અમે અમારી કહાણી નીચે પ્રમાણે ટૂંકમાં રજૂ કરી. તેઓએ અમને ખાતરી આપી કે ગાયત્રી માતાની કૃપાથી આપનું કાર્ય માતાજી કરી આપશે જ માટે ચિંતા કાઢી નાખો. એમણે અમને જીવનજળ લેવા માટે સમય આપી ઘેર બોલાવ્યા.

અમારા લગ્ન જાન્યુ. ૧૯૬૬ થયેલ તે પછી મારાં ધર્મપત્નીને નવેમ્બર ૬૬માં બેબી આવી તે પછી બે બેબીઓ આવી તેમાં વચલી બેબી ત્રણ માસની થતા બળિયામાં ગુજરી ગઈ. ત્રીજી બેબી પાંચ વર્ષની થતા એક વખત તેને ગર્ભપાત થઈ ગયેલ અને તે પછી અનેક દવાઓ કરવા છતાં એક બાબો આઠમા માસે આવી ૪૨ કલાક જીવી મરણ પામ્યો, અને મારી પત્નીની તબિયત પણ ઘણી બગડી ગઈ. આમ અમે બાળકો બાબતમાં પુષ્કળ હેરાન થતા હતા. બાબો આવીને ગુજરી જતાં પુત્રનું સુખ જ નહીં હોય તેમ માની લીધેલ. વળી જે બે બેબીઓ હતી તેમાં મોટી બેબી પણ સાજી માંદી રહ્યા કરતી હતી.

આપેલ સમય પ્રમાણે અમો પૂ. શાસ્ત્રીજીના સ્થળે ગયા. તેઓ અમારી રાહ જોઈને જ બેઠા હતા. શાસ્ત્રીજીને પ્રણામ કર્યા. થોડી વાતચીત બાદ તેઓ અમને ગાયત્રી-માતાનાં પૂજાનાં રૂમમાં લઇ ગયા. ત્યાં મારી ધર્મપત્નીને તેમણે શક્તિપ્રદાનની સારવાર આપી. દરરોજ સવારે ઉઠીને માતા-જીની માળા અમુક કરવી એવી સૂચના સાથે પાણી આપ્યું

Scanned by CamScanner

અને અમને ખાતરી આપો કે માતાજીની કૃપાથી આપને કશું જ થવાનું નથી. આપને ત્યાં પૂરા માસે ગાયત્રી માતાની કૃપાથી પુત્ર થશે. માતાજી તમારૂં આ કાર્ય પૂરૂં કરી આપશે.

(તેઓને સંકેત મળે કે થાય તો જ તેમનાં મુખમાંથી શબ્દો નીકળે છે).

અમે ઘેર જઈ માતાજીની માળા ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક કરવા લાગ્યા. ભાવપૂર્વક સાધના શરૂ કરી. દિવસો ઉપર દિવસો વીતતા ગયા અને સાધના આગળ વધતી ગઈ. મારી પત્નીને દિવસ રહેતા તેણે પૂરા માસે તંદુરસ્ત પુત્રનો જન્મ આપ્યો.

પૂજ્ય શાસ્ત્રીજીએ આપેલ ગાયત્રીજળ અને આશીર્વાદથી આજ મારો બાબો ૬ માસનો થઈ ગયો છે અને તંદુરસ્ત છે. તેમણે બતાવેલ સાધના ચાલુ જ છે. અને અમો સર્વરીતે સુખી છીએ.

આ ઉપરાંત પણ ગાયત્રીમંત્ર કરવાથી અમારાં નાના મોટા અનેક કાર્યો સુખરૂપ પાર પડયા છે. બધાં કાર્યો લખી શકતા નથી એ ફક્ત અનુભવવાની જ વાત છે. માતાજીની અનહદ કૃપાથી જે વસ્તુની ઈચ્છા થાય અથવા વિચાર પણ આવે તો તે મળી રહે છે. માતાજીનો મંત્ર કરવાથી કોઈ ખરાબ કાર્ય થતું નથી અને જો ખરાબ કાર્ય થવાનું પણ હોય તો અટકી જાય છે. તેવું અમે અનેકવાર આંતરસ્ફુરણાથી અનુભવેલ છે. માતાજીની કૃપા વર્ણવા માટે હાલ મારી પાસે શબ્દો પણ ખૂટે છે.

Scanned by CamScanner

## ૧૧. મા ગાયત્રીનીકૃપાથી કોર્ટમાં શાન્તિભાઇનો નિર્દોષ છુટકારો થયો

સૂર્ય અસ્તાચલ પર જઇ રહ્યો હતો. શાસ્ત્રીજી બંસીધર બંગલામાંથી આધિ વ્યાધિ અને ઉપાધિમાંથી ત્રાસી ગયેલાં લોકોને મુલાકાત આપીને પોતાના નિવાસસ્થાન પર પાછા ફરવાની ઝડપભેર તૈયારી કરી રહ્યા હતા. ત્યાં જ શ્રી શાંતિભાઈ મારતી મોટરે શાસ્ત્રીજીની મુલાકાતે આવીને ઊભા રહ્યા, શ્રી શાંતિભાઇના દેખાવ પરથી લાગતું હતું કે સર્વ રીતે સુખી અને સાધન સંપન્ન છે. પરંતુ તેમના મુખારવિંદ પર વિષાદની છાયા ડોકિયાં કરી રહેલી સ્પષ્ટ રીતે જણાઇ આવતી હતી.

શાસ્રીજીએ મુલાકાતે આવનાર શાંતિભાઇને એટલું સૂચન કર્યું કે ભાઈ આજનો સમય પુરો થઈ ગયો છે. આપ કાલે સવારે ૧૨–૦૦ વાગે મળો. શ્રી શાંતિભાઇએ ખૂબ જ ધીરા સ્વરે એટલું કહ્યું કે મારે આપને મળવાની ખૂબ જ અગત્યતા છે, અને છેલ્લા બે દિવસથી આપની શોધખોળ કરતો હતો, અત્યારે જ 'સંદેશ' કાર્યાલયમાં રૂબરૂ જઇને અહીંનું સરનામું લઈ આવ્યો છું. આ સાંભળી શાસ્રીજીએ સસ્મિત વદને શાંતિભાઇને કહ્યું જુઓ કાલે સવારે મને મળો અને ત્યાં સુધીમાં આપનું જરા પણ અહિત થશે નહિ.

Scanned by CamScanner

બીજા દિવસે ૧૨-૦૦ ના ટકોરે શાંતિભાઈ શાસ્ત્રીજીની મુલાકાત માટે આવી પહોંચ્યા. બેઠક લીધા પછી તેમનું હૈયું એકદમ ભરાઈ આવ્યું તેઓ ગળગળા થઈ ગયા.

શાસ્ત્રીજીએ તેઓને શાંત પાડતાં કહ્યું : "બોલો આપની શું વિગત છે?" શ્રી શાંતિભાઈએ તેમની વિગત નીચે પ્રમાણે જણાવી. શ્રી શાંતિભાઈ અને તેમના મિત્ર પોતાની મોટરને લઈને શહેરના એક રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. શાંતિભાઈના મિત્રને મોટર ચલાવતાં આવડતી ન હતી. એણે શાંતિભાઈને કહ્યું કે મને મોટર ચલાવતાં શીખવાડો અને શાંતિભાઈએ તેમના મિત્રના હાથમાં મોટરનું સ્ટીયરીંગ સોંપ્યું અને થોડી જ વારમાં એક નાની માસૂમ ૯ વર્ષની બાલિકા તે મોટરની અડફટમાં આવી ગઈ. અનેક ઉપચારો અને તબીબી સારવાર છતાં તે બાલિકા આ દુનિયા છોડી સદાયને માટે ચાલી ગઈ.

અકસ્માતનો કેસ થયો. મોટર શાંતિભાઈની હતી. તેમના મિત્ર પાસે લાયસંસ ન હતું જેથી શાંતિભાઈએ અકસ્માતની જવાબદારી પોતાના શીરે લઈ લીધી. અને શાંતિભાઈ પર પોલીસ કેસ થયો અને તે કેસનાં કાગળીયાં જોતાં એમ જ લાગે કે શાંતિભાઈ આ કેસમાં છૂટવા મુશ્કેલ છે.

આ બધી બાબત શાસ્ત્રીજીએ શાંતિ‌ાી સાંભળ્યા બાદ કહ્યું કે જુઓ આ કેસમાં તમે સંપૂર્ણપણે નિર્દોષ છો, આ એક અકસ્માત છે પાછળ ઈશ્વરની ઈચ્છા શી છે તે આપણે

Scanned by CamScanner

જાણતા નથી તમે તો પારકી ઉપાધિ વહોરી લીધી છે. તમે સંપૂર્ણપણે માતાજીની શરણાગતિ સ્વીકારો. માતાજી તમને ચોક્કસ મદદ કરશે, એમ કહી શાસ્ત્રીજીએ માતાજીનો ફોટો ગાયત્રી મંત્રના શ્લોક સાથેનો આપ્યો અને દરરોજની પાંચ માળા કરવાની કહી વધુમાં "આદિત્ય હૃદય સ્તોત"નો પાઠ કરવાનું સૂચન કર્યું અને કહ્યું કે આ કેસ ચાલે ત્યાં સુધી દર પંદર દિવસે મળતા રહેશો. શ્રી શાંતિભાઇને ઘરે જઇને શાસ્ત્રીજીની સલાહ મુજબ પ્રાતઃકાળમાં "ગાયત્રી-માતાની" આરાધનામાં બેસી ગયા, અને જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેમનામાં એક પ્રકારનું આધ્યાત્મિક બળનું સિંચન થતું ગયું. અને માનસિક શાંતિ મળતી ગઇ. અવારનવાર શાસ્ત્રીજીની મુલાકાતે આવતા અને બનતી બધી વિગતથી શાસ્ત્રીજીને વાકેફ કરતા.

ત્યારબાદ તા. ૧૭–૧–૭૭ ના રોજ કોર્ટના કેસના નિકાલ આવ્યો. અને શાંતિભાઈ તદ્દન નિર્દોષ જાહેર થયા, શાતિભાઈના આનંદનો કોઈ પાર નહતો.

શાંતિભાઈ તેમના થયેલા ચમત્કારિક પરિણામને "માતાજીની કૃપા જ" માને છે. અને તેઓશ્રી જૈન હોવા છતાં આજે નિયમિત માતાજીની આરાધના કરે છે. ને તે "ગાયત્રી માતાના" પ્રચારક તરીકે કાર્ય કરે છે.

———

Scanned by CamScanner

## ૧૨. મા ગાયત્રીની કૃપાથી એ સાધકની વર્ષો જૂની માનસિક વ્યથા દૂર થઇ

મારા અત્યંત નિકટના એક ભાઈ છે. તેઓ ગાયત્રી માતાજીનાં પ્રખર ઉપાસક છે. લગભગ છેલ્લા પચીસ વર્ષથી વર્ષમાં બે વખત એટલે કે ચૈત્ર નવરાત્રમાં અને આસો નવરાત્રિમાં સવાલક્ષ ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન નિયમિત રીતે કરે છે. પોતે એક સરકારી જેવી મોટી સંસ્થામાં ઉચ્ચ પ્રકારનો હોદ્દો ધરાવે છે. આ બન્ને નવરાત્રના નવે નવ દિવસોમાં નોકરીમાંથી રજા લઈને આ પ્રકારની અતિકષ્ટદાયક સાધના પૂરા આનંદ અને પ્રેમથી કરે છે. આથી તેમનામાં કોઇ અજબ શક્તિ આવેલી છે.

હું હમણાં કેટલાક દિવસથી આ ગાયત્રી ઉપાસકને ત્યાં જતો હતો. હવે એક વખત મેં એવો પ્રસંગ જોયો જેથી મને આ ગાયત્રી સાધક પ્રત્યે હમદર્દી અને સહાનુભૂતિ ઉત્પન્ન થઈ. આ પ્રસંગ એવા પ્રકારનો હતો કે, એક દિવસ એક ભાઈએ તેમનો અંગત સાંસારિક પ્રશ્ન પૂછયો. ત્યારે એ સાધકભાઈ, એકદમ ક્રોધાવેશમાં આવી ગયા, અને જમીન ઉપર કપાળ પછાડવા મંડી પડ્યા. આમ લગભગ આઠથી દશ વખત કપાળ પછાડયું હશે પછી આ પ્રકારનો સવાલ નહિ પૂછવો તેવું આ સાધકભાઇએ પેલા પ્રશ્ન પૂછનાર ભાઈને જણાવ્યું. આ પ્રસંગથી થોડીકવારમાં વાતાવરણ એકદમ ગમગીન બની ગયું. મને પણ આ

Scanned by CamScanner

પ્રકારના પ્રસંગથી ઘણું દુઃખ થયું. આ કાર્યક્રમ પતી ગયા બાદ મેં આ ગાયત્રી સાધકભાઈને નમ્રતાથી પૂછયું કે, "આ પ્રમાણે આપ આપનું માથું–કપાળ જમીન ઉપર પછાડો છો તેનું શું કારણ?....તમને કાંઇ વાગતું નથી કે શું?"

આ ગાયત્રી સાધકભાઇએ મને જણાવ્યું કે, "તે વખતે મને શું થાય છે તેની કાંઈ પણ ખબર પડતી નથી, તથા મને વાગ્યાની અસર લાગતી નથી. અમુક વખતે કોઈ વ્યક્તિ સાંસારિક પ્રશ્ન પૂછે છે ત્યારે મને આવું થઇ આવે છે."

એક દિવસ આ ગાયત્રી ઉપાસક બંધુ તા. ૩૧-૧૨-૭૬ ના રોજ તેમના એક પારસી મિત્રની સાથે સાંજના લગભગ છ વાગ્યે મારા ઘેર આવ્યાં. તે સમયે હું દરરોજના કાર્યક્રમ મુજબ પૂ. ગાયત્રી માતાજીની સાયંકાળની પૂજા કરતો હતો. પૂજાની પૂર્ણાહુતિ મારા પૂ. ગુરુ સ્વામીશ્રી શીવાનંદ મહારાજની પ્રાર્થના, ભજન, ધૂન સાથે કરતો હતો. તેવામાં આ ગાયત્રી સાધકભાઈને એકાએક ભાવાવેશ આવી ગયો અને તેના આનંદના અતિરેકમાં મારી બાજુમાં બેસીને તેઓ જમીન ઉપર તેમનું કપાળ પછાડવા લાગ્યા. હું તે વખતે એકદમ અવાક્ બની ગયો!.... તેમને આ પ્રમાણે કરતા રોકવા છતાં પણ તેમની તે વખતે શક્તિ એવી અત્યંત પ્રબળ હતી કે મારો પ્રયત્ન સફળ ન થયો. જ્યાં થોડીઘણી ઇજા થઈ હતી એટલા એમના કપાળના ભાગમાં મેં થોડી ભસ્મ લગાડી; એ ભસ્મ ઋષિકેશ દિવ્યજીવન સંઘમાંથી

Scanned by CamScanner

દરેક પ્રદોષ અને સારા ધાર્મિક તહેવારોના દિવસે મારા ઘેર આવે છે. આવું એકાએક કેમ બન્યું તે પૂછતાં તેના પ્રત્યુત્તરમાં તેમણે મને જણાવ્યું કે તમે જ્યારે પૂ. સ્વામીશ્રી શીવાનંદ મહારાજનું ભજન ગાતા હતા ત્યારે તે સાંભળતા એકદમ આનંદનો ઉછાળો મારા હૃદયમાં અને સમગ્ર શરીરમાં આવ્યો અને મેં આ પ્રમાણે કર્યું. મને આ બાબતથી ઘણું જ દુઃખ થયું અને ઘણાં બધા વિચારો મારા મનમાં ઘોળાવા લાગ્યા. આવી દુઃખદ ઘટનાથી આ સાધકભાઈને કેમ મુક્ત કરવા એ મારા મનનો એક ઉગ્ર પ્રશ્ન હતો. પૂ. ગાયત્રી માતાજીને પણ નમ્રભાવે પ્રાર્થના કરી. જે ગુરુભાઈએ એમને ગાયત્રીમંત્રની દીક્ષા આપી છે. તેઓ હાલ બ્રહ્મલીન છે, નહિતર તેઓ આ અંગે એમની પાસેથી યોગ્ય માર્ગદર્શન મેળવીને આ વેદનામાંથી મુક્ત થઈ શકત.

એટલામાં આ ગાયત્રી સાધકભાઈએ પૂ. શાસ્ત્રીજીનાં નિવાસે જવા માટે ઉત્સુકતા બતાવી. તેથી અમે તેના પારસી મિત્ર સાથે તે જ દિવસે રાત્રે આઠ વાગ્યે પૂ. શાસ્ત્રીજીના નિવાસસ્થાને ગયા. પૂ. શાસ્ત્રીજીએ ઘણા જ પ્રેમાનંદ ભાવથી સસ્મિત વદને અમને સારો આવકાર આપ્યો. પૂ. શાસ્ત્રીજીને મેં આ ગાયત્રી સાધકભાઈની ઓળખાણ કરાવી. તેમની સાથે આ ગાયત્રી સાધકભાઈએ ગાયત્રી મંત્ર તથા તેના ચમત્કાર સંબંધી અનેક પ્રકારની વાતચીત કરી. આમ લગભગ બે કલાક બહુ જ આનંદપૂર્વક પૂ. ગાયત્રી માતાજીના ગુણગાનમાં પસાર થઈ ગયાં. પૂ. શાસ્ત્રીજીના સહચારને અને એમના દિવ્ય પૂજાસ્થાનને છોડવાનું દિલ થતું નહોતું

Scanned by CamScanner

છેવટે ઉઠતાં પહેલાં પૂ. શાસ્ત્રીજીને મેં આ સાધકભાઇની વિટંબણાનો પ્રશ્ન કર્યો. અને એમનું માર્ગદર્શન માંગતા કહ્યું કે, "આ ગાયત્રી સાધકભાઈ ઘણા જ પ્રખર ગાયત્રી ઉપાસક છે. અને છેલ્લા પચીસેક વર્ષથી ગાયત્રી સાધનામાં ઘણા ઊંડા ઉતરેલા છે. પણ કોઈક પ્રસંગે તેમની પૂ. ગાયત્રી માતાજીની પૂજાના સમયમાં કોણ જાણે કેમ એવો ભાવાવેશ આવે છે કે તેઓ અજ્ઞાત અવસ્થામાં તેમનું કપાળ જમીન ઉપર પછાડવા મંડી પડે છે. આ પ્રમાણે લગભગ આઠથી દસ વખત કપાળ પુરા જોશથી પછાડે છે. આમ બનવાનું શું કારણ હશે? ....આ સાધકભાઈનું આ પ્રકારનું દુઃખ તે જાણે મારું પોતાનું અંગત દુઃખ હોય તેમ સમજીને હું આપને નમ્રભાવે પ્રાર્થના કરું છું કે, આ બાબતમાં કાંઈક યોગ્ય માર્ગદર્શન આપો અથવા કોઈ અન્ય સાધના મંત્ર જાપની જરૂર હોય તો બતાવવા કૃપા કરશો, તો આપનો હું અનહદ ઉપકાર માનીશ."

પૂ. શાસ્ત્રીજીને પણ મારી આ વાત સાંભળીને દુઃખ થયું. અને ભારે ગમગીન થયા અને થોડીવાર તો એકદમ મગ્ન બની ગયા. પછી તેમના હરરોજના પ્રેમાળભાવમાં સસ્મિત વદને કહ્યું કે, "રસિકભાઈ! આ પ્રકારની પરિસ્થિતિ લાંબો વખત તો નહિ રહે. તેમ છતાં પણ તમે મને બે ચાર દિવસ પછી મળશો તો વિશેષ કંઇ જણાવીશ." ત્યારબાદ બે કલાક સુધી પૂ. શાસ્ત્રીજીના દિવ્ય તેજોમય ગાયત્રી મંદિરમાં આનંદનો અનુભવ કરીને તથા પેલા

Scanned by CamScanner

ગાયત્રી સાધકભાઈનું માનસિક સમાધાન પણ થયું તેથી વિશેષ આનંદનો અનુભવ કરીને પૂ. શાસ્ત્રીજીની રજા માંગી ને અમોએ અમારા ઘર તરફ પ્રયાણ કર્યું.

પૂ. શાસ્ત્રીજી તો કાયમ તેમના તેજસ્વી મુખકમળ ઉપર અદ્‌ભુત હાસ્ય વેરતા જ હોય છે. જેથી સ્વાભાવિક રીતે જ કોઈપણ દુઃખી માણસ તેમને મળવા આવે છે તો અડધું દુઃખ તો માત્ર તેમના "દર્શન"થી જ દૂર થઈ જાય છે. તેવી જ રીતે આ ગાયત્રી સાધકભાઈને પૂ. શાસ્ત્રીજીના "દર્શન", "શ્રવણ"થી ઘણો જ આનંદ મળ્યો. લગભગ અઠવાડિયા બાદ ફરીથી હું પૂ. શાસ્ત્રીજીને મળ્યો. અને મેં તેમને આ ગાયત્રી સાધકભાઈની બાબતનું સ્મરણ કરાવ્યું. પૂ. શાસ્ત્રીજીએ જણાવ્યું કે " આ ગાયત્રી સાધકભાઈને થોડાક જ સમયમાં એટલે કે એકાદ બે માસમાં જ આ દુઃખ સદંતર બંધ થઈ જશે. પણ તે ભાઇ થોડો ઘણો શાસ્ત્રાભ્યાસ કરે એટલે કે મનને શાંત કરે તેવા પુસ્તકો, ધાર્મિક અને આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન-અધ્યયન કરે તો આ વ્યાધિ ચોક્કસ દૂર થઈ જશે. આ પ્રકારની ઘટના બનતી હોવાથી આ ગાયત્રી સાધકભાઈની " કુંડલિની " જાગ્રત થતી નથી."

....ત્યારબાદ થોડાક સમય બાદ હું આ ગાયત્રી સાધક ભાઇને ઘેર ગયો. તે વખતે પણ પૂજાનો સમય હતો. માગસર સુદ ૧૫ પૂર્ણિમાનો દિવસ હતો. ભજન, કીર્તન ઇષ્ટદેવનું નામસ્મરણ થયાં પછી મેં આ ગાયત્રી સાધકભાઇને

Scanned by CamScanner

પૂછયું કે, "પૂ. શાસ્ત્રીજીનાં જણાવ્યા મુજબ આપની પેલી દુઃખદ ઘટનામાં કાંઈ ફેર પડ્યો કે નહિ?" ....તેઓ તરત જ એકદમ આનંદોત્સવમાં આવી ગયા. અને મને જણાવ્યું કે, "ભાઈ! રસિક!....હવે પૂ. ગાયત્રી માતાજીએ મને કપાળ જમીન ઉપર પછાડવાની ના પાડી છે પણ તેના બદલામાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા જણાવ્યું છે. સાચે જ પૂ. શાસ્ત્રીજીના "દર્શન" માત્રથી મારી વર્ષો પુરાણી માનસિક વ્યથા દૂર થઈ તે કેવો અદ્ભુત ચમત્કાર કહેવાય!.... મારા જીવનમાં આ ઘટના સુવર્ણ અક્ષરે અંકાઈ જશે." અને આવી રીતે પૂ. શાસ્ત્રીજીની ઘણી જ સ્તુતિ–પ્રશંસા કરવા લાગ્યા. તેમના હૃદયમાં ઘણો આનંદ ઊભરાતો હું જોઈ શકતો હતો. આમ, મારા મુરબ્બી ગાયત્રી સાધક બંધુના જીવનમાં પૂ. શાસ્ત્રીજીની એ અમર યશકલગી ખીલી ઊઠી. પૂ. શાસ્ત્રીજી દ્વારા પૂ. ગાયત્રી માતાજીએ માર્ગદર્શન આપ્યું કે, "કપાળ ભોંય-જમીન ઉપર પછાડીશ નહિ!....પણ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરજે! મારા પોતાના અંગત મંતવ્ય મુજબ પૂ. શાસ્ત્રીજીના માત્ર "દર્શન" થી જ આ વીસ વર્ષ પહેલાંની પુરાણી દુઃખદ માનસિક વ્યથા દૂર થઇ.

---

## ૧૩. પંથ ભૂલેલા યુવાનના જીવનમાં માની કૃપાથી નવી આશાનો સંચાર થયો છે....

બાળકના ઉછેર માટે માબાપની કાળજી, માબાપની સૂક્ષ્મ દૃષ્ટિ અને સાવધાની કેટલાં તો મહત્ત્વનાં હોય છે. એ વાત તો જ્યારે એવી કાળજીને અભાવે બગડી ગયેલા કેસનો આપણને પરિચય થાય ત્યારે સમજાય !

આવો એક કિસ્સો એક યુવાનની બાબતે બન્યો હતો. માબાપથી દૂર પોતાના એક સગાને ત્યાં અભ્યાસાર્થે રહેતો બાળક સ્વજનોની સતત આવતી યાદથી મૂરઝાતો હતો, ત્યારે એના તરફ ખોટી ખોટી લાગણીનું પ્રદર્શન કરી એને એક વ્યક્તિએ ગેરમાર્ગે દોર્યો. સારા ખોટાનું તો એને ભાન હતું જ નહીં. એટલે એ મોટેરાથી દોરવાયેલું એ છોકરડું આખરે એક ગુપ્ત રોગનું ભોગ બની બેઠું.

આવા રોગની સારવાર કરાવવાની તો સૂઝ એવડા કિશોરને ક્યાંથી હોય ? પણ જેમ જેમ દિવસ જતા ગયા તેમ તેમ એ તો વધુને વધુ નવી કુટેવોનો પણ ભોગ બનતો ચાલ્યો, અને આ બધાની ખૂબ સ્વાભાવિકપણે જ અસર એના અભ્યાસ પર થઇ. દિનપ્રતિદિન એ અભ્યાસમાં પાછો હઠતો ગયો. માંડ માંડ કરી એસ. એસ. સી. સુધી તો વર્ગમાં પહેલો નંબર જાળવી રાખ્યો પણ સાયન્સ લાઇનના પહેલા જ વર્ષમાં, જિંદગીમાં પહેલીવાર એ નાપાસ થયો. શરીરનું કૌવત કુટેવને કારણે હણાઈ ગયું હતું, અને

Scanned by CamScanner

કુવિચારોના સતત હુમલાથી સ્મરણશક્તિ નબળી બની ગઈ હતી.

ફરી ફરી પ્રયત્ન કરતાં એ પાસ થયો અને એને એન્જિનિયરીંગના કોર્સમાં પ્રવેશ પણ મળ્યો, પણ ત્યાં યે એ પહેલા વર્ષમાં નાપાસ થયો. બીજા વર્ષે પણ કાંઇ વાંચી શકાયું હતું નહીં. એટલે એણે યેનકેન પ્રકારે પાસ તો થઈ જ જવું એવો વિચાર કરી પરીક્ષામાં ચોરી કરવાનો કીમિયો અજમાવ્યો પણ સુપરવાઈઝરના હાથે ઝડપાઇ જતાં એને ત્રણ સેમીસ્ટર માટે પરીક્ષામાંથી બરતરફ કરવામાં આવ્યો. હવે શું કરવું ? કોઈ દિશા સૂઝતી નહોતી. ત્યાં અચાનક એક દિવસ શુક્રવારના 'સંદેશ'માં મા ગાયત્રીની કૃપાનો કિસ્સો એના વાંચવામાં આવ્યો. બાળપણમાં તો એ એના એક મિત્ર પાસેથી સાવ અજાણપણે જ ગાયત્રીમંત્ર શીખેલો અને પ્રાથમિક શાળામાં ભણતો તે વખતની બાલ-વયમાં તો એનું રટણ પણ કરતો હતો, એટલે ફરીવાર એને મા ગાયત્રીના સ્મરણનો આશ્રય લેવાનો વિચાર સ્ફુર્યો.

ભણવાનું તો હતું નહીં, અને ભણ્યા વિના તો કામ-ધંધો પણ કોણ આપવાનું હતું, પણ મા ગાયત્રીના મંત્રનું રટણ કરવાનું શરૂ કર્યું તેના ત્રીજે જ દિવસે એક અજાણ્યા વેપારીએ એને નામુ લખવાની નોકરી આપી ! કયાં એન્જિ-નિયરીંગનો વિદ્યાર્થી અને કયાં નામું ? પણ પેલા સજ્જને ખાસ કશી ઓળખાણ પિછાણ વિના જ જાણે માની દયા હોય એમ એને એ શીખવવા પણ માંડયું અને ચાર છ

Scanned by CamScanner

દિવસમાં તો એ કાચું કામ કરતા તો શીખી પણ ગયો અને પેલા વેપારીએ એના ધાર્યા કરતાં પગાર પણ વધારે આપ્યો.

હવે તો મા ગાયત્રીનું સ્મરણ એ જ આ બાળક માટે કર્તવ્ય હતું. એણે પૂરા તનમનથી એ રટણા આરંભી દીધી. એના મનમાં ઇચ્છાઓ તો બે જ હતી એક એન્જિ-નિયર થવાની અને બીજી હતી પેલા જીવલેણ ગુપ્તરોગથી મુક્ત થવાની, અને એ માટે તો મા ગાયત્રીની કૃપા સિવાય બીજો કોઈ માર્ગ હતો જ નહીં.

એણે પરીક્ષાનું ફોર્મ ભરી વાંચવા માંડવાનો વિચાર કર્યો, પણ પેલા વેપારી પાસેથી રજા શી રીતે લેવી? રજા લેતાં નોકરી જાય તો? અને નોકરી જાય તો ફરી ક્યાંથી મળે? આ બધી અગવડ છતાં માતાજીનું નામ દઈ એણે પેલા ભલા સજ્જનને પોતાની પરીક્ષા આપવાની ઇચ્છા જણાવી. પેલા સજ્જને ચાલુ પગારે એને રજા આપતાં કહ્યું, 'તમે કલાક બે કલાક આવી જજો અને પરીક્ષા પછી તો તમારો પગાર પણ વધારી આપીશું.'

છતાં પરીક્ષાની પૂરી તૈયારી ન થઈ શકતાં એ નાપાસ થયો, પરંતુ એની આત્મશ્રદ્ધામાં ઓટ નહોતી. ઊલટું, રોજરોજ માનું રટણ કરતાં એ શ્રદ્ધા વધતી જતી હતી, અને એ શ્રદ્ધા વધે એનું એક બીજું કારણ પણ હતું. પૂજા કરતી વખતે એને એક નીલી જ્યોત દેખાતી અને અવારનવાર માતાજી તેમજ ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજીનાં દર્શન પણ થતાં, વળી આવી ઊંડી લગન ભરી ઉપાસનાની

Scanned by CamScanner

પેલા રોગ ઉપર પણ અસર થવા માંડી હતી. ધીમે ધીમે શરીર રોગમુક્ત થઇ રહ્યું હતું.

આ બધા અનુભવ પરથી આ યુવાન મહેન્દ્રની માતાજી ઉપરની શ્રદ્ધા વધતી જ જાય છે અને જીવન પરની પોતાની જાત પરની આસ્થા પણ વધુને વધુ ઊંડી ઘેરી બનતી જાય છે, તે હવે દૃઢપણે માને છે કે એનો રોગ સંપૂર્ણપણે મટી જશે અને તે એન્જિનિયર થઈને જ રહેશે. જીવનને અંધારા કૂવામાં ડૂબાડી દેતી કુટેવોમાંથી એને મળેલી મુક્તિએ એને આવી શ્રદ્ધા સાંપડાવી છે.

---

## ૧૪. દવાની સાથે દુઆ આવી મળે તો માનવીનાં દુઃખદર્દ હળવાં બની જાય છે

દવાથી ન મટે તે દુઆથી મટે છે એવી લોકોક્તિ ઘણી જાણીતી છે. ગરીબમાં ગરીબ માણસ પણ પોતાના પર આવી પડેલી આધિ–વ્યાધિ–ઉપાધિમાંથી માર્ગ કાઢવા પોતાની બુદ્ધિ–શક્તિથી થતા તમામ પ્રયત્નો કરી છૂટતો હોય છે. તો પછી શ્રીમંતો એવું કરે એમાં તો નવાઇ જ શી? પરંતુ જ્યારે એવા ભૌતિક ઉપાયોની કારી ફાવતી નથી, ત્યારે માણસમાત્રનું મન પરમતત્ત્વની શરણાગતિ શોધવા તરફ વળે છે, અને એવા પ્રસંગે જો દવાની સાથે કોઇની દુઆનો પણ સુમેળ સધાય તો દુઃખ હળવું બની જઈ સહ્ય બની રહે છે. એવો જ એક કિસ્સો અત્રે પ્રસ્તુત છે.

અમદાવાદની એક મિલના એક માલિક. તેમને આંતરડાની બીમારી છેલ્લાં ત્રણ વર્ષથી સતાવતી હતી અને જ્યારે આંતરડાના દુખાવાનો હુમલો થાય ત્યારે તેમની સ્થિતિ અત્યંત નાજુક થઇ જતી અને ઘરનાં બધા જ સભ્યો ચિંતાતુર રહેતાં. આ કારણને લઈને તેમનું શરીર પણ ખૂબ જ સૂકાઈ ગયેલું અને એક વખતના મોજશોખ માટેના જાણીતા સાવ નંખાઇ ગયેલી હાલતમાં આવી પડેલા. અમદાવાદ મુંબઈ વગેરે જગ્યાએ ડોકટરોને બતાવેલ અને ડોકટરોએ તેમને અંતે ઓપરેશનની સલાહ આપેલી પરંતુ

Scanned by CamScanner

સાથે સાથ એવી ચેતવણી આપેલી કે ઓપરેશન અત્યંત જોખમકારક છે. આથી જ્યોતિષીઓની પણ સલાહ લીધેલી. બધાનું એવું કહેવું હતું કે ઓપરેશન કરાવવું નહિ અને આમ ને આમ જેટલા દિવસ નીકળે એટલા ખરા.

આજ સમયે સંદેશના તા. ૧૫-૩-૭૬માં 'બાબો ચાલતો થયો' એ શીર્ષક હેઠળ લેખ પ્રસિદ્ધ થયો. તે લેખ લખનાર શ્રી. ધીરૂભાઈ તેમના પરિચિત હતા. જેથી તેઓએ શ્રી. ધીરૂભાઈનો સંપર્ક સાધી ગાયત્રી ઉપાસક શ્રી. શાસ્ત્રીજીનો સંપર્ક સાધ્યો.

શાસ્ત્રીજીએ તેઓની વિગત સાંભળીને તેમને 'જીવનજળ' લેવા જણાવ્યું અને 'શક્તિ પ્રદાનની' સારવાર આપી. શરૂઆતમાં સારું લાગ્યું પરંતુ થોડા દિવસ બાદ દુઃખાવો શરૂ થયો. આથી શાસ્ત્રીજીએ ધ્યાનમાં માતાજી તરફથી સંકેત મેળવ્યો કે ઓપરેશન કરાવો કંઇ વાંધો નથી. બસ આટલું સૂચન મળતાં આ બાબતની જાણ શાસ્ત્રીજીએ તે ભાઇને કરી.

તે ભાઈ ખૂબ જ ખુશ થયા અને ઘરે જઈને આ બાબત તેમના વડિલ બંધુને કહી. મોટાભાઈ રૂબરૂ શાસ્ત્રીજીને મળ્યા. અને કહ્યું; "શાસ્ત્રીજી, જો ઓપરેશન કરાવાનું હોય તો તમારી જવાબદારી પર બાકી બધાં જ ના કહે છે." શાસ્ત્રીજીએ નમ્રભાવે કહ્યું : 'ગાયત્રી માતા પર વિશ્વાસ રાખો. સારૂં થશે. અને માતાજીની કૃપાથી આપનો ભાઈ આઠ જ દિવસમાં ઘરે આવી જશે.'

Scanned by CamScanner

ઓપરેશન કરાવનારા શ્રી. ચીમનભાઈ શાસ્ત્રીજીને કહે કે શાસ્ત્રીજી મારી વિનંતી સાંભળો. મારા ઓપરેશન વખતે આપે હાજર રહેવાનું અને હું જ્યાં સુધી સાજો ના થાઉં ત્યાં સુધી અમદાવાદ બહાર તમારે જવાનું નહિં. શાસ્ત્રીજીએ તેઓની વિનંતી સ્વીકારી.

ઓપરેશનની તારીખ ૧–૮–૭૬ના રોજ નક્કી થઇ. શાસ્ત્રીજી જુલાઈના છેલ્લા અઠવાડિયામાં મુંબઈની મુલાકાતે હતા. તે ૩૧–૭–૭૬ ના રોજ સાંજના અમદાવાદ આવી પહોંચ્યા.

૧–૮–૭૬ ના દિવસે શાસ્ત્રીજી હોસ્પિટલમાં સવારના ૧૦–૩૦ વાગે પહોંચી ગયા અને ભાઈ શ્રી ચીમનલાલને આશીર્વાદ આપ્યા. ૧૧–૦૦ કલાકે શ્રી. ચીમનલાલને ઓપરેશન થીએટરમાં લઈ ગયા. તેઓ સતત ગાયત્રી મંત્ર જપતા જ હતા. જ્યાં સુધી તેઓ ભાનમાં હતા ત્યાં સુધી મંત્ર ચાલુ જ હતો. ઓપરેશન થીએટરમાંથી એમને પાંચ કલાક બાદ બહાર લાવ્યા. આ સમય દરમ્યાન શાસ્ત્રીજી શાંતચિત્તે ગાયત્રી માતાનું ધ્યાન ધરતા બેઠા હતા. ત્યારબાદ અડધા કલાક પછી દર્દીની સ્થિતિ જરા વધારે બગડી. તેમના ભાઈઓ-બધાની આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસવો શરૂ થઇ ગયો હતો. બધાને શાસ્ત્રીજીએ શાંત પાડ્યા અને કહ્યું ગભરાશો નહિ બરાબર રાતના આઠ કલાકે ડોકટરની લીલી ઝંડી ફરકી કે હવે કાંઈ વાંધો નથી. અને ત્યારબાદ શાસ્ત્રીજીએ ચીમનભાઈને માથા પર હાથ ફેરવી સવારે પરત

આવવાનું કહી વિદાય લીધી. આઠ દિવસની અંદર ગાયત્રી માતાની કૃપાથી શ્રી. ચીમનભાઈ સાજા થતા ગયા અને ઘરે પણ આવી ગયા. હોસ્પિટલમાંથી રજા લીધા પછી શ્રી. ચીમનભાઈ સીધા પોતાને બંગલે ન જતાં શાસ્ત્રીજીના નિવાસસ્થાને ગયા અને ગાયત્રી માતાના દર્શન કર્યા બાદ પોતાને બંગલે ગયા. એકાદ માસની અંદર તો તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયાં. વજનમાં વધારો થતો ગયો. અને આજે તેઓ તંદુરસ્ત હાલતમાં ફરે છે, હરે છે અને ગાયત્રી માતાના ગુણગાન ગાતાં થાકતા નથી.

Scanned by CamScanner

## ૧૫. પૂ. શાસ્ત્રીજીના 'જીવનજળ' દ્વારા જયંતીલાલનાં ધર્મપત્નીને નૂતન જીવન પ્રાપ્ત થયું

પૂ. શાસ્ત્રીજી વિરલ, અદ્‌ભુત અને પ્રખર ગાયત્રી-ઉપાસક છે. એમની ઉપાસના અપરિમેય છે. એમના વ્યક્તિત્વમાંથી આશિષની અમીધારા સદાસર્વદા સ્રવતી જ રહે છે. માનવજાતનું કલ્યાણ કરવા તેમજ તેને સાંસારિક આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી મુક્ત કરવા તેઓ સદા તત્પર રહે છે. ગાયત્રી માતાજીની પ્રખર ઉપાસનાને પરિણામે કોઇપણ માનવીની કોઈપણ મુશ્કેલીમાં ઉપકારક ને માર્ગદર્શક બની શકે તેવા સંકેતો એમને માતાજી તરફથી પ્રાપ્ત થાય છે. એથી પ્રત્યેક વ્યક્તિને વ્યક્તિગત મુલાકાત આપી તેમની મુશ્કેલો અંગે માર્ગદર્શન આપે છે, મંત્રજપ કરવા સૂચવે છે. વ્યક્તિને અંતઃકરણના ઊંડાણથી આશીર્વાદ પાઠવે છે.

પરંતુ શાસ્ત્રીજીની એક બહુ મોટી વિલક્ષણતા કહો તો વિલક્ષણતા ને સિદ્ધિ કહો તો સિદ્ધિ તે એમનું 'જીવન-જળ'. ડોકટરોના નિદાનની પરિસીમા વટાવી ગયેલા અનેક માનસિક, શારીરિક રોગો માટે શાસ્ત્રીજી જીવનજળ આપે છે ને એ રોગો સારા થાય છે. કેન્સર, લકવા, હાર્ટએટેક, બ્લડપ્રેસર, વા જેવા અનેક અસાધ્ય રોગોમાં દર્દીને ચોક્કસ પણે ગાયત્રીમંત્રથી તેમજ એમના જીવનજળથી રાહત પ્રાપ્ત થાય છે. પૂ. શાસ્ત્રીજી પાસે એવા તો કેટલાય અનુ-

Scanned by CamScanner

ભવો છે કે અસાધ્ય રોગોમાં ડૉકટરોએ હાથ ધોઈ નાખ્યા હોય, દર્દીને સારું થવાની કોઇ શકયતા જ ન હોય, કે મૃત્યુની માત્ર પ્રતીક્ષા જ કરવાની હોય એવાં દર્દીઓને શાસ્ત્રીજી શક્તિપ્રદાનની સારવાર પણ આપે છે. ને માનવી એથી રોગમુક્ત બને છે. એનો રોગ જડમૂળથી નાબૂદ થાય છે એ વાત વધુ મહત્ત્વની છે.

એકવાર શાસ્ત્રીજીએ મુંબઈમાં જાહેર મુલાકાતનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. કાંદીવલીના શ્રી જયંતીલાલ એલ. કઢી શાસ્ત્રીજીની મુલાકાતે ગયા. એમનાં ધર્મપત્નીને છેલ્લાં પંદર વર્ષથી ફીટ આવતી હતી. અનેક ઉપચારો કર્યા અનેક હોંશિયાર અનુભવી ડૉકટરોની દવાઓ કરી પણ એનાથી કશો જ અર્થ સરતો નહોતો. પંદર પંદર વર્ષથી સતત આવતી ફીટને કારણે જીવનમાં એક પ્રકારની નિરાશા-હતાશા આવી ગઈ હતી. કશું સૂઝતું જ નહોતું પણ પરમાત્મા સૌનું રક્ષણ કરે છે. દરેકનો જાણ્યે–અજાણ્યે હાથ ઝાલી લે છે. જે એને ભજે છે તેનું એ કલ્યાણ કરે છે. જે એને નથી ભજતા તેનું પણ કલ્યાણ કરે છે. પણ આ પંદર પંદર વર્ષથી અસાધ્ય રોગથી હારેલા દંપતીને અચાનક જ શાસ્ત્રીજીનાં મુંબઈના આગમનની જાણ થઈ. શાસ્ત્રીજીની જયંતીલાલે મુલાકાત લીધી. શાસ્ત્રીજીનાં ચરણોમાં પ્રણામ કરી પત્નીની અસાધ્ય માંદગી વિશે માર્ગદર્શન માગ્યું. શાસ્ત્રીજીએ પ્રસન્ન વદને આશિષ આપી ગાયત્રીની ત્રણ માળા કરવા કહ્યું ને સાથે જીવનજળ આપ્યું. જયંતીલાલે સંપૂર્ણ શ્રદ્ધાથી, શરણાગતિથી મંત્રજપ ચાલુ કર્યા. પત્નીને જીવનજળ આપવા

Scanned by CamScanner

માંડયું ને એમના સાનંદાશ્ચર્ય વચ્ચે પત્નીને અસાધ્ય રોગમાંથી ક્રમશઃ રાહત પ્રાપ્ત થવા માંડી. ધીમેધીમે સંપૂર્ણપણે સારું થઈ ગયું. જયંતીલાલનાં પત્ની રોગમુક્ત બની ગયાં.

'જીવનજળ' શબ્દનો અર્થ કરીએ તો સમજાશે કે જે જળ માનવીને નૂતન જીવન અર્પણ કરે છે, જે જળ માનવીના વેરવિખેર-વિચ્છિન્ન થઈ ગયેલા જીવતરમાં નૂતન પ્રાણનો સંચાર કરે છે, જે જળ માનવીના મૂરઝાઈ ગયેલા જીવતરમાં નવી જ તાજગી પ્રફુલ્લિતતા આણે છે તેનું નામ જીવનજળ.

આ રીતે જીવનજળની આ વ્યાખ્યા-શબ્દાર્થને પ્રસ્તુત કિસ્સામાં સંપૂર્ણપણે ચરિતાર્થ થતા જોઈ શકાય છે. પંદર-પંદર વર્ષથી ફીટનો અસાધ્ય રોગ એ રોગમાં તબીબોની ફી, દવાનો ખર્ચ તેમજ અન્ય નાની-મોટી મુશ્કેલીએ એમના જીવનને કેટલું દુઃખી બનાવ્યું હશે એની તો કલ્પના જ કરવી રહી. એ તો જેના પર વીતે તે જ જાણે.

પરંતુ શાસ્ત્રીજી જેવા પ્રખર ઉપાસકની આશિષ, મા ગાયત્રીની સંપૂર્ણ શ્રદ્ધાથી સ્વીકારેલી શરણાગતિને કારણે આવા અસાધ્ય રોગમાંથી મુક્તિ મળી.

આમ, શાસ્ત્રીજીનું માર્ગદર્શન ને મા ગાયત્રી પ્રત્યે અતૂટ શ્રદ્ધા રાખી મંત્રજપ કરવામાં આવે તો માનવીને પ્રત્યેક સાંસારિક વિષમતા આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી મુક્તિ મળે છે. જીવન પ્રફુલ્લિત ને સુમેળભર્યું બને છે.

Scanned by CamScanner

## ૧૬. મા ગાયત્રીની કૃપાથી દામિનીની શારીરિક પીડા સદંતર દૂર થઇ....

ભદ્રવર્ગનું એ કુટુંબ શિક્ષિત, સંસ્કારી અને સંતોષી પતિ-પત્ની વચ્ચે ઘણો પ્રેમ અને આદર. સંતોષથી, સુખથી દિવસો પસાર થાય. ઘરમાં એક દીકરી, દામિની. દામિની માતા-પિતાની જ નહીં, કાકા અને ફોઈઓની પણ એટલી જ લાડકી.

માંદાસાજાં તો બાળકો સૌને ત્યાં થાય, પણ આ પ્રેમાળ, અતિ સ્નેહાળ કુટુંબની બાળકની માંદગી વજ્રપાત સમી બની રહે. આ કુટુંબમાં પણ એવું. દામિનીને સાધારણ શરદી પણ થાય તો સૌનો જીવ ઊંચો થઈ જાય.

અને આ તો વાત જ ચિંતા કરાવે એવી હતી. આજ લગભગ દસ દિવસથી દામિનીને તાવ આવતો હતો. દવા તો ચાલુ જ હતી, પણ દવાથી તાવ ચઢઊતર કરતો હતો.

દામિનીના કાકા દાકતર. એમણે કન્સલ્ટન્ટની સલાહ લેવાનું કહ્યું. લેબોરેટરીનો રિપોર્ટ આવ્યો. નિદાન થયું ટાઈફોઈડનું, પછી ટાઈફોઈડની ટ્રીટમેન્ટ શરૂ થઇ. દવાથી તાવ તો ઊતરી ગયો પણ પેટમાં દુઃખાવો શરૂ થયો. આ દુઃખાવાની ફરિયાદ વધતી ચાલી તે એટલે સુધી કે દુઃખાવો તદ્દન અસહ્ય થઈ ગયો. અને પછી તો ઊલટીઓ શરૂ થઈ. પેટમાં કશું જ ટકતું નહીં. સર્જનને બતાવ્યું.

આરામ માટે દવા ઈન્જેકશન આપ્યાં, પણ કોઈ જાતની રાહત થઈ નહીં.

દામિનીની વધતી જતી તકલીફ જોઈ એમનાં દાકતર બહેને ગાયત્રી ઉપાસક પૂ. શાસ્રીજીની આશિષ મેળવવાનું સૂચન કર્યું. દવાથી જે ન મટે તે દુઆથી મટે પણ ખરું એવી શ્રદ્ધાથી અને દામિનીની તકલીફ જોઈ જતી ન હોવાથી આખા કુટુંબે એ સૂચનનો સ્વીકાર કર્યો. એક દાકતરે કરેલા સૂચનને સ્વીકારનારા આ શિક્ષિત કુટુંબમાં એક ડૉકટરનો પણ સમાવેશ થતો હતો. પ્રેમ અને મમતા માણુસને અભિમાન અને ખોટી જિદથી હમેશાં દૂર જ રાખે છે.

એ લોકો દામિનીને લઈ પૂ. શાસ્રીજી પાસે જઈ પહોંચ્યા. ઘણા બધા દિવસોથી સહેજપણ ખોરાક ન લઈ શકવાથી દામિનીમાં ઘણી અશકિત આવી ગઇ હતી એટલે એને તેડીને શાસ્રીજી પાસે લઈ જવી પડી.

મુલાકાતીઓની રાબેતા મુજબની એકસો એકની સંખ્યા પૂરી થઈ ગઈ હોવા છતાં શાસ્રીજીએ એમને આવકાર આપ્યો. દામિનીની માંદગીની અને સારવારની સંપૂર્ણ વિગતો એમણે શાન્તિથી સાંભળી અને પછી માતાજીને દામિનીના સ્વાસ્થ્ય માટે એકાગ્રચિત્તે પ્રાર્થના કર્યા બાદ એમણે દામિનીને શક્તિ પ્રદાનની સારવાર આપી, પછી એમણે દામિનીને ચાલવાનું કહ્યું. અશકત દામિની કેવી રીતે ચાલશે એની એ સૌને વિમાસણ હતી, પણ માતાજીની કૃપાથી અને હૃદયમાં ઉત્પન્ન થયેલી શ્રદ્ધાના બળથી દામિની ઊભી થઈને ચાલી,

Scanned by CamScanner

એટલું જ નહિ ચાલતી બહાર આવીને રીક્ષામાં જાતે બેઠી. સારવારના પ્રથમ તબક્કે જ આટલી મોટી અસર જોઈ ઘરનાં સૌ ખૂબ પ્રભાવિત થયાં અને મા ગાયત્રીની કૃપાનો વિચાર કરી ગદ્ગદ થઈ ગયાં.

ઘરે આવીને દામિની થોડી શ્રમિત દેખાતી હોવા છતાં એના મોં પરના નૂરમાં વધારો થયો દેખાતો હતો એથી ઉત્સાહિત થઈ માતાએ એને દૂધ આપ્યું. ઘણા દિવસથી પેટમાં કંઇ ટકતું જ નહોતું એટલે આજે આપેલા દૂધ વિષે પણ આશંકા તો હતી જ, પણ દામિનીએ પોતે સૌની નજર સામે ચાલી દેખાડ્યું હોઇ દૂધ ટકી જશે એવી શ્રદ્ધા પણ હતી. બીતાં બીતાં થોડું દૂધ આપ્યું. દામિની એ શાન્તિથી પી ગઈ બીજું થોડું હિંમત કરીને આપ્યું, તો એ પણ તે પી ગઇ. અગાઉ આપતાં તેથી દૂધનું પ્રમાણ વધારે થયું, પણ દામિનીને કશી તકલીફ થઈ નહીં. દૂધ પેટમાં ટકી ગયું, અને થોડીવારે દામિની આરામથી ઊંઘી ગઇ. એણે પેટમાં દુઃખવાની ફરિયાદ મુદ્દલે કરી નહીં.

આખી બપોર અને સાંજ તદ્દન આરામથી વીતી. ફરી રાત્રે આઠના સુમારે દામિનીને પેટમાં તકલીફ થવા માંડી, હવે શું કરવું ? આવતી કાલ સુધી રાહ જોવી કે શાસ્ત્રીજી પાસે દોડી જવું ? ઘરનાંની લાગણીશીલતાએ સંકોચની પાળને તોડી નાંખી. આખી રાત દુઃખતા પેટે દામિની દુઃખી થાય તે કરતાં તો....એવો વિચાર કરી સંકોચ સાથે ફરી તેઓ શાસ્ત્રીજીને ત્યાં પહોંચી ગયા. શાસ્ત્રીજી તેમજ એમના ઘરનાં સૌએ એ લોકોને આવકાર્યા.

Scanned by CamScanner

શાસ્ત્રીજીએ માતાજીની પ્રાર્થના કરી ફરી શક્તિપ્રદાન સારવાર દામિનીને આપી, સાથે અભિમંત્રિત જળ પણ પીવડાવ્યું. દામિનીને રાહત લાગવા માંડી. શાસ્ત્રીજીની રજા માગી ત્યારે એમણે જીવનજળની બાટલી લઇ જવા કહ્યું.

દામિની ઘરે આવીને આરામથી ઊંઘી ગઈ. બીજે દિવસથી શ્રદ્ધાપૂર્વક એ લોકોએ જીવનજળ દામિનીને આપવાનું ચાલુ કર્યું. એ દિવસથી પછી કદી દામિનીને પેટમાં દુઃખાવો પણ થયો નથી કે નથી કરી કદી એણે ઊલટીની ફરિયાદ! હવે દામિની હરીફરી શકે છે, અને પ્રસન્નતાથી પોતાનો નિત્યક્રમ કરી શકે છે.

દવા ઉપરાંત દુઆ પણ કેવી કારગત નીવડી શકે છે, એનું દામિની એક ઉદાહરણ છે. એનાં પ્રેમાળ માતા-પિતા અને કુટુંબીજનો ખૂબ ભક્તિભાવથી મા ગાયત્રીનું સ્મરણ કરે છે, અને પરિચયમાં આવનારાંને માતાજીની કૃપાનું દૃષ્ટાન્ત કહી ભક્તિ તરફ પ્રેરવાનું સત્કૃત્ય પણ કરે છે.

———

Scanned by CamScanner

## ૧૭. મા ગાયત્રીની કૃપાથી શકિતપ્રદાન સારવારથી ફેફસાની ગાંઠ મટી ગઈ

અમેરિકામાં રહેતા શ્રી. પ્રિતમભાઈનો ગ્રોસરી અને સાડીઓનો વેપાર છે. અને ન્યુયોર્ક તથા ન્યુજર્સીમાં તેમના સ્ટોર આવેલા છે. પ્રિતમભાઈ સશક્ત અને તંદુરસ્ત હતા. પરંતુ એક વખત તેમના મોંઢા ઉપર સોજા આવ્યા. ત્યાં ડોકટરને બતાવ્યું તો કહ્યું કે, ખાવામાં કંઇ આવી ગયું હશે. પરંતુ બે અઠવાડિયાં વીત્યા છતાં પણ તેમનો સોજો ઉતર્યો નહિ. જેથી શ્રી. પ્રિતમભાઈનો ભાણો કે જે ત્યાં ડોકટર છે તેમણે સલાહ આપી કે "એકસ-રે" કઢાવો જેથી "એકસ-રે" કઢાવ્યો તો તેમાં આવ્યું કે ફેફસામાં ગાંઠ છે. પછી પ્રિતમભાઇને હોસ્પિટલમાં દાખલ કર્યા અને રેડીએશનની ટ્રીટમેન્ટ આપી અને બધી જ જાતનાં ટેસ્ટ કર્યા અને ગાંઠ એવી જગ્યા પર ફેફસામાં આવેલી કે ઓપરેશન થઈ શકશે નહિ એવું ડોકટરોએ જાહેર કર્યું. અને ડ્રગની ટ્રીટમેન્ટ ચાલુ રાખી.

આ વાત જાણી પ્રિતમભાઈના સગાંવહાલાં ખૂબ જ ચિંતાતુર રહેતાં. આ અરસામાં લંડનમાં રહેતાં પ્રિતમભાઈના બ્હેન શાંતાબહેન કે જેઓ લંડનમાં દર રવિવારનું 'સંદેશ' જે અમદાવાદથી નીકળે છે તે વાંચે છે. તેમાં તેમણે શાસ્ત્રીજીનો લેખ વાંચ્યો અને તરત જ તે પેપરનું કટીંગ કાપી અમેરિકા મોકલી આપ્યું અને શાસ્ત્રીજીનો સંપર્ક સાધવા જણાવ્યું.

શ્રી. પ્રિતમભાઇએ તેઓનાં સાળી કે જેઓ વડોદરામાં રહે છે. તેમને જણાવ્યું કે, શાસ્ત્રીજીને મળો અને બધી

Scanned by CamScanner

વિગત જણાવે. આ બાબતની જાણ થતાં પ્રિતમભાઇનાં સાળીએ અમદાવાદની "સંદેશ"ની ઓફિસને ફોન જોડયો અને સરનામું મેળવ્યું અને બીજે જ દિવસે શાસ્ત્રીજીની મુલાકાત લીધી.

શાસ્ત્રીજીએ તેમની વાત સાંભળી કહ્યું. હાલમાં તો અમેરિકા આપ "જીવનજળ" મોકલી શકો તેમ હો તો 'જીવનજળ' મોકલી આપો. તેમણે આગ્રહ કર્યો કે "તમો પ્રિતમભાઈને "શક્તિપ્રદાનની" સારવાર આપો. શાસ્ત્રીજીએ કહ્યું હાલમાં "શક્તિપ્રદાનની" સારવારમાં પુરતા માણસો છે જેથી હાલમાં સમય નથી. આપ ફરીથી મળજો. આમ તે બ્હેન બેત્રણ વખત શાસ્ત્રીજીને મળ્યાં અને પ્રિતમ-ભાઈની સારવાર માટે વિનંતી કરતાં રહ્યાં. શાસ્ત્રીજીને દયા આવે પરંતુ તે પોતે પણ શું કરે? કારણ કે તેમની પાસે સેંકડો માણસો સારવાર માટે તો રાહ જોતાં જ હોય છે.

જ્યારે તે બ્હેન ૭૭ ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં શાસ્ત્રીજીને મળવા આવ્યાં ત્યારે તેમના મુખ પર વિષાદ હતો. અને તેઓએ કહ્યું, "શાસ્ત્રીજી આપ સમય નહિ આપો તો પ્રિતમભાઈ નજીકના ભવિષ્યમાં જ આ દુનિયા છોડી ચાલી જશે. આ ગંભીર કેસ છે અને અમો બધાં ખૂબજ ચિંતાતુર છીએ ને હાલમાં પ્રિતમભાઇ લંડન આવેલા છે. જો આપ સમય આપો તો હું લંડન ફોન કરી તેમને અત્રે બોલાવી લઉં."

શાસ્ત્રીજીએ એકદમ આંખો બંધ કરી. થોડી સેકંડો બાદ આંખ ખોલી અને પછી ડાયરી લઈ તારીખો જોઈ

કહ્યું કે ૭૭ ઓગસ્ટની ૨૦મી થી ૨૯મી ઓગસ્ટ સુધી "શક્તિપ્રદાન"ની સારવાર માટે પ્રિતમભાઈને અત્રે બોલાવી લો. તે બ્હેને તરત જ વડોદરા જઇને લંડન ફોન કર્યો અને નક્કી કર્યા મુજબ લંડનથી પ્રિતમભાઈ અને તેમના ધર્મપત્ની તાબડતોબ અત્રે આવી પહોંચ્યાં. અત્રે આવ્યા બાદ તેઓશ્રી શાસ્ત્રીજીને પુષ્પકુંજમાં મળ્યાં. શાસ્ત્રીજીએ કહ્યું કે "શક્તિપ્રદાનની" સારવાર હું ઘરે આપુ છું માટે આપ મારા ઘરે દરરોજ સાંજના ૭ થી ૮ વાગ્યાના સુમારે આવી જજો.

પ્રિતમભાઈએ કહ્યું કે હું વડોદરાથી રોજ આવજા કરું તો કાંઈ વાંધો ? શાસ્ત્રીજીએ કહ્યું કે, મારે તો આપનું કામ સાંજના ૭ થી ૮ની વચ્ચે છે. જેથી આપ તે સમય દરમ્યાન આવી જજો. આમ પ્રિતમભાઈએ તા. ૨૦-૮-૭૭થી ૨૯-૮-૭૭ સુધી શાસ્ત્રીજી પાસે આવીને "શક્તિપ્રદાન"ની સારવાર લીધી. ૨૯-૮-૭૭ના રોજ સાંજનાં સારવાર બાદ શાસ્ત્રીજીએ પ્રિતમભાઈને કહ્યું કે, હવે આપ કાલે આવજો. એકસ-રે કઢાવજો અને મને ખબર આપજો.

પ્રિતમભાઈએ વડોદરા જઇને તેમનો "એકસ-રે" લેવડાવ્યો તો ડોકટરશ્રીએ એકસ-રે જોઈને કહ્યું કે, શાના માટે "એકસ-રે" કઢાવ્યો છે. ત્યારે તેમણે બધી વિગત કહી તો ડોકટરે કહ્યું કે, તમોને ફેફસામાં કોઈ જાતની ગાંઠ જ નથી. આ સાંભળી પ્રિતમભાઈ અને તેમનાં સગા-વહાલાં ખૂબ જ ખુશ થયાં અને શાસ્ત્રીજીને આ બાબતના

Scanned by CamScanner

ફોનથી ખબર આપ્યા. ત્યારે શાસ્ત્રીજીએ એટલું જ કહ્યું કે "ગાયત્રી-માતાની" આરાધના ચાલુ રાખજો.

પ્રિતમભાઈ ફરીથી રૂબરૂ શાસ્ત્રીજીને મળવા આવ્યા અને આભાર માનવા લાગ્યા ને નવું જીવન પ્રાપ્ત થયાનો આનંદ માણવા લાગ્યા. ત્યારે શાસ્ત્રીજીએ શાંત અને મૃદુ સ્વરે કહ્યું, "ભાઈ આભાર તો માનવો રહ્યો 'ગાયત્રી-માતાનો' હું તો એક માધ્યમ તરીકે જ કાર્ય કરી રહ્યો છું."

શાસ્ત્રીજીએ પ્રિતમભાઈને સૂચન કર્યું કે, તમો અમેરિકા જઈને ફરીથી "એક્સ-રે" લેવડાવશો. અમેરિકા ગયા બાદ પ્રિતમભાઈએ ફરીથી "એક્સ-રે" લેવડાવ્યો. તો ત્યાં પણ ગાંઠ નથી એવું ડોકટરોએ જાહેર કર્યું અને આશ્ચર્ય પામી ગયા. ત્યારબાદ પ્રિતમભાઈએ "ગાયત્રી-માતાના" આ બનેલ ચમત્કારની વાત કરી તો ત્યાંના ડોકટરોએ પણ શાસ્ત્રીજીની મુલાકાત માટે ઈચ્છા પ્રદર્શીત કરી.

આજે પ્રિતમભાઈ અમેરિકામાં હોવા છતાં પણ નિયમિત "ગાયત્રી-માતાની" આરાધના ચાલુ રાખી છે અને નવી જીંદગી મળી છે તેને સદઉપયોગ કરવામાં ગાળે છે.

Scanned by CamScanner

## ૧૮. મા ગાયત્રીની કૃપાથી રતિભાઈનો હૃદયરોગ મટયો

આધુનિક યુગની દોડધામ અને યંત્રવત જીવનરીતિએ હૃદયરોગ અને બ્લડપ્રેસર જેવા રોગોને ખૂબ વકરાવી મૂકયા છે. ચારે તરફ આ રોગોની સારવાર માટે હોસ્પિટલોમાં વિશિષ્ટ સેવા વિભાગો ખુલતા જ રહે છે. નિષ્ણાત તબીબો આ જીવલેણ રોગની સામેં ઝૂઝ મનુષ્યની જીવાદોરી લંબાવવા રાતદિવસ એક કરે છે. આ બધા સંરક્ષણ પ્રયાસો છતાં આ રોગની ફરિયાદ વધતી જ જાય છે.

આવા જીવલેણ રોગમાં પણ સાચા હૃદયથી શોધેલી શરણાગતિ ખૂબ કારગત નીવડતી હોય છે. એવા એક ભાવિક ગૃહસ્થના હૃદયરોગમાંથી થયેલા બચાવની કથની અત્રે રજૂ કરી છે. એ મા ગાયત્રીના કૃપાપ્રસાદની કથનીમાં મુંબઈ જેવા અતિ આધુનિક શહેરમાં એક લાગણી–ભીના અદના માનવીની માનવતાની વાત પણ આકસ્મિક રીતે ગુંથાઈ જવા પામી છે. પોતાની ટેક્ષીમાં બેહોશ બની ઢળી પડતા માનવીને હોસ્પિટલમાં પહોંચાડવો અને દિવસ આખાની રોજી ખોઈ એની તહેનાતમાં રહેવું, એ એક ડ્રાઈવરને પોષાય નહીં તોય તેણે કર્યું છે. પ્રભુના પ્રસાદની અને માનવીની માનવતાની આ કથની નીચે પ્રમાણે છે :–

મુંબઈના કરિયાણા બજારના હોલસેલના વેપારી શ્રી રતિભાઇ બાળપણમાંથી જ ધાર્મિકવૃત્તિના હતા. સંદેશમાં

Scanned by CamScanner

આવતા "ગાયત્રી માતા"ના લેખો તેઓ કાયમ વાંચતા અને એ વાંચન પરથી જ દરરોજની ત્રણ માળા "ગાયત્રી મંત્ર"ની શરૂ કરેલી.

તા. ૨૨–૨–૭૭ ને મંગળવારના રોજ તેઓ એક સંબંધીની ખબર કાઢવા માટે હોસ્પિટલ ટેક્ષીમાં જવા નીકળ્યા. ટેક્ષીમાં બેઠા બાદ તેમને સહેજ ગભરામણ જેવું લાગ્યું પરંતુ "ગાયત્રી માતાને" યાદ કરતાં જ રહ્યા. છેવટે ગભરામણ વધવા લાગી જેથી ટેક્ષી ડ્રાઈવરને કહ્યું કે ભાઈ, મને કંઈક થાય છે. બસ આટલું બોલીને તેઓ ઢળી પડયા અને બેભાન બની ગયા. ટેક્ષીવાળાને "ગાયત્રી માતાએ જ" પ્રેરણા કરી અને તેમને બારોબાર જશલોક હોસ્પિટલમાં લઈ ગયો. તેમને હૃદયરોગનો ગંભીર હુમલો થયેલો. સ્થિતિ અત્યંત નાજુક હતી, છતાં પણ "ગાયત્રી માતાની" કૃપાથી ડોકટરોએ કેસ દાખલ કર્યો અને તાત્કાલિક સારવાર શરૂ કરી. આ વખતે રતિભાઈ પાસે એક અજાણ્યો ટેક્ષી ડ્રાઈવર જ હતો. તેમનાં સગાંવહાલાં અને ઘરનાં માણસોને સાંજના ખબર પડી ત્યારે રાતના બાર વાગે બધાં જશલોક હોસ્પિટલમાં પહોંચ્યા ત્યારે રતિભાઈ બેભાન હતા. જે બીજા દિવસે બપોરે ભાનમાં આવ્યા. તેઓશ્રી હોસ્પિટલના પલંગમાં સૂતા સૂતા "ગાયત્રી માતાનું" સ્મરણ કરતા. તેમની તબિયત દિવસે દિવસે સુધરતી ગઈ અને એક મહિના બાદ તેઓશ્રી ઘરે આવ્યા. ડોકટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી. ઘરે આવ્યા બાદ તેમની ઇચ્છા પૂ. શાસ્ત્રીજીને રૂબરૂ મળવાની હતી. પરંતુ,

Scanned by CamScanner

ડોકટરોએ મુસાફરી કરવાની ના પાડી હોવાથી તેઓ અમદાવાદ આવી શકે તેમ ન હતા.

ત્યારબાદ ડિસેમ્બરમાં તેમની તબિયત બગડી અને ફરીથી તેમને હરકીશનદાસ હોસ્પિટલમાં દાખલ કર્યા. આજ અરસામાં પૂ. શાસ્ત્રીજી મુંબઈમાં હતા. જેથી રતિભાઈએ દુલા ભગત મારફતે આ બાબતની જાણ પૂ. શાસ્ત્રીજીને કરી અને બધી વિગતથી વાકેફ કર્યા. પૂ. શાસ્ત્રીજી ખૂબ જ દયાળુ અને દર્દી પ્રત્યે ખૂબ જ મમતાભર્યું વર્તન દાખવે છે. તેઓ કહે છે કે જ્યારે માણસ બધી જ દિશાઓથી હારે છે, થાકે છે ત્યારે જ "માતાજીના" શરણે આવે છે. બીજું, પૂ. શાસ્ત્રીજીને જાહેર સ્થળોએ જવાની " માતાજી તરફથી આજ્ઞા " મળેલી છે જેથી પૂ. શાસ્ત્રીજીને હોસ્પિટલમાં શ્રી. રતિભાઈને જોવા જવાની "હા" પાડી. મુંબઈમાં જ્યારે શાસ્ત્રીજી હોય છે ત્યારે તેમની પાસે થોડો પણ સમય વધારાનો હોતો નથી. છતાં પણ પૂ. શાસ્ત્રીજીએ હોસ્પિટલમાં જઈ તેઓશ્રીને "આશીર્વાદ" આપ્યા અને "જીવનજળ" દરરોજ ચાલુ રાખવાનું સૂચન કર્યું. પૂ. શાસ્ત્રીજીના દર્શન માત્રથી રતિભાઈ એટલા બધા ભાવવિભોર બની ગયા કે, તેમને ઊઠવાની રજા ન હતી છતાં પણ તેઓ શાસ્ત્રીજીને મૂકવા માટે લીફ્ટ સુધી આવ્યા. ત્યારબાદ તેમની સ્થિતિ સુધરવા માંડી, અને આજે તેઓ સંપૂર્ણ સ્વસ્થ છે.

Scanned by CamScanner

છેલ્લા ત્રણ વરસથી તેઓએ મુંબઈ બહારની મુસાફરી કરી નહતી. તે તા. ૨૦–૩–૭૮ના રોજ અમદાવાદ પૂ. શાસ્ત્રીજીની મુલાકાતે રૂબરૂ આવી ગયા. હાલમાં તેઓ પોતાનું રોજિંદું કાર્ય કરે છે અને "ગાયત્રી માતા"ના જાપમાં તલ્લીન છે. પ્રાપ્ત થયેલા નવજીવનનો સદઉપયોગ કરી રહ્યા છે.

Scanned by CamScanner

## ૧૯. મા ગાયત્રીની કૃપાથી એમની હૃદયનાં બીમારી દૂર થઇ

કાડિયોગ્રામ ઉપરથી લાંબા સમયથી ખોડી રાખેલી નજર ઊંચે ઉઠાવી ડૉ. શર્માએ એ નજરને ચશ્મા સોંસરવી ત્રિવેદીના ચહેરા પર માંડી. ડૉ. શર્માની આંખોમાં વરતાતી ઊંડી ગંભીરતાથી ત્રિવેદીનું હૃદય ખુદ એક થડકારો ચૂકી ગયું. એણે આંખમાં પૃચ્છા ભરી કંઈપણ બોલ્યા વિના જ પોતાની ચિંતા અને જિજ્ઞાસા વ્યક્ત કરી. ત્રિવેદીના આખા ચહેરા પર એટલીવારમાં ફરી વળેલી ડૉ. શર્માની નજર સીધી ત્રિવેદીની આંખમાં પરોવાઈ. ત્રિવેદીની હિંમત સરવા માંડી, ડૉકટરનો ગંભીર અવાજ આવ્યો, "મિ. ત્રિવેદી, કોઈપણ રિસ્ક લઈ શકાય એમ નથી, એમાંયે ડિલીવરીના રિસ્કની તો હું કોઇ રીતે હા પાડી ન શકું. બહેતર છે કે મિસીસ ત્રિવેદી એબોર્શન કરાવી લે...."

"પણ ડોકટર...."

"જુઓ મિ. ત્રિવેદી આ તો ફાટી ગયેલું કપડું છે એને જાળવી જાળવીને રાખવાનું". આટલું કહેતાં ટેબલ પર મૂકેલો કાડિયોગ્રામ ઉઠાવી ત્રિવેદીને બતાવતા ડૉ. શર્માએ કહ્યું, "હૃદય એટલું બધું પહોળું થઈ ગયું છે કે પ્રસૂતિ વખતે પૂરો ખતરો છે". કાડિયોગ્રામ અને બીજા કાગળીયા ટેબલ પરથી ઉઠાવી ચાલવાની તૈયારી કરતાં ત્રિવેદીએ પૂછયું, "ડૉકટર સાહેબ, કંઈ જ ઉપાય નથી ?"

Scanned by CamScanner

ડૉકટરે કંઈ ન બોલતાં હાથમાંની બોલ-પેન ઊંચી કરી આસમાન તરફ ઈશારો કર્યો.

અને ત્રિવેદીની ગડ બેસી ગઈ. આમેય જન્મના સાંસ્કારોને કારણે એનામાં ઈશ્વર પ્રત્યે આસ્થા તો હતી જ, ને તેમાં આ આપત્તિમાં તો એને કેવળ ઇશ્વરનો જ સહારો બાકી બચેલો લાગ્યો. એક લાંબો શ્વાસ ભરી ડૉકટરને નમસ્કાર કરી ત્રિવેદીએ ઘરની વાટ પકડી. પત્નીને, ગર્ભવતી પત્નીને આ બધું કેવી રીતે સમજાવવું એની એને ભારે મોટી વિમાસણ હતી.

પત્ની ઉપર ત્રિવેદીને અનહદ પ્રેમ હતો, અને ત્રિવેદીનાં પત્ની પ્રમીલા પણ એ પ્રેમને લાયક નારી હતી. એક જ જ્ઞાતિનાં અને વડિલોએ જ પરણાવ્યા છતાં એ બન્નેના જીવનમાં પ્રેમ-લગ્નની સૌરભ મ્હોરતી હતી. ત્રિવેદી મૂળ ઉત્તર ગુજરાતના એક નાનકડા ગામડાનાં અત્યંત ધાર્મિક એવા એક પૈસાપાત્ર બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યા હતા અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતા, અને વડોદરા રહી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં એમણે એસ. એસ. સી. પછી ચાર વર્ષ અભ્યાસ કર્યો હતો.

ગ્રેજ્યુએટ થયા પછી થોડોક સમય ગુજરાતમાં જે એક બે નોકરીઓ કર્યા પછી તે ગુજરાત બહાર શિક્ષકની નોકરી સ્વીકારી મધ્યપ્રદેશના રતલામમાં સ્થિર થયો હતો. સ્વભાવની નીખાલસતા અને મિલનસારપણાને કારણે ત્રિવેદીને મધ્યપ્રદેશમાં યે પરાયાપણાનો બિલકુલ અનુભવ

Scanned by CamScanner

થતો નહોતો. સાલસ પત્ની પણ રતલામના વાતાવરણમાં દૂધમાં સાકર ભળી જાય તેમ ભળી ગઇ હતી.

લગ્ન પછી પહેલું સંતાન થયા બાદ પ્રમીલાબહેનની તબિયત લથડી હતી, અને દિનપ્રતિદિન તે વધુ ને વધુ બગડતી જતી હતી. ઘરગથ્થુ ઉપચારો, વસાણાં, ટોનિક એવી અનેક પ્રકારની સારવાર કરી છતાં કાંઈ ફેર પડતો નહોતો. ત્યાં ફરી એમને દિવસો રહ્યા હતા. હવે તો તબિયત માટે ગમે તે કરી છૂટવું એવા નિર્ણયથી એક પછી એક તબીબોને બતાવતા બતાવતા ત્રિવેદી ડૉ. શર્મા પાસે આવી પહોંચ્યો હતો. અને ડૉ. શર્માએ જે નિદાન કર્યું તેથી એની છાતી બેસી ગઇ હતી.

પોતાની પ્રાણપ્રિય સખી અને બાળકની વ્હાલસોયી માતાને જો કાંઈક થઇ ગયું તો? ત્રિવેદી આગળ કશું વિચારી શકતો નહોતો. ડૉ. શર્માની ઓપરેશનની સલાહ પણ ગર્ભ રહ્યો વધુ દિવસો થયા હોઇ અમલમાં મૂકવાનું વાજબી લાગતું નહોતું. નકામું હાથે કરીને જ ઉલમાંથી ચૂલમાં પડવાનો ઘાટ થાય તો?

એને ડૉકટર શર્માએ આસમાન તરફ ચીંધેલી આંગળી યાદ આવી ગઇ. છેલ્લા કેટલાયે સમયથી ત્રિવેદી 'સંદેશ' માં 'અગોચર મનની અજાયબી' નિયમિત વાંચતો હતો. મા ગાયત્રી ઉપરની એની શ્રદ્ધા વધુને વધુ દૃઢ થતી જતી હતી. એણે પ્રમીલાબહેનની તબિયતના મામલામાં પણ મા ગાયત્રીની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાનો ફેંસલો જ કરી નાંખ્યો.

Scanned by CamScanner

એણે અને પ્રમીલાબહેને નિયમિત રીતે મા ગાયત્રીની માળા કરવાનું શરૂ કર્યું. 'સંદેશ' માં એણે શાસ્ત્રીજી દ્વારા અપાતી ગાયત્રી શક્તિપ્રદાન સારવાર વિષે વાંચેલું તેથી પત્નીને અમદાવાદ લઈ જવાનું પણ એણે નક્કી કરી નાંખ્યું અને નાદુરસ્ત તબિયત છતાં પત્નીને એણે બે વાર શક્તિ પ્રદાનની સારવાર અપાવી.

નિયમિત રીતે મા ગાયત્રીના સ્મરણથી ત્રિવેદીની હિંમત ઘણી વધી ગઈ હતી. ફાટેલા જીર્ણ વસ્ત્રની જેમ પત્નીના હૃદયને સાચવવાની ડોકટરની ચેતવણી એણે બરાબર પાળી હતી, પણ એના મનમાંથી અનિષ્ટની આશંકા ધીમે ધીમે ઓસરી જઇ રહી હતી.

ડિલીવરીના બેએક માસ પહેલા તબિયત સહેજ વધારે લથડતાં પ્રમીલાબહેનને રતલામની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવા પડયાં. એક મહિનાની સારવારને અંતે ડોકટરે એમને ઈન્દોર લઇ જવાની સલાહ આપી. ડિલીવરીના સમયમાં તે મોટી હોસ્પિટલમાં હોય તો તે વધુ સારું એવી ડોકટરની સલાહ હતી. આ બધા સમય દરમિયાન ત્રિવેદી તો સંપૂર્ણ શરણાગતિથી માની ભક્તિમાં લાગી ગયો હતો. સહેજ પણ ફુરસદ મળે તો તેનું ચિત્ત ગાયત્રી મંત્રના જાપમાં પરોવાઇ જતું. ત્યાં ગયા જુલાઈની ૩ જીએ ત્રિવેદીને એક વિચિત્ર અનુભવ થયો. થાકથી એની આંખ મીંચાઈ ગઇ હતી, ઊંઘમાં એણે આધેડ વયની પરિચિત લાગતી એક સ્ત્રીને જોઇ, એ સ્ત્રીએ દીવાલ પર

ટીંગાવેલા કેલેન્ડરમાંની મા અંબાજીની છબી તરફ ઈશારો કરી ત્રિવેદીને કહ્યું, "નટુભાઈ, ચિંતાનું કોઇ કારણ નથી. માનાં દર્શન કરાવો. સૌ સારાં વાનાં થશે.

આ સ્વપ્ન પછી આંખ ખૂલી ત્યારે ત્રિવેદીની છાતી આત્મવિશ્વાસના અનેરા ઉલ્લાસથી ઉછળી રહી હતી. એને થયું કે મા ગાયત્રીની શરણાગતિનો પોતે કરેલો નિર્ણય મૂળ સાચો હતો. રતલામના ડોકટરની સલાહ પ્રમાણે ડિલીવરીની વ્યવસ્થા માટે એ ઇન્દોર ઊપડયો. બસમાં મુસાફરી કરતાં કરતાં એને થયું કે આવી તબિયતે પ્રમીલાને ઇન્દોર લઈ જઈ શકાશે ?

પાછા ફરી એણે રતલામમાં સિવિલના ડોકટરનો સંપર્ક સાધ્યો. એમણે ઈન્દોર લઈ જવાની વાત જ પકડી રાખી. ત્રિવેદીને થયું રતલામમાં જ મિશન હોસ્પિટલમાં લઈ જાઉં તો ? ત્યાં પણ લેડી ડોકટરે પ્રમીલાબહેનના હૃદયના ધબકારા જોઇ પ્રસૂતિ કરાવવાની ના પાડી.

શું કરવું એ વિચારમાં ત્રિવેદી ઘર તરફ પાછો ફરી રહ્યો હતો ત્યાં રસ્તામાં એને અચાનક જ ડૉ. લાંધે મળી ગયા. એમણે હિંમત આપી મિસીસ ત્રિવેદીને હોસ્પિટલમાં દાખલ થવાનું કહ્યું, છેવટે મિશન હોસ્પિટલમાં જ ડિલીવરીનું નક્કી થયું. દિવસો જતા હતા તેમ તેમ માતાજી પરની પૂરી શ્રદ્ધા છતાં ત્રિવેદીના મન પર ચિંતાનું ભારણ વધતું જતું હતું. એમ કરતા એક દિવસે ત્રિવેદીએ રાત્રે



Scanned by CamScanner

સ્વપ્ન જોયું. સ્વપ્નનું દૃશ્ય આવું હતું. એક ખૂબ જ વૃદ્ધ ઉંમરના મહાત્મા સામે ઊભા છે અને તેમની બાજુમાં ભગવાં વસ્ત્રધારિણી એક સંન્યાસીની છે.

ત્રિવેદીએ આ સ્વપ્નનો અર્થ એવો ઘટાવ્યો કે સંન્યાસ લેવાની ઉંમર સુધી અમારું જોડું ખંડિત નહીં થાય ફરી પાછી એની શ્રદ્ધા વધી ગઇ એમ કરતાં ડિલીવરીનો સમય આવી પહોંચ્યો. ડોકટરે અગમચેતી વાપરી સિઝેરિયન કરી બાળકને જન્મ આપ્યો.

મા અને બાળક બન્નેની તબિયત સારી હતી. થોડા દિવસ પછી ત્રિવેદી પ્રમીલાબહેનની તબિયતનું ચેકિંગ કરાવવા લઈ ગયો. કાડિયોગ્રામ લેવડાવ્યો તો....તો આ શો ચમત્કાર ? હૃદય તદ્દન નોર્મલ હતું. ડોકટરે કહ્યું, "બહેનને હાર્ટની તો કોઇ જ બીમારી નથી". ડોકટરનું નિદાન સાંભળતા ત્રિવેદીનો કંઠ આંસુઓથી રૂંધાઇ ગયો. મા ગાયત્રીની કૃપાનો આ ચમત્કાર અનુભવતું એનું હૃદય ભક્તિભાવના પૂરમાં વેગથી તણાઈ રહ્યું હતું અને આંખમાંથી ખરખર આંસુઓ વહેતાં હતાં.

Scanned by CamScanner

## ૨૦. પાંચ પાંચ વર્ષથી નાકમાંથી વહેતું લોહી ગાયત્રીમંત્રના રટણથી બંધ થઈ ગયું....

બાળકને માટેની પ્રીતિ આજના આધુનિક ગણાતા સમાજમાં ઉત્તરોત્તર ઓછી થતી જાય છે. એ માટે જવાબદાર એવાં બે કારણો હોઈ શકે, એક તો પશ્ચિમની સંસ્કૃતિના અનુસરણમાં આપણે ત્યાં પણ બુદ્ધિશાળી શિક્ષિત અને આધુનિક ગણાતા ઉપલા વર્ગમાં વ્યક્તિવાદી વલણ વધતું જાય છે, પરિણામે બાળકના લાલનપાલન કરવા કરતાં, એવી પળોજણમાં પડવા કરતાં, ખાઈપીને લહેર કરવી શી ખોટી એવું ભોગવાદી માનસ વ્યાપક બનતું જાય છે. આ એક કારણ ઉપરાંત કુટુંબને નાનું અને મર્યાદિત રાખવાની જરૂરિયાતની આડપેદાશરૂપે પણ બાળકો તરફની અરુચિ ઊભી થતી જોવા મળે છે.

જૂના જમાનામાં બાળકો માટે લોકો ભારે દુઃખ વેઠવાની તૈયારી દાખવતા હતા. આજે પણ એવી તૈયારી ગરીબ અને અશિક્ષિત ગણાતા, ઓછું ભણેલા કુટુંબોમાં જોવા મળતી હોય છે. શિક્ષણની સાથોસાથ અનુચિત સંસ્કારોનો સુમેળ જ્યાં સધાયો હોય છે, એમાં આધુનિક કુટુંબોમાં પણ બાળકો પ્રત્યેની ઊંડી મમતા અને કાળજી જોવા મળે છે, પણ આવાં ઉદાહરણો આધુનિક સમાજમાં ઓછાં જોવા મળે છે. મોટે ભાગે તો બાળકો પ્રત્યેની ઉપેક્ષાની ફરિયાદ જ વધારે જોરથી ચોતરફ સંભળાય છે.

Scanned by CamScanner

અહીં રજૂ કરેલો કિસ્સો એક ગરીબ પોસ્ટમેનનો છે. મા ગાયત્રીની કૃપાથી એમના દીકરાને અસાધ્ય એવો રાજ-રોગ મટી જવા પામ્યો, તેની હકીકત એમના પોતાના શબ્દોમાં અત્રે રજૂ કરી છે. શ્રદ્ધા કેવા કેવા ચમત્કારો કરી દેખાડે છે એનું આ એક જ્વલંત ઉદાહરણ છે.

ગાયત્રી મંત્રની પૂરી શ્રદ્ધાપૂર્વક કરેલી સાધના ગમે તેવાં દુઃખોમાં પણ માણસને સથિયારો પૂરો પાડે છે. એક સાધનસંપત્તિ વિનાના પોસ્ટમેનના દીકરાને રોગમુક્ત મુક્તિ અપાવવામાં મા ગાયત્રીની કૃપા કારણરૂપ બની છે. તદ્દન સાદીસીધી ભાષામાં લખાયેલો એ આખો કિસ્સો એક બાપના હૃદયની ઉપકારવશતા તો પ્રગટ કરે જ છે પણ સાથે ગાયત્રીમંત્રના મહાત્મયને પણ સરળતાથી રજૂ કરે છે, એ કિસ્સો આ રહ્યો.

મારો છોકરો નામે પ્રકાશ રામચંદ્ર શીંદે. પિતા રામચંદ્ર કાશીરામ શીંદે રહેવાસી નાનપુરા સુથાર મોહલ્લો સુરત. ઉપર જણાવેલ મારો છોકરો ઉ. વ. ૧૧ને આજે પાંચ વર્ષથી નાકમાંથી લોહી નીકળતું હતું. તે પાંચ, છ, કલાક સુધી એકસરખું નીકળ્યા જ કરે. મેં સુરત ખાતેના નાક, કાન, ગળાનાં સ્પેશ્યાલીસ્ટ ડોકટરોની ટ્રીટમેન્ટ લીધી પરંતુ લોહી બંધ ન થયું તે ન જ થયું. ઘણાં ભગતો, ભુવાઓના પણ ઉપચારો કર્યા તેમનાથી પણ એને કંઈજ ફેર પડયો નહીં. ડોકટરોએ કહ્યું આવો રોગ રાણી ઈલીઝાબેથના કુટુંબમાં હતો. એવા રજ-

વાડાનાં માણુસો આ રોગને ન પહોંચી શકયા. મને કહેવામાં આવ્યું આ તો એક કાચના વાસણ જેવી સ્થિતિ છે. આવા શબ્દો સાંભળ્યા બાદ કયા માબાપોને પોતાના બાળક પ્રત્યે કરૂણા ન થાય ? હું મારા છોકરાં માટે ઘણો જ મુંઝાતો હતો. છોકરા માટે શું કરવું એનો જ વિચાર કર્યાં કરતો. હું એક ગરીબ પોસ્ટ ખાતાનો સોર્ટીંગ પોસ્ટમેન છું. આવા રોગમાંથી છોકરો સારો થાય તેનાં માટે પૈસા ટકાથી પણ મુંઝાયા કરતો. કન્સલ્ટીંગ ડૉકટરોની ટ્રીટમેન્ટ લેવી એ ગરીબ માણુસોને કંઈજ ગજ નથી. હું હતાશ થઈ ગયો હતો. મારા વાંચવામાં આવેલું કે સંસારી માણુસોએ ગમે તેવી મુસીબતોમાં આવે તો હતાશ થવું જોઈએ નહીં. હું વારાછારોડ પોસ્ટ ઓફિસમાં સોર્ટીંગ પોસ્ટમેન તરીકે કામ કરૂં છું ત્યાં સુરત ટેક્ષટાઈલ મિલમાંના એક પટાવાળા ભાઈશ્રીએ મને કહ્યું, અમારી મિલમાં આચાર્ય શાસ્ત્રીજી ગાયત્રી માતાના ઉપાસક પધાર્યા છે. ત્યાં તમો આવો ટાઈમ અપૂરતો હોવાથી હું મારા બાળકને તેમના પાસે લઈ ગયો તો નહીં પરંતુ હું પોતે તેઓશ્રી પાસે ગયો મારો નંબર આવતા મારા બાળકની જે લોહી પડવાની બીમારી હતી તે બાબત પર મેં તેમને જણાવ્યું. મને તેમના તરફથી ગાયત્રી માતાનો ફોટો મળ્યો તેમજ ગાયત્રી માતાની ચોપડી મળી. તેમના નિયમો મેં વાંચ્યાં. મને જે દિવસથી માતાજીનો ફોટો આપ્યો તેજ દિવસથી મેં માતાજીના મંત્રો બોલવાના ચાલુ કર્યા. તે દિવસથી તે આજદિન સુધી છોકરાનું વહેતું લોહી બંધ થયું. મારા મંત્રો મેં

Scanned by CamScanner

વાડાનાં માણસો આ રોગને ન પહોંચી શકયા. મને કહેવામાં આવ્યું આ તો એક કાચના વાસણ જેવી સ્થિતિ છે. આવા શબ્દો સાંભળ્યા બાદ કયા માબાપોને પોતાના બાળક પ્રત્યે કરૂણા ન થાય? હું મારા છોકરાં માટે ઘણો જ મુંઝાતો હતો. છોકરા માટે શું કરવું એનો જ વિચાર કર્યાં કરતો. હું એક ગરીબ પોસ્ટ ખાતાનો સોર્ટીંગ પોસ્ટમેન છું. આવા રોગમાંથી છોકરો સારો થાય તેનાં માટે પૈસા ટકાથી પણ મુંઝાયા કરતો. કન્સલ્ટીંગ ડૉકટરોની ટ્રીટમેન્ટ લેવી એ ગરીબ માણસોને કંઈજ ગજ નથી. હું હતાશ થઈ ગયો હતો. મારા વાંચવામાં આવેલું કે સંસારી માણસોએ ગમે તેવી મુસીબતોમાં આવે તો હતાશ થવું જોઈએ નહીં. હું વારાછારોડ પોસ્ટ ઓફિસમાં સોર્ટીંગ પોસ્ટમેન તરીકે કામ કરૂં છું ત્યાં સુરત ટેક્ષટાઈલ મિલમાંના એક પટાવાળા ભાઈશ્રીએ મને કહ્યું, અમારી મિલમાં આચાર્ય શાસ્ત્રીજી ગાયત્રી માતાના ઉપાસક પધાર્યા છે. ત્યાં તમો આવો ટાઈમ અપૂરતો હોવાથી હું મારા બાળકને તેમના પાસે લઈ ગયો તો નહીં પરંતુ હું પોતે તેઓશ્રી પાસે ગયો મારો નંબર આવતા મારા બાળકની જે લોહી પડવાની બીમારી હતી તે બાબત પર મેં તેમને જણાવ્યું. મને તેમના તરફથી ગાયત્રી માતાનો ફોટો મળ્યો તેમજ ગાયત્રી માતાની ચોપડી મળી. તેમના નિયમો મેં વાંચ્યાં. મને જે દિવસથી માતાજીનો ફોટો આપ્યો તેજ દિવસથી મેં માતાજીના મંત્રો બોલવાના ચાલુ કર્યા. તે દિવસથી તે આજદિન સુધી છોકરાનું વહેતું લોહી બંધ થયું. મારા મંત્રો મેં

Scanned by CamScanner

ચાલુ જ રાખ્યા છે. મારે સવારે છ વાગ્યે મારી ફરજ પર હાજર થવાનું હોવાથી હું વહેલી સવારે સૂર્યોદય થાય તે પહેલાં મંત્રજાપ કરી શકતો નથી. પરંતુ મારી પવિત્ર ભાવના અને શ્રદ્ધા એમનામાં છે. તો હું સવારે રસ્તે ચાલતાં ચાલતાં પણ મનમાં ને મનમાં મંત્ર બોલ્યા જ કરૂં છું. અત્યાર સુધી તો માએ લોહી નીકળતું બતાવ્યું નથી. માતાજી પાસે મારી પ્રાર્થના છે એ રોગ ખરેખર કાયમનો મટી જાય."

"ફેઇથ હિલીંગ" કે શ્રદ્ધાથી થતી રોગમુક્તિના આવા અનેક ચમત્કારો તમામ દેશોમાં, તમામ પ્રજાઓમાં જોવા મળતા હોય છે. માણસ કયો મંત્ર રટે છે એ એને માટે મહત્ત્વનું નથી, ખરેખર તો એ કેટલી શ્રદ્ધાથી શ્રદ્ધાપૂર્વક પોતાના અહંકારને ત્યજી, પરમ તત્ત્વની પાસે માથું ઝુકાવી ઊભો રહી જાય છે એ વાત મહત્ત્વની હોય છે.

ભારતની પ્રજાને ગાયત્રી મંત્ર એના મહાન મુનિજનો પાસેથી વારસામાં મળ્યો છે, એનું પૂર્ણ શરણાગતિ સાથે થયેલું રટણ આ પ્રકારના અનેક ચમત્કારો કરી દેખાડે છે.

---

Scanned by CamScanner

## ૨૧. એ બહેનની બંધ થઇ ગયેલી વાચા મા ગાયત્રીની કૃપાથી ખુલી ગઇ........

માનવીના અનેકાનેક પ્રયત્નોને જ્યારે કાંઈ પણ સફળતા મળતી નથી,, ત્યારે અત્યંત સ્વાભાવિક રીતે જ એનું મન દેવને રીઝવવા તરફ વળે છે. માણસના જીવનમાં આવતા આધિ, વ્યાધિ અને ઉપાધિના આવા પ્રસંગોએ જ્યારે મતિ મૂઢ થઇ જાય, બાહ્ય પ્રયત્નો વૃથા થાય અને કેવળ અંધકાર સિવાય કશું પ્રત્યક્ષ ન દેખાય ત્યારે માણસ શ્રદ્ધાના કોઈ આસનનો સહારો લઈ કળણ સમા દુઃખના દોઝખમાંથી ઝાંવાં મારી બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. અને આવા પ્રસંગોએ હૈયામાં દૃઢમૂલ બની બેઠેલી આસ્થા ચમત્કાર સર્જે, ત્યારે દેવની આશિષ પ્રત્યક્ષપણે ફળતી અનુભવાય છે.

ઉત્તર ગુજરાતના એક તાલુકા મથકમાં સરકારી અધિકારી તરીકે કામગીરી બજાવતા એક સદ્‌ગૃહસ્થે પોતાની પત્ની પર આકસ્મિક આવી પડેલી આપત્તિ ટાણે મા ગાયત્રીનું શરણ લઈ, એ ઉપાધિમાંથી મહદંશે જે મુક્તિ મેળવી અને તે અગાઉ એમણે એ બીમારીને હઠાવવા જે અપૂર્વ સંઘર્ષ ખેડયો તેની કથની એ અધિકારી શ્રી. આપાભાઈ કાશીભાઈ પટેલના પોતાના જ શબ્દોમાં ઉચિત સુધારા સાથે અત્રે રજૂ કરી છે.

“૧૯૭૭ના જાન્યુઆરીની ૧૩મી તારીખે સવારે આશરે સાડા ચારથી સાડા પાંચ વાગ્યાની વચ્ચે મારાં પત્ની

Scanned by CamScanner

એકાએક તદ્દન અવાક થઈ ગયાં. બોલવાનું બિલકુલ બંધ થઈ જતાં એમણે મને લખીને જણાવ્યું કે, 'મારાથી બોલી શકાતું નથી.'

શરૂઆતમાં મેં માન્યું કે ઠંડીના હિસાબે બોલી શકાતું નહીં હોય, થોડા વખતમાં એ તો ઠીક થઈ જશે, અને બોલી પણ શકાશે. થોડાક દિવસો સ્થાનિક ડોકટરોની દવા કરી, પરંતુ કશો ફેર પડયો નહીં અને પછી તો અનાજ લેવાવાનું પણ બંધ થઈ ગયું. તેઓ ફક્ત દૂધ લઈ શકતાં. પરિસ્થિતિ આટલી હદે પહોંચતાં શહેરમાં લઈ જઈ ગળાના નિષ્ણાત ડોકટરોને પણ વારાફરતી બતાવ્યું. ત્રણેક આવા સ્પેશ્યાલીસ્ટોને દેખાડયાં ને સૂચવેલી દવા કર્યા છતાં કશો ફેર પડયો નહીં. મોટી હોસ્પિટલમાં પણ ગળાના દાકતરોને દેખાડયું. ગળાના તથા મગજના ફોટાઓ લીધા, યુરીન ટેસ્ટ અને બ્લડ ટેસ્ટ પણ લેવામાં આવ્યો, પરંતુ આ કયો રોગ છે તેનું નિદાન થઈ શકયું નહીં.

અનાજ પણ લેવાતું ન હતું અને બોલાતું પણ ન હતું. દર્દીની હાલતમાં કોઈ પણ પ્રકારનો સુધારો થતો ન હતો, અને દિવસે દિવસે દર્દીની હાલત કથળતી જતી હતી, છેવટે મુંબઈ લઈ જઈ મોટી હોસ્પિટલોમાં દેખાડવાનું અમે સૌ કુટુંબીજનોએ નક્કી કર્યું.

મુંબઈમાં તાતા હોસ્પિટલ તેમજ જશલોક હોસ્પિટલ બંનેમાં દેખાડયું. ત્યાં પણ પેશાબ અને લોહીની પરીક્ષા કરવામાં આવી, તે ઉપરાંત ગળા, મગજ વગેરેના ફોટાઓ

Scanned by CamScanner

પણ લીધા. ત્યાંથી એવો રિપોર્ટ મળ્યો કે મારી પત્નીને કેન્સર નથી, લકવો પણ નથી, અરે, કોઈ રોગ જ નથી!

આમ રોગનું કોઈ નિદાન જ ન થઈ શક્યું અને દર્દીની હાલતમાં કોઈ પણ પ્રકારનો સુધારો વર્તાતો ન હતો. પછી તો જે કોઈ સારા ડોકટરનું કે જે કોઈ સારી હોસ્પિટલનું નામ સાંભળીએ ત્યાં ત્યાં દોડી જવાનું ચાલુ કર્યું. પરંતુ દર્દ પકડાતું નહોતું અને દવાની કોઈ કારી ફાવતી ન હતી. છેવટે દવાઓથી ફેર ન પડતાં, કેટલાક મિત્રોની સલાહથી, આશામાં ને આશામાં મંત્ર–તંત્રની અજમાયેશ શરૂ કરી.

વડોદરામાં આવેલ વારસીયાના અંબાજી માતાના પૂજારી પાસે તથા વડોદરા નજીક ગોરવા ગામના જોરાવર પીરના મુંજાવર પાસે તથા વાઘોડીયા પાસે આવેલ આમલીપુરા ગામે પણ દર્દીને લઈ જવામાં આવેલ પરંતુ દર્દીની પરિસ્થિતિમાં કોઈ ફેર પડેલ નહિ.

યુ. પી.ના વતની પરંતુ હાલ છોટાઉદેપુર રહેતા બારદાનવાળા રામયશ ત્રિપાઠી (પંડિતજી)ને બતાવવામાં આવ્યું. તેઓએ પોતાના મંત્ર–તંત્ર અજમાવતા દર્દી બિલકુલ અનાજ લઇ શકતાં ન હતાં તેના સ્થાને હવે દર્દી થોડું થોડું અનાજ લઇ શકવા શક્તિમાન બનતાં શરીરમાં થોડી શક્તિ આવી તેમજ દર્દી થોડા થોડા અમુક શબ્દો બહુ ધીરે ધીરે બોલવા શક્તિમાન બનેલ, આ રાહત પણ તે વખતે અમારા માટે નાનીસૂની ન હતી. પરંતુ હજુ જોઇએ તેવું બોલાતું ન હતું. દિવસો ઘણા પસાર થઈ

Scanned by CamScanner

ગયા હતા. બોલી ન શકવાથી મુંઝવણ ઘણી રહેતી હતી.

ચાંદલ ગામે એક અવધૂત મહારાજ રહે છે અને તેઓશ્રી મંત્ર–તંત્રના જાણકાર છે. તેવું જાણવા મળતાં તેઓની પાસે લઈ જવાનું નક્કી કરેલ. બે વખત મુશ્કેલીઓ આવતાં ચાંદલ ગામે લઈ જવાનું મુલત્વી રાખેલ, ત્રીજી વખત પાંચ-છ માઈલે અમારી જીપને અકસ્માત નડતાં અને દર્દીને હોઠે સખત વાગતાં સારું એવું લોહી નીકળેલ. દર્દીને હોઠે ટાંકા આવતાં ચાંદલ ગામે જઈ શકાયું નહિ. એકાદ માસ બાદ દર્દીને આરામ થઈ જતાં ચાંદલ ગામે લઈ ગએલ. તેઓએ પોતાના પ્રયત્નો કરેલ પરંતુ દર્દીને ખાસ ફેર ન જણાતાં તેમજ રસ્તો પણ તદ્દન કાચો હોઈ ફરીથી ગએલ નહિ.

આમ દવાઓ તથા મંત્ર–તંત્રના તમામ ઉપાયો અજમાવવામાં આવ્યા પરંતુ દર્દીથી બોલી શકાતું ન હતું. માજી તાલુકા પ્રમુખ શ્રી. શાં. ગો. પટેલે બદરીનારાયણના પંડિતજીનો સંપર્ક કરાવ્યો. શ્રી. પંડિતજી મારફત મહાલક્ષ્મીનાં અનુષ્ઠાન પણ કરાવ્યાં. દર્દી થોડા થોડા શબ્દો ધીમેથી બોલી શકવા માટે શક્તિમાન બનેલ પરંતુ તેથી પરિસ્થિતિમાં ખાસ ફેર પડેલો નહિ. તમામ શક્ય પ્રયત્નો કરવામાં આવેલ પરંતુ દર્દી હવે બોલી શકશે કે કેમ તે હવે શંકાસ્પદ જણાતું હતું. હવે કોઈ આશાનું કિરણ જણાતું ન હતું. એટલામાં મારી બદલી થઈ. નવા સ્થળે હાજર થઈ દર્દીની સારવાર માટે લાંબી રજા ઉપર ઉતરવાનું

Scanned by CamScanner

નક્કી કરેલ તે દરમ્યાનમાં 'સંદેશ' અખબારમાં શુક્રવારે એક લેખ આવેલો જોયો. એક છોકરાને બળદે વગાડતાં તે છોકરો તદ્દન અવાચક થઈ ગયેલો, પરંતુ ગાયત્રી માતાની કૃપાથી તથા પૂજ્ય શાસ્ત્રી મહારાજના પ્રયત્નોથી તે છોકરો પૂર્વવત બોલતો થઇ ગયેલ. છોટાઉદેપુરના પ્રાંત ઓફીસર સાહેબ શ્રી કાકા સાહેબે આ લેખ તરફ મારું ધ્યાન દોરતાં અને દર્દીને ત્યાં લઇ જવાની સલાહ આપતાં દર્દીને પૂજ્ય શ્રી શાસ્ત્રી મહારાજ પાસે લઈ જવામાં આવેલ અને ગાયત્રી માતાની અસીમ કૃપાથી તેમજ પૂજ્ય શ્રી શાસ્ત્રી મહારાજના પ્રત્યનોથી દર્દી પહેલાંની માફક પૂર્વવત સારી રીતે બોલતો થઈ ગએલ છે તેમજ તબીયત પણ પહેલાંની માફક સારી થઈ ગએલ છે.

આજના વિજ્ઞાન યુગમાં ખરેખર આ એક ચમત્કાર જ થયેલ છે, જ્યાં દવાઓ તથા મંત્ર–તંત્ર સફળ થયેલ નથી ત્યાં શ્રી ગાયત્રી માતાના અઠંગ ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રી મહારાજે દર્દીને શક્તિપ્રદાન સારવારથી સંપૂર્ણ પૂર્વવત બોલતો કરી દીધેલ છે અને દર્દીને લગભગ આઠ માસે નવું જીવન પ્રાપ્ત થયેલ છે.

Scanned by CamScanner

## ૨૨. મા ગાયત્રીની અપાર દયાથી અપંગ રેખા ફરી ચાલતી થઇ ગઇ

રેખાની ઉંમર હાલ સોળ વર્ષની છે. કિશોરાવસ્થામાંથી ધીમેધીમે એ બહાર નીકળી તરુણી બની રહી હતી. એની તનની અને મનની તંદુરસ્તી તદ્દન બરાબર હતી. સ્વાભાવિક નૈસર્ગિક ક્રમે થતા એના વિકાસમાં અત્યારલગી કોઇ વિઘ્ન આવ્યુ નહોતુ.

છેલ્લા એક વર્ષમાં અચાનક જ એક આપત્તિ ઊભી થવા પામી એને ચાલવામાં તકલીફ ઊભી થઈ. ઘૂંટણમાંથી હાડકુ વળવા લાગ્યુ હતું, એના કારણે એને ચાલવામાં ઘણી અગવડ ઊભી થઈ, એટલું જ નહીં પણ તે સાવ જ ચાલતી બંધ થઇ ગઇ.

પગના હાડકાનો પ્રશ્ન હતો એટલે હાડકા અંગેના નિષ્ણાત ડોકટરોને બતાવ્યુ, તો તેમણે ઓપરેશન કરાવી નાંખવાની સલાહ આપી. ઘરના સૌ મૂંઝવણમાં હતાં, પગનું ઓપરેશન કરાવવું કે કેમ? કરાવવું તો કયા ડોકટર પાસે કરાવવું? એમ કરવા જતાં મટવાને બદલે કશી ખોડ તો નહીં રહી જાયને? આવા આવા વિચારોમાં સૌ અટવાયેલાં રહ્યા ને તેમાં થોડો વિલંબ થયો, દરમિયાન રેખાના ચહેરા પર સોજા દેખાવા લાગ્યા, ચહેરો ખૂબ ભારે ભારે થઈ ગયો.

હવે વાત વધુ વણસી. ચાલવાનું તો બંધ હતુ જ, ત્યાં વળી ચહેરા પર સોજા આવ્યા. ડોકટરને દેખાડ્યુ

Scanned by CamScanner

તો કહે લોહી અને પેશાબની ચકાસણી કરાવવી પડશે. એ પ્રમાણે ટેસ્ટ લેવડાવ્યા, પણ લોહી અને પેશાબનો રિપોર્ટ અસ્પષ્ટ આવ્યા. એ જ રીતે એક્સરે પણ લેવડાવ્યો તો તેમાંથી પણ સ્પષ્ટ કશી સમજણ પડી નહીં, એટલે છેવટે હોસ્પિટલમાં લઈ જઈ ઓર્ટોગ્રાફી કરાવી એની ઉપરથી એવું માલૂમ પડ્યું કે રેખાની કીડનીમાં ખરાબી છે.

એટલે હવે રેખાને કીડનીના સ્પેશ્યાલીસ્ટને દેખાડવા લઈ ગયા. એમણે રેખાને તપાસી અને કેસ-હિસ્ટ્રી જોઇ અત્યંત નિરાશાજનક ઉદ્ગારો કાઢયા.

એક આશાસ્પદ યુવતી બની રહેલી તેજસ્વી રેખાનું ભાવિ ઘરનાં સૌ કોઈને તદ્દન અંધકારમય દેખાવા લાગ્યું, ઘરનાં સૌ અત્યંત ગંભીર બની ગયાં, રેખાની બીમારી વિષે ભલે એ લોકો ખૂબ ચર્ચાઓ નહોતી કરતાં, પણ એ બીમારીની ચિંતા સૌનુ હૈયું કોરી ખાતી હતી. ઘર આખા પર ઉદાસીનો એક જબરજસ્ત ઓથાર છવાઈ ગયો હતો.

તા. ૩૦–૧–૧૯૭૬ના રોજ રેખાને વધુ ચકાસણી અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, એનો જે રિપોર્ટ આવ્યો તે ખૂબ ગંભીર હતો. રેખાના ઘરમાં 'સંદેશ' નિયમિત આવતું હતું. ઘરનાં સૌ દર શુક્રવારે 'અગોચર મનની અજાયબી' નો વિભાગ વાંચતા. મા ગાયત્રીની કૃપાથી કંઈક અસાધ્ય રોગની ભોગ બનેલી વ્યક્તિઓ સાજી થયાના કિસ્સા એ લોકો વાંચતા રેખા માટે પણ મા ગાયત્રીની કૃપા યાચવાનો વિચાર ઘરનાંને સૂઝયો. 'સંદેશ' માંથી શાસ્રીજીનું સરનામું મેળવવાનું એમણે વિચાર્યું.

ત્યાં યોગાનુયોગ એક સ્નેહી પાસેથી અમને શાસ્ત્રીજીનો પત્તો મળ્યો. રેખાને લઇ એ લોકો શાસ્ત્રીજી પાસે ગયાં. શાસ્ત્રીજીએ મા ગાયત્રીની એક છબી રેખાને આપી અને રોજ ગાયત્રીમંત્રની બે માળા કરવાની સૂચના આપી. અનન્ય શ્રદ્ધાપૂર્વક રેખા માળા કરવા લાગી, પરંતુ એનુ પરિણામ શૂન્ય હતું. આમ છતાં ઘરનાએ શ્રદ્ધા છોડી નહીં.

શાસ્ત્રીજીએ એક મહિના પછી ફરી મળવાનું કહેલું એટલે એ લોકો રેખાને લઈ એમને ફરી મળ્યાં. આ વખતે શાસ્ત્રીજીએ એક બીજી સૂચના આપી. રોજ રાતના નવ કાળી દ્રાક્ષ પાણીમાં પલાળી રાખી સવારે એને ચાવી જવાનું એમણે રેખાને કહ્યું સાથે જીવનજળની એક શીશી પણ ભરીને આપી અને તે રોજ સવાર-સાંજ એકેક ચમચી લેવાનું એમણે જણાવ્યું આ ક્રમ ચાલુ રહ્યો. જળ પૂરું થઈ જતાં એ લોકો બીજી વાર લઈ આવતા.

રેખાના પિતાજી પણ શ્રદ્ધાપૂર્વક રોજ મા ગાયત્રીની માળા કરતા. રેખાની માળા પણ ચાલુ જ હતી. તા. ૨૩–૯–૭૬ને ગુરૂવારનો તે દિવસ હતો. એકાગ્રચિત્તે રેખાના પિતાજી માળા કરી રહ્યા હતા, ત્યાં એમની સામે રાખેલી મા ગાયત્રીની છબીમાં માનાં દર્શન થયા. માતાજીનું મરક મરક મલકતું કેવળ મોં જ એમને દેખાયું. એ ચહેરા પર અનન્ય તેજ હતું. પિતાજીએ રેખાની માતાને બોલાવી આની વાત કરી. આ બનાવ પછી માતાજીમાં એમની શ્રદ્ધા અનેક ગણી વધી ગઈ. માના હસતા મુખમાં એમને આશાનો અણસાર દેખાયો હતો.

Scanned by CamScanner

આમ કરતા બે–સવા બે મહિના જેટલો સમય વીત્યો. માતાજીની ભક્તિ પૂરી શરણાગતિના ભાવ સાથે સતત ચાલુ જ રહી હતી. દરમિયાનમાં પલંગમાંથી ટેકા વગર ઊભી ન થઇ શકતી રેખા આપમેળે લંગડાતી લંગડાતી ચાલવા લાગી ગઈ હતી. સૌ હરખથી અને સંપૂર્ણ સાજા થવાની આશાથી એને જોઈ રહેતાં હતાં, કોઈ કંઈ બોલતું નહીં, આશ્ચર્યથી સૌ લગભગ દિગ્મૂઢ બની ગયાં હતા.

રેખા ઝડપથી ઘરમાં હરવા ફરવા લાગી ગઇ હતી જે ડોકટરની સારવાર આ સમય દરમિયાન ચાલતી હતી તેમની પાસે રેખાને લઈને હોસ્પિટલમાં ગયા ત્યારે ડોકટરે ખુરસીમાંથી ઉભા થઈ જઇ આશ્ચર્યથી ઉદ્દગાર કાઢયો "અરે રેખા ચાલતી થઇ ગઈ?" એમણે સૌને આવકાર આપ્યો અને રેખાની બીમારી દૂર થયા અંગે પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

રેખાની સારવાર તો ચાલતી જ હતી, પણ હવે જે લોહી પેશાબની ચકાસણીના રિપોર્ટ આવતા તે 'નોર્મલ' જણાવા લાગ્યા હતા રેખાની બીમારી સંપૂર્ણપણે દૂર થવા અંગે હવે ઘરમાં, પડોશમાં કોઈનેય લેશ પણ શંકા રહી નહોતી.

---

Scanned by CamScanner

## ૨૩. મૂંગા બની ગયેલા લાલજીની વાચા મા ગાયત્રીની કૃપાથી ખૂલી ગઇ

લાલજીની ઉંમર ૧૪ વર્ષની. હાઇસ્કૂલમાં એ ભણે. ભણવામાં એ ખૂબ જ હોંશિયાર, જેટલો એ ભણવામાં હોંશિયાર એટલો એ વાક્ચાતુર્યમાં પણ નિપુણ, શાળામાં અવારનવાર યોજાતી વક્તૃત્વ સ્પર્ધાઓમાં લાલજી તો ભાગ લે જ. એક ઠરેલ માણસની જેમ શાંત અવાજે અને હાવ-ભાવ સાથે એ બોલે, ત્યારે એના વર્ગશિક્ષકને તો ખૂબ આનંદ થાય, પણ એના વર્ગના તમામ વિદ્યાર્થીઓ પણ એને તાળીઓના ગડગડાટથી વધાવી લે.

અને જ્યારે બહારની સ્પર્ધામાં લાલજી વિજયી નીવડે કે એને કોઈ શિલ્ડ કે ટ્રોફી મળે ત્યારે તો આખી શાળાના વિદ્યાર્થીઓ એની પર વારી જાય અને બટુકડા લાલજીને ખભે ઊંચકી વિદ્યાર્થીઓનું ટોળું "હીપ હીપી હુરરે" કરતું પોતાની શાળામાં આવી પહોંચે. પોતાની વાણીને કારણે લાલજી નાની ઉંમરેય આખી શાળાનો માનીતો હતો, શાળા ઉપરાંત ગામના મેળાવડાઓમાં પણ નાનકડો લાલજી ભાષણ કરવા ઊભો થઈ જતો. સ્વાતંત્ર્યદિનની ઉજવણીના એક મેળાવડામાં તો એની જુસ્સાદાર જબાન પર હાજર રહેલા મામલતદાર સાહેબ પણ આફ્રીન પોકારી ગયા હતા, અને મામલતદાર સાહેબે જ્યારે લાલજીનો ખભો થાબડયો

Scanned by CamScanner

ત્યારે સભાની વચ્ચે ઊભડક બેઠેલા વાલજીની આંખો દીકરાની હોંશિયારી પર છલકાઈ ઊઠી હતી.

લાલજી ખૂબ વ્યવસ્થિત છોકરો હતો. દિવસ આખાનું કામ ટાઈમ ટેબલ મુજબ કરવાનો એ આગ્રહી હતો.

શાળાના આચાર્યશ્રીએ એમના એક વ્યાખ્યાનમાં સવારે વહેલા ઊઠવાની ને સાંજે કુદરતને ખોળે દૂરદૂર સુધી ફરવા જવાની હિમાયત કરી હતી. આચાર્યશ્રીની વાત લાલજીને ગળે એકદમ ઊતરી ગઈ હતી. એ રોજ સાંજે શાળાએથી આવ્યા બાદ હાથમોઢું ધોઇ, નાસ્તો કરી ગામને પાદર ફરવા નીકળી જતો.

એક દિવસની વાત છે. એ આ રીતે ફરીને પાછો આવતો હતો ત્યારે સામેથી દોડતા આવતા એક ભડકેલા બળદે એને શિંગડું માર્યું, અચાનક વાગેલા આ જોરદાર ધક્કાથી લાલજી નીચે પડી ગયો.

લાલજી નીચે પડી ગયા બાદ ઊભો થયો, તેને કંઈજ ઈજા થઈ ન હતી. પરંતુ તેની બોલવાની વાચા બંધ થઇ ગઇ. ત્યારબાદ દવાખાને બતાવ્યું. અઠવાડિયું રાહ જોઇ પરંતુ લાલજી બોલતો થયો નહિ. પછી તો વધુ સારવાર માટે તેને તાલુકાની હોસ્પિટલમાં દાખલ કર્યો પરંતુ તેને કાંઈ ફાયદો થયો નહિ. પછીથી તેને અમદાવાદ સારવાર અર્થે લાવવામાં આવ્યો ત્યારે તેની નજીકના સગાં એવાં એક બહેને લાલજીનાં માતા-પિતાને કહ્યું કે, મારી જ સોસાયટીમાં રહેતા ગાયત્રી-ઉપાસક શાસ્ત્રીજી પાસે આ

બાળકને લઈ જઈએ. બધેથી કંટાળેલા અને ચિંતાતુર મા-બાપે શાસ્ત્રીજી પાસે લઇ જવા હા પાડી. ત્યારબાદ તે બાળકને લઈને પુષ્પકુંજમાં કે જ્યાં શાસ્ત્રીજી દરરોજ મુલાકાત આપે છે ત્યાં પહોંચ્યા.

શાસ્ત્રીજીને તે લોકોએ વિગતવાર હકીકત કહી. શાસ્ત્રીજીએ કહ્યું, "મા ગાયત્રી પર અખૂટ વિશ્વાસ રાખો તે બાળકને ચોક્કસ રાહત આપશે."

ત્યારબાદ શાસ્ત્રીજીએ તે બાળકના માથા ઉપર હાથ મૂકયો, તેના વાંસામાં હાથ ફેરવ્યો અને પછીથી તે બાળકને "શક્તિપ્રદાનની" સારવાર આપવા માંડી.

"શક્તિપ્રદાનની" સારવાર બાદ બાળકને શાસ્ત્રીજીએ જે કાંઈ પ્રશ્નો પૂછયા તેના જવાબો તે બાળકે આપવા માંડયા. અને જે બાળક દસ મિનિટ પહેલાં મૂંગો હતો તે બાળક માતાજીની કૃપાથી બોલતો થઇ ગયો હતો. હાજર રહેલાં સર્વના આંખોમાં અશ્રુ ધસી આવ્યાં. એ સઘળાં શાસ્ત્રીજીનો આભાર માનવા લાગ્યાં.

શાસ્ત્રીજીએ કહ્યું કે, "આભાર તો "ગાયત્રીમાતાનો" માનવાનો હું તો એક સેવક તરીકે કાર્ય કરીને મારી ફરજ બજાવી રહ્યો છું."

Scanned by CamScanner

## ૨૪. તાંત્રિક પ્રયોગની ઘાતકતામાંથી મા ગાયત્રીના જાપથી એનો ઉગારો થયો

ચાલુ સાલના જાન્યુઆરી માસની આ ઘટના છે. તે વખતે ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજી સુરતની મુલાકાતે ગયેલા. સુરત ટેક્ષટાઈલ મીલ્સમાં એમનો ઉતારો હતો. મીલના કંપાઉન્ડમાં શિયાળાની એ વહેલી સવારે જ ગાયત્રીભક્તો અને શ્રદ્ધાળુઓની લાઈન લાગી ગઈ હતી. શાસ્ત્રીજીની રૂબરૂ મુલાકાત માટે એ સૌ પોતાનો ક્રમ આવવાની રાહ જોતા ઉભા હતા.

આ શ્રદ્ધાળુઓમાં એક યુવાન પણ હતો. મુલાકાત માટે એનો ક્રમ ૨૦૭ હતો, પોતાનો વારો આવ્યો ત્યારે એણે ખંડમાં પ્રવેશી શાસ્ત્રીજીને નમસ્કાર કરી લાગલો જ પ્રશ્ન પૂછયો, "શાસ્ત્રીજી આપ કોના આમંત્રણથી સુરત પધાર્યા છો ?"

એકાએક આવેલા આવા અણધાર્યા પ્રશ્નથી આસપાસ ઊભેલા સૌને આશ્ચર્ય થયું. શાસ્ત્રીજીએ એમની સામે મંદ સ્મિત વેરતા પૂછયું, "કેમ ? આવો પ્રશ્ન કરવો પડ્યો ?" યુવકના ચહેરા પર થોડી થોડી હઠ તરવરી ઊઠી. એણે ફરી એ જ પ્રશ્ન કરતાં કહ્યું, "ના પણ મને એ કહો કે આપ સુરત કોના આમંત્રણથી આવ્યા છો ?"

"ભાઈ, આમાં આમંત્રણનો સવાલ જ નથી, હું તો માતાજીનાં આદેશથી ચાલું છું. માનો આદેશ માથે ચઢાવી

Scanned by CamScanner

હું સુરત આવ્યો છું." શાસ્ત્રીજીની વાત પૂરી થતાં જ એ યુવક ઉત્સાહથી ઉછળી પડ્યો, "બસ, બસ, મારે આ જ જવાબ જોઈતો હતો. હું છેલ્લા પંદર દિવસથી માતાજીને પ્રાર્થના કરતો હતો કે મા, તું શાસ્ત્રીજીને સુરત મોકલી આપ? મારે એમને મળવું છે." પોતાના જીવનની કોઈ ધન્ય ક્ષણને માણી રહ્યો હોય એમ એ યુવાનનો કંઠ ગદ્ગદ થઈ ગયો અને આંખમાંથી સરરર કરતાં અશ્રુ ટપકી પડ્યાં.

શાસ્ત્રીજીએ એને આસન લેવા કહ્યું અને પછી એને એની કથની કહેવાની સૂચના આપી. એ યુવાને જે વાત રજૂ કરી તેની વિગતો નીચે પ્રમાણે છે.

"પાંચ વર્ષ પહેલા મારા ઘરમાં એક વિચિત્ર ઘટના બની ગઈ. મારા પિતા ખૂબ જ ધાર્મિક છે અને દાન–પુણ્ય યથાશક્તિ કરતા રહેવાનો એમનો નેમ છે. સાધુસંતોને મળવાની એમની લગની જબરી છે, એકવાર એમને બંગાળના એક મહાત્મા મળી ગયા. એ સાધુએ મારા પિતાજીને નવચંડી હોમ કરવાની પ્રેરણા આપી. યજ્ઞ શરૂ થયો, પણ ધાર્યા કરતાં ખર્ચ વધતું જ ગયું. મારા પિતા મૂંઝાઈ ગયા. એમણે વિનયપૂર્વક મહાત્માનું ખર્ચ બાબતે ધ્યાન દોર્યું, તો મહાત્મા છેડાઈ પડ્યા. વાત વણસી ગઈ, અને મહાત્માનો કોપ એટલો ઉગ્ર બની ગયો કે તેઓ જાત પરનો કાબૂ ગુમાવી બેઠા અને વૈરભાવનાના દોરવાયા એમણે એક તાંત્રિક પ્રયોગ શરૂ કર્યો.

Scanned by CamScanner

પ્રયોગનું લક્ષ્ય હું હતો. આંટી પાડનારનું ધનોત-પનોત કાઢી નાખવાની ધૂનમાં મહાત્માએ તાંત્રિક પ્રયોગ શરૂ કરી દીધો હતો. એ પ્રયોગના પરિણામે હોય કે પછી અકસ્માતથી હોય પણ એકવાર પડી જતાં મારો જમણો હાથ ભાંગી ગયો. બીજી એકવાર હું દાદર ઊતરતો હતો ત્યારે જાણે પાછળથી કોઇએ મને ધક્કો માર્યો અને હું પડી ગયો. પડયો પણ ભાગ્યયોગે મર્યો નહિ, હાથે ગંભીર ઈજા થઈ અને આઠ મહિના સુધી હાથને પ્લાસ્ટરમાં રાખવો પડયો.

હાથે પ્લાસ્ટર હતું તે દરમિયાન જ એકવાર ચાલતાં ચાલતાં જાણે કોઈએ પાછળથી ધક્કો માર્યો અને હું ઊંધે માથે ભોંય પર પડ્યો. ગળથૂથીમાં જ ધર્મના સંસ્કારો એટલે પડતાં જ મારાથી બૂમ પડાઈ ગઈ, 'મા'! ઊંધે માથે ભોંય પર પડયો હતો, નજર ધૂળમાં જડાઈ ગઇ હતી, વેદનાથી કાયા કણસતી હતી. આંખમાંથી આંસુ સરી પડ-વાની તૈયારી હતી. ત્યાં એક અચરજ જોયું. ધૂળમાં મારી આંખોની બરાબર સામે મા ગાયત્રીનું સ્વરૂપ ઊપસી આવ્યું હતું, મેં આંખો ચોળી, પણ માની મૂર્તિ તો એમની એમ જ રહી, પણ નીચે ગાયત્રી મંત્ર લખેલો પણ સ્પષ્ટ વંચાયો.

આ બનાવની મારા મન પર ખૂબ ઘેરી અસર થઇ. મેં ત્યારથી નિયમિત રીતે ગાયત્રીમંત્રનો જાપ કરવાનો શરૂ કર્યો. ધીરે ધીરે મારો હાથ સારો થતો ગયો અને સાથે બીજો એક વિચિત્ર ચમત્કાર પણ સર્જાતો ગયો.

Scanned by CamScanner

જ્યારે જ્યારે હું જાપ કરવા બેસતો ત્યારે મારી બંધ આંખો સામે મા ગાયત્રીનું સ્વરૂપ તો દેખાતું જ, પણ સાથે એક બીજો ચહેરો પણ સતત દેખાતો. માતાજીની સાથે આ બીજું કોણ દેખાય છે, તેની મને સતત મૂંઝવણ રહ્યા કરતી હતી. જ્યારે જાપ પૂરા થતા ત્યારે માતાજીની સાથે એ બીજો ચહેરો પણ આંખ સામેથી અદૃશ્ય થઇ જતો.

મનમાં ઘોળાતા આ ભાવને મેં તો માતાજી સામે રજૂ કરી દીધો, કે મા તારી સાથે આ બીજો ચહેરો દેખાય છે તે કોણ છે? અને આ પ્રશ્ન રજૂ કર્યાના બીજા જ દિવસે 'સંદેશ' તરફથી પ્રગટ થતા 'ધર્મ સંદેશ'નો ગાયત્રી અંક મારા હાથમાં આવ્યો. તેમાં શાસ્ત્રીજીની એક મુલાકાત છપાઇ હતી. અને તેમાં શાસ્ત્રીજીનો ફોટો પણ હતો! મેં ધારીને જોયું તો જાપમાં મને જે ચહેરો દેખાતો હતો તે આ જ! પછી જ્યારે હું સંધ્યા કરવા બેઠો ત્યારે મને એક ભણકારો સંભળાયો, "બેટા, તારા પ્રશ્નનો જવાબ મળી ગયો ને?" પછી મારી શ્રદ્ધા વધુ દૃઢ થઇ અને મારા જાપ ચાલુ જ રહ્યા.

'સંદેશ' માં અગોચર મનની અજાયબીમાં અવારનવાર પ્રગટ થતા રહેતા મા ગાયત્રીની કૃપાના પ્રસંગો હું વાંચતો હતો. મારી તબિયત બરાબર સારી થઈ ગઇ હતી. હવે પેલા ધક્કાના કે એવા કોઇ પ્રસંગો બનતા નહોતા. ઘરમાં પણ કશો ઉપદ્રવ નહોતો. તાંત્રિક પ્રયોગોથી પેલા મહાત્માએ જે કરવાં ધાર્યું હતું તે વિઘ્ન તો મા ગાયત્રીની કૃપાથી ટળી જ ગયું.

Scanned by CamScanner

પણ હવે મારા મનમાં શાસ્ત્રીજીના પ્રત્યક્ષ દર્શન કરવાની ઇચ્છા જાગી. અમદાવાદ જઇને મળવાનું મારે માટે શક્ય નહોતું. મેં તેમ છતાં અવારનવાર જવાનો પ્રયત્ન તો કરી જોયો પણ એમ થઈ શક્યું નહીં. એટલે પછી હું માતાજીને મનોમન પ્રાર્થના કરતો રહ્યો કે મા તું શાસ્ત્રીજીને જ સુરત મોકલી આપને ?

બરાબર પંદર દિવસની પ્રાર્થના પછી જાણવા મળ્યું કે શાસ્ત્રીજી સુરત આવી રહ્યા છે અને એટલે જ હું આજે આપને મળવા આવ્યો હતો અને આપ અહીં કોના આમંત્રણથી આવ્યા છો એ પ્રશ્ન પણ મારા પોતાના આત્મસંતોષ અને મારી શ્રદ્ધાની જાતપરખ માટે જ પૂછ્યો હતો."

ફરી નમસ્કાર કરી એ યુવાને વિદાય લીધી ત્યારે સાંભળનારાનાં હૃદય મા ગાયત્રી પ્રત્યેની ભક્તિથી આર્દ્ર બની ગયાં હતાં. શાસ્ત્રીજીની આંખો વિદાય લઈ ચાલવા માંડેલા એ યુવાનની પીઠ પર મંડાઈ ગઈ હતી.

---

Scanned by CamScanner

## ૨૫. મા ગાયત્રીની કૃપાથી વૈદ્યરાજનો જૂનો જ્વર દૂર થયો....

શ્રીભગવતી ગાયત્રી માની અથાગ શક્તિ છે જેનું વર્ણન થઈ શકે તેમ નથી. વેદો પુરાણો વેદ વ્યાસ વિશ્વામિત્ર આદિ સપ્ત ઋષિઓએ માની મુક્ત પ્રશંસા કરી છે આજે પણ અસંખ્ય ભક્તો ઉપાસકો શ્રી ગાયત્રીમાની ઉપાસના દ્વારા ખૂબ જ શાન્તિ મેળવી પ્રભાવિત થઈ અટલ શ્રદ્ધા ધરાવે છે. તેમના ચમત્કારોનું વર્ણન કરે છે. નિત્ય નવી અનેક લેખમાળાઓ લખી લોક જાગૃતિ અને શ્રદ્ધા ભક્તિની વૃદ્ધિ થાય એ રીતે પ્રકાશન થયા જ કરે છે.

અમદાવાદ ખાતે પૂ. ગાયત્રીમાના માઇ–ભક્તો ઘણીઘણી જગ્યાએ માઇમંડળો ચલાવે છે. કોઈ જગ્યાએ યજ્ઞાદિક વિગેરે થાય છે. એ બધું સંચાલન મા ગાયત્રીની કૃપાથી થયા જ કરે છે. પૂ. મા ગાયત્રી દુઃખ દારીદ્રનો નાશ કરી ઉત્તમ શક્તિને આપવાવાળાં છે. જે માઈભક્તોએ તે પ્રસાદી ચાખી હોય તેને જ ખ્યાલ આવે. છતાં આજનો કૃતયુગ અને શીઘ્ર પ્રવૃત્તિ અને ખેંચતાણ હોવા છતાં જે જે ભક્તો મા ગાયત્રીમાં અતૂટ શ્રદ્ધા ધરાવે છે તે જોઈ મને ઘણો આનંદ આવે છે અને એમાં પણ મા ગાયત્રીની કૃપા માનું છું.

હું ગાયત્રી ઉપાસક છું. વળી અવારનવાર મા ગાયત્રી વિષે અગોચર મનની અજાયબી વાંચું છું, અને આનંદ થાય છે. અહીં માની કૃપાનો એક પ્રસંગ આલેખુ છું. ઘણા લાંબા સમયથી હું બીમાર હતો. વખતોવખત તાવ આવી જાય અને શરદી કફ થયા કરે. અત્રેનું હવાપાણી જાણે માફક ન આવતું હોય એ રીતે દિવસે દિવસે શરીરમાં નબળાઇ આવતી જાય આમ થતાં લગભગ છ એક માસ પસાર થઇ ગયા, હવે તો શરીર અશક્ત થતું જતું હતું.

Scanned by CamScanner

ક્યાંય ચેન પડતું ન હતું. દવા લાગુ પડતી નહતી. આખો દિવસ પસાર થતો ન હતો. વખતોવખત હું પૂ. શાસ્ત્રીજીને વાત કરું. પણ કયાંય ચેન પડે નહીં. બહાર જવાની હિંમત ચાલે નહીં. ખોરાક લેવાય નહીં. દરેક રીતે પારાવાર થાક લાગતો જતો હતો. હવે તો ભગવતી મા ગાયત્રીમા બચાવે તો જ રસ્તો નિકળે એવી વાત હતી. મારું વતન મોરબી તરફ. ત્યાં મારૂં દેશી દવાખાનું છે. મારા બાબાની સરવીસ અહીં હોવાથી આવ્યો છું. ત્યાં દવાખાનું બંધ રાખું છું. શુદ્ધ આયુર્વેદનો મારો અનુભવ છે. મારા અનુભવની ઘણી દવાઓનો ઉપયોગ કરવા છતાં કાંઈ કારી ફાવતી ન હતી, છતાં શાસ્ત્રમાં કહ્યું છે કે દવા તો કરવી. ઈલાજ કરતા રહેવું. આ માન્યતાએ હું મારા નિત્ય નિયમ પ્રમાણે મારો કાર્યક્રમ ચાલુ રાખતો. છતાં કોઈ જરૂર ઉણપ રહેતી હોય તેની માફક મને કયાંય ચેન પડતું નહીં. ભૂખ લાગતી નહીં અને જેનાથી ખોરાક નહીં લેવાતાં શરીર અશક્ત થતું જતું હતું. આમ સમય પસાર થતો જતો હતો. પૂ. મા ગાયત્રીનું સ્મરણ જાપ જે થતા તે કર્યા જ કરતો હતો. કોઈપણ જાતનો શરીરમાં ફેરફાર થતો નહીં. અને દિવસે દિવસે શરીર નબળું પડતું જતું હતું. કોઈ કોઇ વખતે જીર્ણ જ્વર જેવી પણ અસર રહેતી મને થતું કે આ વખતે ઊભું થવું મુશ્કેલ છે. છતાં આપણે આપણા પ્રમાણમાં જે શ્રદ્ધા અને ભક્તિ છે તે ચાલુ જ રાખવી. જેવી ગાયત્રી માની ઇચ્છા. આમ થતાં લગભગ છ એક માસ પસાર થઇ ગયા. પૂ. શાસ્ત્રીજી મને વખતોવખત યાદ કરે. હું પણ પથારીમાં પડયા પડયા પૂ. શાસ્ત્રીજીને યાદ કર્યા કરું પણ અમારૂં બન્નેનું મિલન થવું કઠીન હતું. પણ મા ગાયત્રી ખૂબ દયાળુ છે અને મારા ઉપર એમની કૃપા છે.

Scanned by CamScanner

જ્યારે પૂ. શાસ્ત્રીજી તો આવડી નાની ઉંમરે મા ગાયત્રીને સાક્ષાત પામેલા છે એ વાત નક્કી છે.

એક દિવસ હું ખૂબ કંટાળી ગયો હતો. શરીરમાં કોઇ સુધારો નહીં. અન્ન લેવાય નહીં. અશક્તિ ખૂબ જ હતી. હવે તો પૂ. શાસ્ત્રીજીને કાલે પત્ર લખું કે આપ આવીને મળી જાવ. એવી ઇચ્છા છે બાકી હવે તો કોઈ ઇચ્છા નથી. આમ વિચારતાં વિચારતાં તંદ્રા અવસ્થામાં રાત પસાર કર્યે જતો હતો. મારા નાનાભાઇ પ્રવિણભાઇને મોકલું અને કહેવડાવું કે હવે તો વૈદ્યરાજ માટે તમારા આશીર્વાદની જરૂર છે. બીજો કોઈ રસ્તો નથી. વૈદ્યરાજ તમને ખૂબ જ યાદ કર્યા કરે છે. જેટલી વખત મા ગાયત્રીને યાદ કરે છે તેટલી વખતે તમને યાદ કરે છે. તો આપ આશીર્વાદ આપી જાવ. એવી એમની છેલ્લી ભાવના છે.

મનમાં અનેક તરંગો આવ્યા કરતા હતા. આમ થતાં નિંદ્રા આવી ગઈ. સ્વપ્નું આવ્યું. જ્યારે હું તથા મારા નાનાભાઇ અમે બન્ને પૂ. શાસ્ત્રીજીના ઘરે ગયા છીએ અને ત્યાં શાસ્ત્રીજી જાણે પૂજા કરે. પૂ. ભગવતી ગાયત્રી માની મોટી છબી છે તેની આગળ પાટલા ઉપર બેસી ઉઘાડે દિલે પૂજા કરી રહ્યા છે. અમે અંદરના રૂમમાં દાખલ થયા. પૂ. શાસ્ત્રીજી હસતા હસતા બોલ્યા. ઓહો વૈદ્યરાજ દાદા ઘણા વખતે. મારાથી કશું બોલાયું નહીં અને હું તો જતાંની સાથે પૂ. શાસ્ત્રીજી પાસે જઈ બેસી જ ગયો. મારા શરીર ઉપરથી, મારા ચહેરા ઉપરથી શાસ્ત્રીજીને જરા ચિંતા થઈ. આમ કેમ મેં જવાબ આપ્યો. જુઓ મા ભગવતીની ઇચ્છા. તબિયત છેલ્લા છ મહિના થયા ઠેકાણે આવતી નથી. દવાઓ કરૂં છું છતાં કોઈ રસ્તો જ નથી. વળી આપણે મળ્યા ને ઘણો વખત થયો હતો જેથી જીવ ખૂબ જ તણાતો હતો એટલે થયું કે લાવો છેલ્લા છેલ્લા પૂ. શાસ્ત્રીજીને મળી

Scanned by CamScanner

આવું. પૂ. મા ભગવતી ગાયત્રીના દર્શન કરી આવું એમ ધારી પ્રવિણભાઇ જોડે રીક્ષામાં આવી પહોંચ્યો છું.

મારી વાત સાંભળી પૂ. શાસ્ત્રીજીએ મા ગાયત્રી સામે જોઈ અને મને પૂજાનું ચરણામૃત આપ્યું. લ્યો દાદા માતાજીનું ચર્ણામૃત પીઓ. કશી ગભરાવાની જરૂર નથી. ગાયત્રી મા તમારી તબિયત જરૂર સુધારી દેશે. તમને જરા સંશય થયો છે. હવેથી જરાય સંશય ન કરતા. પૂર્ણશ્રદ્ધા રાખો. સકલ મનોરથને પૂર્ણ કરનાર છે, તો પછી તમારી સાધારણ તબિયત નરમગરમથી કેમ તમારૂ મન ડગાવી મુકો છો.

હસતે વદને પૂજા પાઠ સહિત મા ગાયત્રીના પૂજ્ય શાસ્ત્રીજીના દર્શન વાર્તાલાપ થતાં મારી એકાએક આંખ ઉઘડી ગઈ. જ્યાં ઉઠીને જોઉં ત્યાં બરાબર ઘડિયાળમાં સાડાચાર થયા હતા. આવું વિસ્મયપૂર્વકનું સ્વપ્ન આવતાં મને કોઈ અલૌકિક પ્રભાવ પડયો હોય એ રીતે સંપૂર્ણ આશ્વાસન મળી ગયું હોય તેમ શરીરમાં જેમ કોઇ નવું ચેતન રેડાયું હોય એ રીતે પ્રભાવ પડયો હતો.

આ પછીથી પૂ. ગાયત્રીમાના માનસિક જાપ કરતાં કરતાં ફરીવાર સુઇ ગયો. નિંદ્રા સંપૂર્ણ આવી ગઈ. સવારે બરાબર સાત વાગતાં ઊઠયો. ઊઠતાંની સાથે મારામાં કોઈ અદ્‌ભુત ચેતન આવી ગયું હોય એ રીતે શક્તિ દેખાવા લાગી અને ઊંઘમાં ગાયત્રીમાના દર્શન કરી થોડા ગરમ પાણીએ નાહી પરવારી ચાપાણી પીધા પછી મનમાં કોઈ અલૌકિક આનંદ આવવા લાગ્યો. બપોર થયા. થોડા દાળ-ભાત જમ્યો. ફરી આરામ કર્યો સાંજના બહાર નીકળવાની ઈચ્છા થઈ રાત્રે થોડું જમ્યો. શરીર બિલકુલ હલકું લાગવા લાગ્યું. જાણે મને કેમ તબિયત સુધારા ઉપર આવો જ ગઇ હોય એ રીતે ચમત્કારિક અસર થવા લાગી. આજથી દવાનું સેવન બંધ કરી દીધું. જો હવે મા ગાયત્રીમાનો હુકમ થશે

Scanned by CamScanner

તો દવા ખાવી જ નહીં તો ચલાવો. કયાં સુધી ચાલે છે

આમ ૯–૧૧–૭૬ના સ્વપ્નું આવ્યું અને ૧૮–૧૧–૭૬ના રોજ તો હું તથા મારા નાનાભાઈ પ્રવિણભાઇ બંને રીક્ષા કરી પૂ. શાસ્ત્રીજીના દર્શને ઉપડયા. પુષ્પકુંજ શેઠ શ્રી. રમણભાઈના બંગલે. અમે તો બરાબર ત્રણ વાગ્યે પહોંચ્યા ત્યાં તો સામેથી એક બેબીએ કહ્યું, પૂ. શાસ્ત્રીજી મુંબઇ ગયા છે. લગભગ ૨૨–૧૧–૭૬ સુધીમાં આવી જશે. મને થયું કે જેવી ભગવાનની ઈચ્છા.

અમો બીજી વખત જ્યારે પૂ. શાસ્ત્રીજી મુંબઈથી અત્રે આવી ગયા પછી તા. ૫–૧૨–૭૬ના રોજ ગયા ત્યારે અમારી બરાબર મુલાકાત થઈ ગઈ. મને ઘણા વખતે શાસ્ત્રીજી જોઈને ખૂબજ રાજી થયા. અને ખબર અંતર પૂછયા ત્યારે આખીયે હકીકતનું વર્ણન કર્યું.

મેં કહ્યું, એક મહિના આસપાસ થવા આવ્યું છે. જેમાં કોઈપણ જાતની દવા લીધી નથી. અને મારા શરીરમાં કોઈ ચમત્કારિક રીતે ફેરફાર થઈ રહ્યો છે. આપશ્રી જુઓ કે મારા ચહેરામાં કેટલો ફેરફાર દેખાય છે. શાસ્રીજી આખી હકીકત સાંભળી ખુશ થયા હતા અને કહ્યું કે, પૂ. ગાયત્રી માનો પ્રભાવ છે. અને તમારા ઉપર કૃપા થઈ છે. જેથી હવે તમે શ્રદ્ધા રાખજો. દવા કરવાની કોઈ જરૂર નથી.

દશ મિનિટના વાર્તાલાપ પછી મેં રજા માગી. આજે મારા શરીરમાં કુદરતી જ ફેરફાર થયા જ કરે છે. અનાજ લેવાય છે. શક્તિ જણાય છે. અને પૂ. શાસ્ત્રીજીની આજ્ઞા પ્રમાણે કાયમ દર્ભાસન ઉપર બેસી ગાયત્રી જાપ કર્યા જ કરું છું.

---

Scanned by CamScanner

વ્હાલાં ગાયત્રી માતાનાં બાળકો,

આ પુસ્તક વાંચી આપ મને મળ્યા સિવાય પણ ત્રિપદી ગાયત્રી મંત્રની ત્રણ માળા કરવાની શરૂ કરી દેજો.

આપને મને મળવાની આવશ્યકતા ઊભી થાય તો આપને મારું ભાવભીનું આમંત્રણ છે.

(૧) મને મળવાનું સરનામું : ૯, પુષ્પકુંજ સોસાયટી.
'બંસીધર'
કાંકરિયા મણીનગર,
અમદાવાદ.

**સમય** : બપોરના ૧૨ થી ૧૦૧ વ્યક્તિઓને મુલાકાત
શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ

(૨) આપના પત્રો હું વાંચીશ, પરંતુ આપ જવાબની અપેક્ષા રાખશો નહિ.

(૩) શારીરિક તકલીફ માટે જો આપને મને મળવાનું હોય તો સ્વચ્છ કરેલી ખાલી શીશી-બાટલી લઈને મળવું જેથી અભિમંત્રિત જળ આપી શકાય.

આશીર્વાદ
**શાસ્ત્રીજી**

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ-૨૨. ટે. નં. ૫૩૩૫૫-૫૨૪૯૫

Scanned by CamScanner